બનામે યઝદાંન

પાકજાદ પરીન.

નાટક ત્રણ અંકી.

વીકટોરીઆ નાટક મંડળીને સારૂં ખાસ રચીને જોડનાર—

રતનજી ફરામજી શેઠના

તે

જ્ઞાનચક્ર વાને ગુજરાતી સાઇકલોપીડિયા, ભુલથાપ નાટક, જેપાન ને જેપાનીજ, જેપાની ભાષા, સંજ્ઞાદર્શકકોશ, લોર્ડ બેકનના નિબંધ, સામાન્ય હુન્નરજ્ઞાન, ફોટોગ્રાફી, કાચકામનો હુન્નર, પોશાકની ફેશનનું શાસ્ત્ર, જામારપી, ચાઇનીઝ ટ્રેક્સ, જેપાની ભાષાનો ભોમિયો, વફાદાર યારબાજ, હકદારનો હક, એશિયાની સદગુણી બાનુઓ, મારી કોરેલીના નિતી વચનો, સુંદર હેલન, જુદદીન ઝઘડાનાં ગાયનો, આઇને અકબરી, નાજે નવાજ, રંગમાં ભંગ, ગુલખુશરો વગેરેનો રચનાર.

આવૃત્તિ બીજી.

પ્રગટ કરનાર:—
મંડળીના માલેક,
ખુરશેદજી મેહેરવાનજી બાલીવાલા.

મુમ્બઇ:
ફોર્ટ પ્રીન્ટીંગ પ્રેસ,
નં. ૧, પારસી બજાર, કોટ.
સને ૧૯૧૩ જાનેવારી.
કિંમત આઠ આના.

બનામે ચઝહાંન

પાકજાદ પરીન.

નાટક ત્રણ અંકી.

ઇરીશા નાટક મંડળીને સારૂં ખાસ રચીને જોડનાર—

રતનજી ફરામજી શેઠના

તે

જ્ઞાનચક્ર વાને ગુજરાતી સાઇકલોપીડિયા, ભુલથાપ નાટક, જેપાન ને જેપાનીજ, જેપાની ભાષા, સંજ્ઞાદર્શકકોશ, લૉર્ડ બેકનના નિબંધ, સામાન્ય હુન્નરજ્ઞાન, ફોટોગ્રાફી, કાચકામનો હુન્નર, પોશાકની ફેશનનું શાસ્ત્ર, જામારપી, ચાઇનીઝ ટેલ્સ, જેપાની ભાષાનો ભોમિયો. વફાદાર યારબાજ, હકદારનો હક્ક, એશિયાની સદગુણી બાનુઓ, મારી કોરેલીના નિતી વચનો, સુંદર હેલન, જુદદીન ઝઘડાનાં ગાયનો, આઇને અકબરી, નાજે નવાજ, રંગમાં ભંગ, ગુલખુશરો વગેરેનો રચનાર.

આવૃત્તિ બીજી.

પ્રગટ કરનાર:—
મંડળીના માલેક,
ખુરશેદજી મેહેરવાનજી બાલીવાલા.

મુમ્બઇ:
ફોર્ટ પ્રીન્ટીંગ પ્રેસ,
નં. ૧, પારસી બજાર, કોટ.
સને ૧૯૧૩ જાનેવારી.
કિંમત આઠ આના.

ફોર્ટ પ્રીન્ટીંગ પ્રેસમાં,
ગણપતરાવ રામાજીરાવે છાપ્યું છે.
નં૦ ૧ પારસી બજાર સ્ટ્રીટ કોટ, મુંબઈ.

નાટક પાત્રો.

મરદો.

સપલ.........શરત તથા દારૂના લખમાં પાયમાલ થયલો એક ગ્રહસ્થ, પરીનનો ભરથાર તથા બાનુનો બાપ.

જમશેદ.....પરીનનો આગલો આશક, પાછળથી દિલસોઝ મિત્ર.

બજો........સપલનો વફાદાર કારભારી, પરીન તથા બાનુનો મદદગાર.

ફીરોજ.....પોલીસનો ફાંસીઓ ફોજદાર, પરીનનો બદનીયત જુલમગાર આશક.

માકો......ફીરોજનો સાથી.

ડોસુ......પ્રથમ ફીરોજનો સાથી. પાછળથી ફીરોજનો વીરોધી અને સપલનો મદદગાર.

મેરવાનજી સોલીસીટર...ફરામ તથા નાજાંના મામા. પાછળથી સપલના સોલીસીટર.

ફરામ......એક કૉલેજયન, મેરવાનજીનો ભાણેજ, નાજાંનો ભાઈ.

નવલ
અદી. } ...ફરામના કૉલેજયન દોસ્ત.

ગુસ્તાદ ધામટ...મેરવાનજી સોલીસીટરનો ચકરમ સગો.

કાવલો......ફરામનો ચાકર,

મંચુ કરાકરી...મેહેરવાનજી સોલીસીટરનો કારભારી.

જહાંગીર...તરકટી વકીલ.

અન્તુન ફર્નાનદીઝ...પ્રથમ એક બોય, પાછળથી ડેનટીસ્ટ.

પાંડુરંગ...બેલીફ.

નાટકનાં પાત્રો.

ઓરતો.

પરીન......સપલની સદગુણી ધણીઆણી, બાનુની માતા.

બાનૂ... . સપલ તથા પરીનની નીરદોષ દીકરી.

નાજા......ફરામની બહેન, મેરવાનજીની ભાણુજી.

પીરોજા...મેરવાનજીની સગી, ફરામની ભત્રિષની ધણીયાણી.

એમિ... .....પીરોજ ફોજદારની પરણેતર.

ખુરશેદ ...એક સદગુણી ઓરત, પરીન તથા એમીની સહી.

નાહલી કાકી...ફરામ તથા નાજાનાં કાકી.

એ સિવાય દોલો, કાલો, રામલો, આયા, છોકરીઓ, પહરેણા, પોલીસ, સુબેદાર, સિપાઇ, જિનરિક્ષાવાલો, ગાડીવાલો વગેરે.

સ્થળ—મુંબઇ તથા પુના.

(પાકજાદ પરીન.)

પ્રથમ આવૃતિની

પ્રસ્તાવના.

નાટક વિષે સર હેન્રિ એરવીંગ નીચે મુજબ મત દર્શાવે છે:—

"નાટકને લોકો હાલી માન આપે છે એવું હું આજ સુધી સમજતો હતો, પણ હવે મારી એવી ખાત્રી થઇછે કે નાટકને અપાતું માન ઘણુંજ ઓછું છે. તે એથી પણ જયાદા અપાવું જોઇએ. નાટકની શરૂઆત કેમ કરવી ? તેનો છેડો કેમ લાવવો ? એ ઘણી વિચારવા જોગ બીકટ બિના છે. તરેહવાર સ્વભાવના પાત્રોના આનંદ, દુઃખ, શક, ગુસ્સો એમને ઉત્તમ પ્રકારે રજુ કરી તેની છાપ તમાશબીનોપર બેસાડવાની એક કળા છે, એટલુંજ નહિ પણ એ કળાનું વટીક એક અતિ નાજુક અંગ છે. નાટક વાંચ્યા કરતાં તેને જોવાથી તેની મનપર જોરાવર અસર થાય છે, નાટક રંગમાં આવતાં ચિત્ત બીજી બીજી વાતોમાંથી વેગળું થઇ તે નાટકનેજ ચ્હોંટી બેસે છે, અને હું એવી ભલામણ કરૂંછ કે છોકરાંઓને ચોપડીઓ ભેટ આપવી હોય તો સારા નિતીબોધક નાટકનીજ આપવી."

"સર્વેને દિલ બેહેલાવનાર અને ઉપયોગી જગ્યા હોય તો તે નાટકશાળા છે. ભાષા અને શીક્ષણનું જ્ઞાન નાટક જોવાથીજ મળી શકશે. કેમકે કેટલાક નાટકો વહેવાર બતલાવેછ, તો કેટલાક સંસાર સુધારા બતલાવેછ, કેટલાક તો હાસ્ય રસમાં અવધી કરે છે અને એવા નાટકોને સરવેનું ઉત્તેજન મળવું જોઇએ."

"નાટકશાળમાં માત્ર અનિતીદર્શક ખેલ રજુ કરી રંગભૂમીને વટળાવવી નહિં. કેળવણીનો ફેલાવો કરવા કેટલેક અંશે નાટકોજ મદદગાર થશે; આથી સારા નાટકોને પ્રથમ રેજીસ્ટર કરાવવા. જો નાટકોને અપાતું માન રાણી ઇલીઝાબેથના જમાનાથી ચાલુ છે; ત્યારે નાટકગૃહ હલકા લોકોનું ભવૈ સ્થાન નહિ કરતાં ભણેલાઓનું આરામસ્થાન થવું જોઇએ."

જાણીતા ખેલાડી અને લેખક મી૦ બીરબ્હોમ ટ્રી નીચે મુજબ કહે છે:—

"નાટકો પૈસા કમાવાની ઇચ્છાથી લખવા નહિ, તેમજ ભજવી બતાવવા પણ નહિ. કારણ, જેઓ પૈસા કમાવવા ખેલ લખે છે તેઓને પૈસાજ કમાવવા એકલા નાટકકારોના ટેસ્ટને વશ થવું પડે છે, અને પૈસા કમાવવા માટે ખેલ કરનારા મંડળીવાલા, તમાશબીનોના હલકા, બગડેલા ટેસ્ટના વિચારને વશ થઇ સારા નિતીબોધક ખેલ કરવાથી વેગળા જાય છે, ને પોતાના મન જોગો સુધારો વધારો આ નિતિની નિશાળમાં કરી શકતા નથી."

આ ખેલ 'એંડમેન કું૦' ને ઇ. સ. ૧૯૦૭ ની આખેરીની મોસમમાં મુંબઇના ગેઇટી થીએટરમાં "સીલ્વરકીંગ" નામે ભજવી બતાવતાં મેં જોયો. સીલ્વર કીંગની રચના અને 'પલૉટ' (નાટકયથાનક) મહને એટલો તો ગમયો કે આ ખેલ ઉપરથી પારસી સંસારી ખેલ ઉપજાવવાની મારી ઉત્કંઠા હું દાબી શકયો નહિ, અને તેથી છેક લંડનવેરથી આ ખેલની છાપેલી આખી ઇંગ્રેજી ચોપડી મંગાવી તરજુમા માસ્તર બનવા માટે તે આવે ત્યા સુધી થોભવાના ફાંફામાં નહિ પડતાં, મહારી નાકેશ યાદદાસ્ત ઉપરથી કાલ્પનિક રીતે આ ખેલ ઉપલા જોયલા પલૉટ ઉપરથી ઉપજાવી કાઢયો છે અને તેથી આ ખેલમાં એ ઇંગ્રેજી નાટકનો તરજુમો જોવામાં આવશે નહિ, જોકે રચના અને કૃતી તો અસલ 'પલૉટ' ને આબેહુબ મળતી રાખવા ઉપરાંત મારી નાકેશ શકતી મુજબ તેમાં વધુ કરૂણારસિક બનાવો આમેજ કીધા છે; તે અસલ ખેલ વાંચનાર યા જોનાર આ 'નકલ' ઉપરથી જોઇ શકશે.

આ ખેલ શરૂઆતથી આખેરી સુધી કરૂણારસિક બનાવોથી છલોછલ ઉભરાતો હોવાથી, મનને તાજગી અને ઉલ્હાસ આપવા તેમાં હાસ્યરસિક વલું એવું તો કલેજાં ઉઠલાવનાર આમેજ કીધું છે કે તે આ ખેલથી વેગળું નહિ પણ ખેલના મુખ્ય પાત્ર 'સપલ' ના એક ખયરખ્વાહ મેરવાનજી સોલીસીટરને અંગત લગતુંજ છે.

આવો એક જોરદાર પારસી સંસારી ખેલ હાલને કાજ રજુ કરી શકે એવી કુંપની જોતાં, પુરતા જાણીતા મી૦ ખુરશેદજી મેરવાનજી બાલીવાલાની પ્રખ્યાત "વીકટોરીયા નાટક મંડલી" જણાઇ, અને તેથી છેક ઈ. સ. ૧૯૦૭ ના નવેંબરની આખેરીમાં આ ખેલ જો. એ કુંપની ભજવી

બતાવે તો આપવાની ખ્વાહેશ બતલાવી અને તે વખતેજ મંજુરી મળવાથી એ સાહસીક કુંપનીને પોતાના નવા ઉર્દુ ખેલ રજુ કરવાની જરૂર હોવાથી, મારો આ 'પાકજાદ પરીન' નો ખેલ બે વર્ષે હાલમાં તખતાપર રજુ કરવાની તક મળી છે.

આ ખેલને સ્ટેજપર દરોબસ્ત બંદબેસ્તો અને વખતસર પુરો થાય એવો બનાવવામાં મી૦ ખુરશેદજી મેરવાનજી બાલીવાલાએ વખાણવા લાયક તકલીફ ઉઠાવી છે; એટલુંજ નહિ પણ આ ખેલમાંનાં અરધાં ગાયન આ લોકપ્રિય કવિ "રૈશન"ની કલમની જોડણીને આભારી છે. મી૦ બાલીવાલાએ આ ખેલ પાછળ જર અને જેહમત વાપરવામાં કશી બાકાત રાખેલી નહિ હોવાથી મહને તેની ફતેહે માટે શક નથી.

આ ખેલ ફકત બે માસની ટુંક, જીવતોડ રીહેરસલ પછી આ નાટક મંડળીના આગેવાન એકટર મી૦ હોરમસજી સાપુરજી તાંતરા પોતાની ચાલાક દેખરેખ અને દરેક રાહબરી તળે જે ટુંક મુદતમાં તેના પૂર બહારમાં રજુ કરી શકયા છે, તે માટે હું એમને જેટલો ધન્યવાદ આપું તેટલો થોડો છે, તેમ મારે તેમનો આભાર માનવો એ મારી ફર્જ છે.

"વિકટોરીયા નાટક મંડળી" હસ્તક આ ખેલ ભજવી બતાવવાની તક મને પેહેલવેહેલીજ મળી છે, અને તેવી તક મેળવી આપનાર અને મારો સંબંધ ગાડો બનાવનાર તેમજ; સલાહકાર મારા લાયકીવાલા મિત્ર મી૦ રતનશાહ બમનજી નીકલસનને હું આભારી છું.

છેલ્લે, આ ખેલને ટુંક મુદતની જેહેમતભરી 'રિહેરસલો' પછી રંગભૂમિપર ભજવી બતાવવા માટે જે ઉલટમંદીથી મંડળીનાં દરેક એકટ્રેસ તથા એકટરોએ પોતાની ફર્જનો હીસ્સો આપ્યો છે તેમનો હું વિશેષ આભારી છું.

લી૦ સેવક,

રતનજી ફરામજી શેઠના.

"બનામે યજદાન."

રતનજી ફરામજી શેઠના કૃત—

પાકજાદ પરીન.

અંક પેહલો—પ્રવેશ પેહલો.

—•••—

સ્થળ—શણગારેલું દીવાનખાનું.

[એક કોચપર પરીન બેસી ખોળામાં સુતેલી બાનુને ગાનુ ગાઇ પોઢાડે છે]

ગાયન.

પરીન—પોઢો પોઢોની મારાં, પ્યારાં, જાયાં માતનાં,
જુગ જુગ જીવજો, ગુણી નિવડજો.
રૂડાં સકરમી, બનજો ધરમી, ખુદા તું સુખ બક્ષજે.
રૂડાં મન ભલાંની ભલાઇમાં, રહે મન ખુદાની ખુદાઇમાં,
હરખે મન માતનાં—હરખે મન તાતનાં.
ખુદાની ખુદાઇથી, રાહત મન પામશે—પોઢો.

[ઉંઘમાં પડેલી બાનૂ સ્વપનામાંથી એકાએક ચોંકીને ઉઠેછ, પરીન ધભરાયછ.]

બાનૂ—(ચીસ પાડી) મમા! મમા!
પરીન—જીરે મરૂં? શું છે? શું છે મા?
બાનૂ—મમા, મ્હને બીહિક લાગેછ?
પરીન—દીકરી, ના બીહી, મમા ત્હારી પાસે છે. કાંય બીહેછ મા?
બાનૂ—તમે પાસે છેવો, તો મ્હને ગમેછ. માયજી, મ્હને કંઇ દેખાયું.
પરીન—દીકરા, તું સ્વપનામાં ચોંકી હશે મરૂં.
બાનૂ—હા, મેં ઘણોજ ખરાબ સ્વપનો જોયો.

પરીન—તેં શું જોયું દીકરી?

બાનૂ—મ્હને બિહીક લાગેછ, હું યાદ કરીને કહું.

પરીન—દીકરી, બીહિક ભરાઇ જશે તો દિલ ભરાઇ આવશે, યાદ કરીને કેહે, હું તને તેની સમઝ પાડસ એટલે તું ખુશી થશે.

બાનૂ—(યાદ કરીને) જાણે આપણા માથાંપર ધોધમાર વર્સાદ વરસી રહ્યોછ, તેવામાં એક મખમલી સાંપે ઝડપથી આવી મ્હારાં ને ત્હમારાં ગળાં આસપાસ વિંટળાઇ જઇ આપણને ગુંગળાવી નાખ્યાં. બાવા આપણને છોડવવા દોડી આવ્યા, પણ સાંપને ફુંફારા મારતો જોઇ હઠી ગયા, હું બીધી અને રડી પડી.

પરીન—દીકરા, એતો માત્ર ખિયાલ; એમાં બીહિવાનું શું?

બાનૂ—માયજી, હજી પપા નથી આયા કે?

પરીન—નહિ દીકરી, તું જમીને પોઢી જા. બાવા કલબમાં ગયા હશે, કદાચ આવતાં મોડુંબી થાય.

બાનૂ—મમા, પપા હંમેશાં મોડા આવે છે તે કંઇ સારા માણસ નહિ કેહવાય.

પરીન—દીકરી, એમ નહિ બોલીએ.

બાનૂ—મમા, તમે ગુસ્સે થાવોછ? તમે રોજ બાવાની વાટ જોયા કરોછ ને રડોછ, ત્યારે મહને પણ રડવું આવેછ.

બજો—બાઇ હાબ, પેલા જમહેજી હેઠ, તમુને મલવા માગે.

પરીન—(સ્વગત) એ મોડી રાતના મલવા માટે કાંય આયા હશે? (બજાને) જઇને કેહ કે, સહવારના સપલશાહ ઘેરમાં હોય ત્યારે આવજો.

બજો—તે મેં તેવણને એમજ કીધેલું, પણ તેવણ માને ત્યારે કની?

[જમશેદ બજાની રાહ જોઇ દાખલ થાય છે અને ઓવર કોટ તથા લાકડી બાજુએ મુકી બેસેછે.]

જમશેદ—પરીન, બેઅદબી માફ કરજે. ત્હારી નામરજી અને ત્હારા સપલની મનાઈ છતાં તને મળવા આવ્યોછ, તે માટે ખફા ના થતી.

પરીન—ભાઇ જમશેદ, તું આવ્યો તો ભલે, પણ તું જાણેછ તો ખરો કે સપલનો દાઢાબરીઓ મિજાજ કેવો છે? તે છતાં તું કાંય આવ્યો?

[બાનૂ પરીનને વળગી વાત સાંભળે છે.]

જમશેદ—પરીન, તું તેનાથી કેવી બીહેછ? પરણવા આગમચ જે ધણી ત્હારીપર ફુલનો વર્સાદ વરસાવવાની જુઠી ડફાંસ હાંકતો હતો તે આજે ત્હારી રતી ભાર પણ પરવા કરતો નથી, એ કેવી ઠગાઇ! નાકદર! નાતરસ!

બાનૂ—મમા, જોયાં એવણ પપાને નાકદર કહેછ તે? હુંબી નહિ કેહતીતી?

પરીન—ચુપ રેહ, દીકરી. જા, તું રમ. (જમશેદને) જમશેદ, મ્હારા માટે ગમે તે બોલ, પણ મ્હારા ધણી માટે એકબી આડો સુખન ના બોલતો.

જમશેદ—પરીન, તું મ્હારીપર ગુસ્સે ના થા. મ્હને ત્હારા માટે જે હજી દિલસોજ- લાગણી છે તેથી મ્હારાથી બોલાઇ જાયછ.

પરીન—જમશેદ, તને મેં મ્હારા સગા ભાઈનાજ પ્યારે ચ્હાયોતો, ને હજી પણ તેજ ચાહે ચાહતી રહીશ, મગર જ્યાં મ્હારૂં દિલ હતું ત્યાંજ મેં મ્હારી જનમની પાળ બાંધીછ.

જમશેદ—ને મેં પણ ત્હારા માટે કદી બદ વિચાર કીધો નથી. હુ એટલુંજ ચાહુંછ કે જેમ હું તને સદા યાદ કરૂંછ તેવીજ તું મ્હને યાદ કરતી રહી ભુલશે નહિ.

પરીન—મ્હારાં તનમાં જાન છે, ત્યાં સુધી હું તને નથી ભુલવાની [પરીન ઉઠી હાથ લાંબો કરેછ, જમશેદ શેકહેંડ કરેછ]

જમશેદ—ખુદા ત્હારો નિગેહબાન થજો, હું હવે રજા લેઉંચ. ત્હારો એકાંત વખત રોકયો તે માટે ફરીથી માફ માંગુંછ.

પરીન—ભાઇ, સધાવ. ખુદા ત્હારૂં ભલું કરશે.

[આગલા પ્યારની યાદથી જમશેદ પરીનનો હાથ છોડતો નથી. તેવામાં સપલ દાખલ થઈ બન્નેને જોઇ ચોંકીને શંકાશિલ બની બાજુએ રહી મનસે તાજુબ બનેછ.]

સપલ—(સ્વગત) હું આ શું જોઉંછ? ઓ ખુદા! (બાનૂને જોઇ) નાદાન બચ્ચાં સામે આવી નફટાઇ? (જાહેર થઇ) ઓહો! છેલબટાઉ મોહેના રાણી, કેમ છેવો? ચલાવો, ટાહેલાં ચલાવો.

પરીન—(ચોંકીને) સપલશાહ, એ શું બોલોછ?

જમશેદ—સપલશાહ, મ્હને માફ કરજો.

સપલ—માફીની કશી જરૂર નથી. (ઇન્કારથી હસીને) ચલાવો ત્હમારી વાત.

પરીન—સપલ, ત્હમે શું કેહવા માગોછ ? (બાનૂ દોડી જઇ સપલને વળગેછ.)

બાનૂ—પપા, ત્હમે કેટલા અવારા આયા? હું વાર જોઈ જોઇને સુઇ જતી હતી પણ—

સપલ—(ધિકકારથી હસીને) ચલાવ દીકરી—તું સુઇ જતી હતી પણ ત્હારા મમાનો ફારસ જોવા જાગતી હતી.

જમશેદ—એક નિર્દોશ બચ્ચાંના કાનમાં ઝેર રેડતાં જરા હોશ પકડો.

સપલ—(ગુસ્સાથી) ચૂપ, દગલબાજ, પ્યારની મીઠ્ઠી લેહજત ચોરી છુપીથી ચાખવી તેમાં શું પાપ નથી?

પરીન—સપલ એ શું બોલોછ ? અરે જમશેદ તો મ્હારા ભાઇ જેવો છે.

જમશેદ—સપલ, ત્હમે ત્હમારી ભલી બાનુંને ઘણો ગયરઈન્સાફ કરોછ, જુઠા શકમંદ બોહતાનની ત્હમે ત્હમારાં સુખનો નાશ કરોછ.

સપલ—બદમાશ, તું મ્હને શું શીખવેછ? શિખામણ આપવાથી હમેશાં ભલું કરી શકાતું નથી. ઘણી વખતે બેહરાને શિખામણ દીધાથી મોતી ધૂળમાં ફેંકી દીધા જેવું બનેછ.

[પરીન સપલને ગુસ્સે થયલો જોઇ, ગળામાં બન્ને હાથ ઓળવી મનાવેછ]

પરીન—મ્હારા ધણી, ત્હમે આપણા બજાને પુછો, હમારી પાસે એબી હતો

બાનૂ—પપા, ત્હમે માયજીને કાંય રડાવોછ ? મમા કેહછ કે સારાં માણસ બૈરીને કદી રડાવતાં નથી; ત્યારે તમે ખરાબ માણુસ કે ?

પરીન—ચુપ રેહ દીકરી.

સપલ—હં, એબી ઠીક. માયની ખ્રિફ લઇ કેમ લડવું તે આટલાં આવડાં ટેંગણુને પણ ઠીક શિખવ્યુંછ.

જમશેદ—મી૦ સપલશાહ, એ ખરૂં છે કે, ખુબસૂરતી, માયા અને સચ્ચાઇ, એ ત્રણે ગુણો એકજ માણુસમાં કદાચજ જોવામાં આવેછ.

સપલ—(ચિરડાઇને) બસ, હવે એક બોલબી ડાહપણનો ના કાઢતો. બદમાશ, તું મ્હારા ઘેરમાં શું જાણી રાતે દાખલ થયો, અને મ્હારી પરણેતર સાથે તું શું જોઇ છુટ લેતો હતો ?

જમશેદ—મ્હોડું સંભાળીને બોલ ! મે એક માયજણી બેહન કરતાં એને વધારે વહાલથી કદી ચાહી નથી.

સપલ—ચુપ, સરજોર? મ્હને શખવેછ? એક વખત (પરીનને બતાવી) એની ખુબસૂરતીના આપણે ત્રણ પુંજારી હતા; તેમાંના બે હાર પામ્યા, ને હું જીત્યો, તેથી ફીનો રાણી હવે મ્હારૂં ઘેર ભાંજવા માગેછ કે?

પરીન—(સ્વગત) ઓ ખુદા! આ કેવું બોહતાન? (સપલને) સપલ, હું યકીન ને કસમથી કહુંછ કે:—

સપલ—ત્હારૂં યકીન ને કસમ? જે જિગરમાં સરિયામ બેહયાઇ સમાઇ હોય ત્યાં યકીન ને કસમ કેવાં? આવી જબાંદરાજીનાં યકીની થીંગડાંથી હું ભોલવાઈ જનારો નથી.

જમશેદ—ત્યારે તું કેમ સમઝશે?

સપલ—(દાંત પીસીને) ત્હારાં લોહીથી. હવે મ્હને વધારે ના ઉકળાવ. અત્તર ઘડી ચાલતો થા. હવે પછી જો હું તને ફરીથી પરીન સાથે જોઇશ તો તારો જાન લઇ મ્હારો પ્રાણ ગુમાવીશ.

જમશેદ—તેમજ હું પણ અહીં કદી પાછો પગ મુકવાનો નથી. સપલ યાદ રાખજે કે કોઇ દિવસ તું આજના બોલ માટે પસ્તાશે, ને ત્યારેજ જાણુશે કે તેં ત્હારા એક સાચ્ચા દોસ્તને સદાનો ગુમાવ્યોછ. ખુદા ત્હારૂં ભલું કરજો.

[જમશેદ ગુસ્સામાં ઓવર-કોટ તથા લાકડી ભુલમાં મુકી જાયછ. સપલ વિચારમાં પડે છે, પરીન રડે છે, બાનુ ધભરાઇને માયને વળગી પડેછ.]

બાનું—મમા, વળી તમે રડોછ? પપાએ ફરી તમુને રડાવ્યાં?

પરીન—દીકરી, જા પોઢી જા. (બજાને) બજા, તું બુચીને લઇ જઇ પોઢાવ.

બજો—(બાનૂને પસવારીને) ચાલ, મ્હારી મા, હું તને ગીત ગાઇને પોઢાઉં.

બાનૂ—હું મમાં વગર નથી સુવાની.

પરીન—ચાલ દીકરી, આપણે સુઇ જઇએ (બાનૂની પાંખડી પકડી જતાં જતાં) સપલશાહ, ત્હમે ભુખા હશો, હાથ મોઢું ધોવો, હું જમવાની તૈયારી કરૂંછ.

[સપલના મનમાં હેત આવવાથી પરીનને તેડેછ.]

સપલ—પરીન, મ્હને ત્હારી સાથે બે વાત કરવીછ. (પરીન નજદીક આવે છે) તેં આય બદમાશની શા માટે રાતના મુલાકાત લીધી! તને મ્હારી યા ત્હારી ઇજ્જતની શું પરવાહ નથી?

[બજાથી સપલની ભુલ તામોશ ન થવાથી ખુલાસો કરે છે.]

બજો—બેઅદબી માફ કરજો હું હેઠ. હું બુઢ્ઢું મનીખ છું. મારૂં હાંભલો તો બહુ હારૂં. મ્હારાં બાઇ તો કેની એક ફરેસ્તા જેવાં પાક ને હાફ દિલનાં છે હો. આ જમહેદજી હેઠ મળવા આવેલા ને એવણ અમથી વાત કરતાં ઉતાં.

સપલ—તું ત્હારે કામે જા, હું તારી સાક્ષી માંગતો નથી.

બજો—લો હાબ હું ચાયલો; પણ નિરદોહને દોહિત ગણહો તો મરગર-જાન ગુનાહ લાગહે હો? (બાનૂને બજો સાથે લઇ જાય છે, સપલ ચિરડાય છે.]

સપલ—(પરીનને નોકર નફર જાણે મોટાં વડાં વડેરાં હોય તેમ મ્હને શિખામણ આપેછ!

પરીન—સપલ, તમે હવે દિનપર દિન કેવા સખ્ખત દિલના ને વેહેમી બનોછ? અરે અગાઉ જે તહમે મ્હારો પડયો બોલ ઉંચકી બધી વાત માનતા હતા, તે આજે મ્હારા કસમો યા એકરાર ઉપર પણ ઇતબાર રાખતા નથી?.

સપલ—તું જો ખરેખરી સદગુણી, પાક અને સાફ દિલની હોય તો ઘણું સારૂં.

પરીન—(ગળામાં હાથ ભેરવી) કહો, હું કેવી રીતે મ્હારાં પાક અને સાફ દિલનો પુરાવો આપું? તહમે હવે કોઇ સાથે સેહેજબી વાતચીત કરતી જોઇ કેવા વેહમાવોછ?

સપલ—હું મ્હારી એ નબળાઇ, કબુલ કરૂંછ. મ્હને હવે કશુંજ સુજતું નથી. હું જાણતો નથી કે મ્હને શું થાયછ?

પરીન—તહમે તહમારી કલબના દોસ્તોને છોડી દેવો, એ મુવાઓની સોહબતે તહમારૂં મગજ ખરાબ કીધુંછ.

સપલ—ત્હારા એવા શીલસુશીભરયા વિચાર માંડી વાલ.

પરીન—સપલ, ખુદાની કુદરતનો કાયદો એકજ છે.—સારી જમીનમાં રોપેલું સારૂં બીજ સારૂંજ ફળ પેદા કરેછ, ને નેક જિગરને

ભણાવેલો ભલો સબક સારી અસર ઉપજાવેછ. તેવીજ ત્હમારા વંઠેલ દોસ્તોની માઠી સોહબત તમુને પાયમાલ કરશે.

સપલ—પરીન, હવે તું 'ફિલોસૉફર' બની ખરી. જોની 'ડીયર,' હું ખરૂં કહુંછ કે મ્હારાં દીમાગને ઝનુની બનાવનાર મ્હને લાગુ પડેલી માત્ર શરતની બદી છે. શરતમાં મેં ત્હારી ને મ્હારી સંધી માયાપુંજી ખુવાર કીધી, તેનો ગમ ભુલાવવા દારૂની સોહબત કીધી, અને દારૂની ખરાબીથી હું સ્વભાવનો, ઇન્સાનમાંથી હયવાન બન્યોછ.

પરીન—મ્હારા વ્હાલા, ત્હમે એ વાતનો પસ્તાવો કરોછ, એજ ઘણું છે. આપણે આપણી દોલત ગુમાવીછ, પણ હજી આપણાં ત્રણે વ્હાલાં જીગર વચ્ચે પાક મુહબત જળવાયલી છે એજ મ્હોટો ખજાનો છે. આપણે ગરીબીમાં રહીને પણ સંતોશી બની સુખી થઇશું. (સપલ પરીનને ગલે લગાડે છે.)

સપલ—મ્હારી પાકજાદ, ત્હારી તરફ હું ઘણી વખતે કેવો બેકદર થયોછ? પણ હવે હું તેનો બદલો સુખથી વાલી આપશ.

પરીન—હવે તમે જમો તો ઠીક.

સપલ—આજે તો મ્હને ભુખ બીલકુલ નથી. કલબમાં દારૂ ઘણો પીધાથી પેટ ડલ થયુંછ. 'ડિયર' મારૂં ઉશ્કેરાયલું મન શાંત કર, એક ગાયન ગા.

પરીન—વારૂંજી. [પરીન પાસે બેસીને ગાય છે.]

ગાયન.

દાદારો, દાવર, ખાવર,
સરવર, પરવર, દાતા, દાની, યાવર,
ખાલિક, માલિક, અકબર.
યજદાન પાક તું, માલેક ખાક હૂં.
ચરણે, શરણે, મન રહે તુજને.—યજદાન.
પાપો તું કાપજે, નેકી તૂં આપજે,
માફ તું કરજે, માફ તૂં મુજને.—યજદાન.

(ગાયન સાંભળી સપલ પરીનની તારીફ કરે છે.)

સપલ—વાહ 'ડીયર', ગાયન અજબ ચીજ છે. જરા મનને રાહત મળી, ગુસ્સો દફે થયો અને ખુદાઇ યાદથી ફિકર ટળી. ચાલ ડીયર, આરામ કરીએ.

પરીન—ચાલોજી. હું બારણા બંધ કરીને આવુંછ. (સપલ જાય છે, પરીન સપલ તરફ જોઇ ગુઠણપર પડી દુઆ ગુજારેછ.) ઓ તમામ ખલકતના પેદા કરનાર, બખશેસગર, દાદગર તું મ્હારા ધણીને ભલી હીદાયત બખશી હમો બન્ને મા દીકરીપર ત્હારૂં માયાળુ છત્ર કાયમ રાખજે. હમારા સુખના દુશમન બની જે જે બદીઓએ મ્હારા સપલને ખુવાર કીધોછ તેમાંથી તું તેમને બચાવજે.

[પરીન બારણું બંધ કરવા જાયછ, તેવામાં જમશેદ પોતાનો ઓવર કોટ તથા લાકડી લેવા આવે છે.]

જમશેદ—પરીન !

પરીન—કાંય, શું છે ? પાછો કાંય આયો ?

જમશેદ—મ્હારો ઓવર કોટ તથા લાકડી ભુલી ગયોછ, તે લેવા આયોછ.

[પરીન કોટ તથા લાકડી લાવી આપેછ.]

પરીન—ભાઇ, ત્હારા જવા પછી જબરી ટપાટપી થઇ હતી; તે જેમ તેમ હવડાંજ સમાધાની થઇ, અને વળી ફરી તને અહીં જોશે તો આગમાં તેલ નામવા જેવું થશે.

[બન્ને હાથ મેળવે છે. વાતચીતનો સાધ સાંભળી, શકમંદ સપલ પાછો આવે છે, અને જમશેદને જોઇ ગુસ્સે થઈ ટેબલપરથી પીસ્તોલ ઉઠાવી ઝનૂનથી તેનીપર ટાકે છે. જમશેદ નેમ ચૂકવે છે.]

જમશેદ—ઓહ ? એ શું ?

સપલ—બદમાસ ફરી અહીં આવવાની હિમ્મત કીધીછ તો લે તેનો બદલો

(પરીન ધસી જઈ સપલને અટકાવેછ.)

પરીન—ઓ સપલ, એ શું કરોછ ? (સપલ ગુસ્સામાં બાવરો બની પરીનને પટકી નાખે છે.)

સપલ—તમે બન્ને બદકારોનાં ખૂન.

[સપલ ફરી પીસ્તોલ ફોડે છે. જમશેદ નેમ છટકાવી નહાશી જાય છે. સપલ તેનો પીછો પકડે છે. પીસ્તોલના અવાજથી

બજો અને બાનૂ ધભરાટમાં દોડી આવી, પરીનને બેહોશ થયલી જોઇ બન્ને હેબતી જાય છે.]

બજો }
બાનૂ }—(ચીસ પાડી) ઓ મા!

[બાનૂં ધભરાય છે, બજો બાનૂને છાતીસે ચાંપી રાખે છે]

સ્થબ્ધ.

અંક પેહલો—પ્રવેશ બીજો.

કૉલેજના ‘ બોર્ડીંગ ’ હાઉસનો ઓરડો.

[નવલ અરધા મરદાના ને અર્ધ ઔરીના પોશાકમાં દોડતો આવે છે, તેની પછવાડે ફ્લી અને અદી દાખલ થાય છે.]

નવલ—છટ નૉનસન્સ! મ્હને એવી રીતે ત્હમે ‘ ઍનૉય ’ ના કરો.

ફ્રામ—નવલ, એમ છેક છેલ્લી ઘડીએ મ્હને દગો આપે એ ઠીક નહિ.

અદી—મેલાવડાની આપણે આટલી બધી જેહમત ખેંચી, રિહરસલો કીધી, ‘ પ્લે કંપ્લીટ ’ થયો, ને હવે તું ‘પાર્ટ’ લેવા ના કહેછ તો કાલે કેવો રકાસ થશે?

ફ્રામ—આપણા ‘ કૉલેજ ફ્રેંડો અને ‘ પ્રોફેસરો ’ આપણી હસી કરશે તે તને ઠીક લાગશે?

નવલ—પણ એ ‘ પાર્ટ ’ મ્હારે મ્હોડે નથી તે?

અદી—તેની ફીકર નહિ. ત્હારો પાર્ટ છકેલ વીધવાનો છે, અને તેથી તું ગમે એવો છબરડો કરશે, યા ‘ અગલી ફેસ ’ કરશે તેબી ચાલશે.

નવલ—ત્યારે હું નાચારીથી કબુલ કરૂંછ.

ફ્રામ—(લાડથી તમાચો મારી) હવે મ્હારી ન્હાલી કેવી શોભેછ? ચાલ, દોસ્ત હું તને બરાબર ‘ ડ્રેસ ’ પેહરાવી ‘ ઍકટીંગ ’ આપું, તેપર ધ્યાન આપ કે કાલે બધાંને છક્ક કરી નાખિએ.

નવલ—જોજો ! રકાસ કરી ત્હમારો ને મ્હારો ફાર્સ ના કરાવતા.

ફરામ—અને આપણું 'ગૅધરીંગ' પણ એવા ખુદાબખ્શોનુંજ થશે, એટલે રકાસ શું ને ફાર્સ શું ? સંધુ વાહવાહ ને 'વન્સ મોર' થઇ રેહશે.

નવલ—ત્યારે તો હું પણ ખરો (અચકી ટચાકડી ફોડી) અરે નહિ, હું પણ ખરી, કે મ્હારાં નજાકતભરિયાં ઍકટીંગ ને નખરાંથી સંધાને છકક કરી નાખિશ.

ફરામ—નવલ, મ્હારા રૂમમાં આવ, અહીં તું કદાચ શરમાશે.

નવલ—ઠીક પણ રાત સુધીમાં તું 'રિહરસલ' પુરી કરજે, પછી મ્હને ફરવા જવું છ.

ફરામ—મ્હને તો ત્હારા કરતાં પણ અગતનું કામ છે. મામા મેહેરવાનજી સાંઝની પેસેનજરમાં પુનાથી આવનાર છે, ને તેવણને સ્ટેશનપર લેવા જવું છ.

અદી—ને ફરામ, ત્હારાં કાકી પણ આજે આવનાર હતાંની ?

ફરામ—ન્હાની કાકી તો સુરત પેસેનજરમાં રાતે આવશે.

અદી—ત્હારા મામા રંડાયલા છે, ત્હારાં કાકી પણ રંડાયલાં છે (હસીને) તેથી બન્નેનું અહીં 'સૅટલમૅન્ટ' નહિ થઇ જાય તેની સંભાળ રાખજે દોસ્ત.

ફરામ—તેમ થાય તો વધુ સારૂં, કે બન્નેને વેતરિયા કરૂં; અને મામા પણ તેવાજ પેહેલ નંબરના નંગભી છે જો.

નવલ—વાહ ત્યારે તો મજાહ છે. હવે આપણે જલ્દીથી 'રિહરસલ' કરી પરવારી જઇએ, પછી તો ત્હારાં સગાંઓની સવારી આવશે તો ફુરસદ નહિ મળશે.

ફરામ—મામાને નાટક ફાટકનો શોખ નથી, તેથી તેઓને આવાં 'ગૅધરીંગનું ઑધરીંગ' બનાવવું નથી, નહિ તો લગાર મદદ કરેછ તેપર પાણી ફરશે, ને મ્હોટા ફાલાની આશા છે તે પણ રદ જશે.

અદી—આપણે અન્તોનને કહી રાખીએ કે, રૂમમાં કોઇને આવવા નહિ દે.

ફરામ—ઠીક યાદ આપી (હાંક મારે છે) અન્તોન ! અન્તોન !

અન્તોન—(અંદરથી) આયા સાબ ! (અન્તોન 'ટ્રે' માં પ્યાલાં રકાબી લઇ આવે છે. ફરામને) આમકો બુલાયા સાબ ? આમ પ્રોફેસરકા

. ચાય લે જાતા હાય.

[અન્તોન નવલને પગથી માથા સુધી નિહાળી હસે છે.]

ફરામ—કોઇ હમારેકો મિલનેકો આયગા તો ઉસકો બાહરજ બેઠનેકો કેહના.

અન્તોન—અચ્ચા સાબ ! (નવલને જોઇ ફરામને) એ લેડી કોણુ હાય? તુમારા મીસીસ ? [બધા હસે છે. અદી દમ ભરાવે છે.]

અદી—તુમ જાવ, તુમારા કામ કરો. કોઇ આયગા તો હમકો બુલાના.

નવલ—(નખરાં કરી) અન્તોન, લાવ એક કપ મ્હને આપ.

[અન્તોન સાધ ઉપરથી નવલને ઓળખે છે.]

અન્તોન—કોન ? મી૦ નવલ ? (હસીને) તુમ લેડી હુવા ? એકસલંટ ! એકસલંટ ! અમ પ્રોફેસરકો ભેજતા, વો દેખકર ગોમ્મત કરેગા.

ફરામ—(ચિરડાઇને) યૂ ફુલ, ગો એટવન્સ.

[અન્તોન નવલને જોતો હસતો ચાલે છે, મેહેરવાનજી હાથમાં પોર્ટમેન્ટો લઇ, ગાડીવાન તરફ ગરદન ફેરવી તેને જોતા આવે છે, ફરામ, અદી તથા નવલની નજર બીજી તરફ છે, મેહેરવાનજી અને અન્તોન અંજાણુતા એકમેકને અથડી પડે છે, ટ્રે પડી જતાં પ્યાલાં રકાબીનો ખુરદો થાય છે, ને બન્નેનાં હાડકાં સેકાય છે, અન્તોન ધભરાય છે.]

અન્તોન—મોર ગયા રે ! [બધાંની નજર અન્તોન તરફ જાય છે. મેહેરવાન ફરામજીને ઓળખી દોડી આવે છે.]

ફરામ--કોણુ, મામાજી ? (અન્તોનને) સુવર અંધા હય ?

[મેહરવાનજી કપડાં પખોડી, ફફડતા ઉઠે છે, અન્તોન ભાગેલાં પ્યાલાં રકાબી ઉઠાવે છે]

મેરવાનજી—એ 'અગલી બ્રુટ' વચમાં કાંહ નડી મુવો ?

નવલ—(અદીને અલગ) અદી, આય ધડકધુજારો કેમ પરવડશે ? ચાલ યાર ન્હાસી જઇએ.

[મેહેરવાનજીની નજર નવલ ઉપર પડે છે.]

મેરવાનજી—(સ્વગત) એ વળી કોણુ?

ફરામ—(સ્વગત) અરરરર ! ફસ્યા ખરા. હવે ફેરવી તોલવું જોઇએ.

[અન્તોન પ્યાલાં રકાબી ઉંચકી ચીરડાય છે.]

અન્તોન—(મેરવાનજીને) શેઠ, તુમ બોડા ખરાબ ! ચે !

અદી—(ચિરડાઇને) ગૅટ અવે યૂ ફુલ

અન્તોન—(સ્વગત) ઍંડ યૂ મ્યાડ.

અદી—જાવ, અંદર લે જાવ, ટકટક કરેગા તો મોસ્તક ફોડેગા.

અન્તોન—(જતાં જતાં) ઍંડ આઇ નોક યૂ ડાઉન.

[અન્તોન જાય છે, ફરામ નવલ પાસે જઇ ચૂપ રહેવાનો ઇશારો કરે છે.]

ફરામ—(નવલને સ્વગત) અખાડા કરજે, મુગો મરજે.

[નવલને ખુબસૂરત જોઇ મેરવાનજીને ચટપટ થાય છે, ફરામને પુછે છે.]

મેરવાનજી—(અલગ) ફ્લી, એવણ કોણ ?

ફરામ—(અચકીને) એવણ-એવણ મ્હાગં-(અદી ફરામને ચેતવણી આપે છે.)

અદી—(અલગ) બચ્ચા ફેરવી તોલ. સરસેકા તીન પાઉં. (મેરવાનજીને) જી, એવણ આપણા ફ્લીનાં—

[ફરામ વચ્ચે બોલી અદીને અટકાવે છે.]

ફરામ—જી, એવણ મ્હારાં—[અદી, ફરામને અચકાતો જોઇ વચ્ચે બોલે છે.]

અદી—ફરામનાં કાકી થાય. [ફરામ, અદી અને નવલ પોતાને ફસેલા જોઇ વાત બનાવેછ, મેરવાનજીને ઉડાવેછ.]

મેરવાનજી—(ફરામને) ત્હારાં કાકી થાય ? ત્યારે એટલો અચકાયછ શાનો ? મેં જોકે એવણને આજ સુધીમાં નજરોનજર જોયાં નહિ હતાં, તોયે કાગળપત્ર મારફતે ઠીક ધરોબો હતો.

[મેરવાનજી તક મળતાં નજર ચોરાવી નવલને પગથી માથાં સુધી જોયા કરે છે, અદી મેરવાનજી સાથે નવલની ઓળખ કરાવે છે]

અદી—(નવલને) ન્હાની કાકી, એવણ આપણા ફરામના મામા થાય.

નવલ—(મેરવાનજીને જોઇ) ભલે ભલે. (સ્વગત) બચ્ચા નવલ, ખાસ્સો ફસ્યો.

ફરામ—હા મામાજી, એવણ કાકી થાય. પુને જવા આગમજ મુંબઈમાં મ્હને મુલાકાત આપવા આવ્યાંતાં.

મેરવાનજી—(નવલને) શું ત્હમે મ્હારે ત્યાં આવનાર હતાં ?

અદી—હાજી, એમજ જણાયછ. એવણુ તમોનેજ યાદ કરતાં હતાં.

મેરવાનજી—મેં ત્હમુને મ્હારાં આગલાં કાગજોમાં થોડોક ખુલાસો લખી જણાવ્યો હતો. પણુ આપણે સાથે મળયાંછ તો મોઢે મોઢું વાત કરશું.

નવલ—(સ્વગત) મ્હારી બેલા જાણે. કીયાં કાગજ ને કઇ વાત? હવે પાપ પતે તો ઠીક.

ફરામ—મામાજી, ત્હમે રાતના આવનાર હતા તે?

મેરવાનજી—હુ તો આપણી નાજાં અને પીરોજા સાથે બપોરની પેસેન્જરમાં આવનાર હતો, પણુ મ્હારા એક કલાયંટના અગતનાં કામને લીધે સહવારની ત્રેનમાં નીકળવું પડયું. ત્હારી બેહેન અને પીરોજા બીજી ત્રેનમાં આવી પોંહોંચશે.

અદી—ઓહો! ત્યારે તો આજે આપણું બોર્ડીંગ હાઉસ ગાજી રેહશે. કાલે અહીં જેંધરીંગ છે તેમાં ત્હારા ઘરની બાનુઓની હાજરી ઠીક થઈ પડશે.

મેરવાનજી—હમો કાલ રાત સુધી અંહીજ રહેવાના છેએ.

નવલ—(સ્વગત) કમબખ્તી! ફસ્યા!.

મેરવાનજી—ન્હાનીબઇ, હવે જ્યારે તમે પોતે મળયાંછ તો આપણે એકાંતે આપણી વાત કરી લેએ.

[ફરામ ઉડાવવાની પેરવી કરે છે.]

ફરામ—મામાજી, ત્હમે થાકેલા હશો. આવો, જરા લાઇટ રિફ્રેશમેંટ લેવો.

મેરવાનજી—(ફરામને ઉડાવેછ.) હું મ્હારા 'કલાયંટ'ને ત્યાં જમીને આવ્યોછ, પણ સેહજ વ્હિસ્કી-સોડા અહીંજ મંગાવ કે થાક ઉતરે.

નવલ—(ફરામને) ને મ્હારે માટે પણુ એક ગલાસ મોકલજો. (સ્વગત) બુઢાજીની ખાટીમીઠી નજર મ્હારામાં પેઠીછ ખરી.

મેરવાનજી—અને એવણુને માટે પણુ એક કોલ્ડડ્રીંકનું ગલાસ મોકલો.

નવલ—નહી, મુવું કોલ્ડડ્રીંકમાં શું બળયુંછ? સ્હેજ વ્હીસકીજ હશે તો સારૂં.

મેરવાનજી—(સ્વગત) એ તો કેથું પીપ્યું દેખું!

 [અદી મેરવાનજીને પતાવવાની યુકિત કરેછ.]

અદી—મેરવાનજી શેઠ, હમારી બિલ્ડીંગમાં શું શું ફેરફાર કીધાછ તે તોજુઓ.

મેરવાનજી—(અદીને) મિસ્ટર, હું પછી જોઇશ. (ફરામને) ફરામ, મ્હને ત્હારાં કાકી સાથે કંઇ પ્રાઇવેટ વાત કરવીછ, થોડી ખુરસી મોકલ.

[મેરવાનજી પતતા નથી, તેથી ફરામ બીજી થાપ આપેછ.]

ફરામ—(મેરવાનજીને અલગ) મામાજી, હમણા અખાડા કરો. હાલમાં એવણ કંઈ બરાબર 'મૂડ'માં નથી.

મેરવાનજી—(ચિરડાઇ) છોકરા, તે તપાસવાનું મ્હારૂં કામ છે.

ફરામ—(સ્વગત) અરર ! મામાજી તો લટુ બની ગયાછ. રખે મામાજી ડોહરૂં ડોહવે, ને નવલ આટો બાફે.

નવલ—દીકરા ફલી, ત્હારા મામા કેહેછ તે જઇને મોકલી આપની તો ?

ફરામ—વારૂંજી મોકલી આપુંછ.

અદી—અને સાથે મ્હોતું સમારવા કંઇ જોઇશે કે ?

નવલ—ઠીક યાદ આપી. પેલા અરદેશર કનફેકશનરની દુકાનેથી ગરમ ગરમ પેટીસ આયા હોય તો મોકલજે મરૂં.

ફરામ—મામા એવણનાં દાંતે ચસ્ટોબી ઘણોછે હં ?

[જતાં જતાં નવલને મસ્તી નહિ કરવા ઈશારો કરી આનાકાની સાથે ફરામ તથા અદી જાય છે.]

મેરવાનજી—(સ્વગત) મુદત્તની ધારેલી મુરાદ આજે બર આવશે.

[મેરવાનજી નવલને જોયા કરે છે.]

નવલ—(સ્વગત) બુઢાજીના ઢંગ કંઇ ઠીક દેખાતા નથી.

[નોકર ખુરસી લાવી મુકે છે. મેરવાનજી ને નવલ બેસે છે.]

મેરવાનજી—(નવલને) તહમારાં કંઇ છોકરાં ?

નવલ—(ભૂલમાં) છોકરામાં છોકરો હુંજ છેઉં.

[છબરડો થતાં ધભરાય છે.]

મેરવાનજી—(તાજુબ થઈ) શું બોલ્યાં ? તહમે છોકરા છેઓ ?

નવલ—નહિરે જી, હું એમ કેહેતીતી કે મ્હારાં છોકરાં કોઇ નથી, હુંજ એકલી છેઉં.

નવલ—(સ્વગત) ફ્રામે મ્હને કાંઇ ફસાવી માર્યો ? નખોદ ગઈ એના કાકીના હકીકત જણાવી હતે તો બે ઘડી ખુદાને બનાવતે; પણ હવે શું જવાબ આપું ?

[ગુચવાઇને ચૂપ બેસે છે, મેહરવાનજી કંઇ જુદુંજ સમજે છે.]

મેરવાનજી—ત્હમારી લાગણી દુઃખાઇ હોય, તો માફ કરજોજી. શું ત્હમારો દીકરો ગુજરી ગયોછ ?

નવલ—હાજી, તેમજ છે; ને તેથી મ્હારી છાતી ભરાઇ આવવાથી જવાબ નહિ અપાયો.

[ઢોંગથી રડે છે, રૂમાલથી આંસુ નુછે છે.]

મેરવાનજી—(દિલસોજીથી) ના રડો, ઘણુંજ 'સૅડ ડૅથ' થએલું કેહવાય. ત્હમારા બેહેસ્તીને ગુજરવાને હજી બે વર્ષ નથી થયાં, તેટલામાં જુવાન દીકરો ગુમાવવો એ કંઇ જેવું તેવું દુઃખ નથી. ત્હમારાં દુઃખમાં મ્હારી દિલસોજી સમઝજો. પણ ત્હમારા દીકરાનાં અકાળ મરણની ખબર હમો સગાંઓને કેમ નહિં પોંહચાડી ?

નવલ—ત્હમારીપર તાર કીધાતોજી.

મેરવાનજી—એ તો ટેલીગ્રાફખાતાંની મ્હોટી ગફલતી કેહવાય. મ્હને એ વિશેની ખબર મળતે તો હું એ સ્ટાફની ફેંટ પકડી બરાબર સજા કરાવતે.

નવલ—હવે પછી તાર કરીશ, ત્યારે લખી જણાવીશજી.

મેરવાનજી—ખુદા તેવો વખત નહિ લાવે. ત્હમોએ ત્હમારાં એસ્ટેટની ગોઠવણ કરવા મ્હારી પર કાગળો લખ્યાં હતાં, પણ મ્હારાં કામના બોજાના સબબે મ્હારાથી સૂરત સુધી અવાયું નહિ તે માફ કરજો. હવે ત્હમે પોતે મળ્યાંછ એટલે હું સલાહ આપી બધી ગોઠવણ કરી આપીશ.

નવલ—(ઓવરણા લઈ) આ હું મરૂં રે ! ત્હમે કેવા ભલા છેઓ કે વગર ફીએ બધું મ્હારૂં કામ થશે.

મેરવાનજી—ત્હમારી પાસેથી કંઇ 'ફી' લેવાય ? હું ફ્રામનો મામો ને ત્હમે તેનાં કાકી થાવો, એટલે મ્હારી ફરજ છે કે ત્હમુને દરેક મદદ કરૂં.

નવલ—થેંકયૂ ! થેંકયૂ !

[નવલ ચગોર આંખે મેરવાનજીનો અવારનવાર રકાસ જોયા કરેછ.]

મેરવાનજી—શું ત્હમે ઇંગ્રેજી પણ શિખીયાંછ કે ?

નવલ—(સ્વગત) ચડેલ્લાને બરાબર ચેરવું (મેરવાનજીને) હાજી, મ્હારા બેહસ્તી—

મેરવાનજી--નવરોજજીએ શિખવ્યું હશે ?

નવલ—હાજી, નવરોજજી.

મેરવાનજી—મેં સાંભલ્યું હતું કે બેહેસ્તી સાથે તમુને ઠીક નહિ હતું ?

નવલ--તે તો પુછોજના. બેહેસ્તી ઘણાં એંટાલ ને ઝનુની હતા.

મેરવાનજી--અજબ જેવું. ફરામ તો કાકાની તારીફ કરતો હતો કે તેવણ ઘણા અશરાફ ને સાફ દિલનાં હતા.

નવલ-- ફરામ શું જાણે ? એ તો સાથે વસે તેજ પિછાને. બળયો રે મારો અવતાર !

[અન્તોન હસતો હસતો મેરવાનજી પાસે વ્હિસ્કી સોડાનાં ગલાસ અને પૅટીસ લાવે છે, મેરવાનજી નવલને અજમાવવા ફરીથી કોલ્ડ ડ્રીંક'નું 'ટમ્બલર' આગળ ધરે છે.]

મેરવાનજી--લેવોજી, ત્હમે કોલ્ડ ડ્રીંક લેશો કે વ્હિસ્કીજ ?

નવલ-- જી, સેહેજ વ્હિસ્કીજ આપજો.

[મેરવાનજી કોલ્ડ ડ્રીંકનું ગલાસ બદલી વ્હિસ્કીનું ગલાસ આપે છે અને એક પોતે લે છે. અન્તોન હસે છે.]

નવલ--(અન્તોનને) જારે મુવા, હસી શાનો મરેછ ?

મેરવાનજી-- ગો યુ બ્રુટ. [અન્તોન હસ્તો બાજુએ ઉભો રહેછે.]

નવલ--લેવોજી, આ ત્હમારી સલામતી.

મેરવાનજી—(ઉઠીને નમતાં) ને ત્હમારી પોતાની.

નવલ—હાજી, બેઉની સાથે. ખુદા આપણુને સલામત રાખે.

[બનાવીને આંખ મારે છે, નવલ એકદમ પીને ગલાસ અન્તોનને આપે છે.]

મેરવાનજી--(તાજુબ થઇ સ્વગત) ચાલાક છે, પણ કેવું પીધું દેખું.

[મેરવાનજી પોતાનું ગલાસ પણ પીને અન્તોનને આપતાં તે હસતો હસતો જાય છે.]

નવલ—કેમ જી, શું વિચાર કરતા હતા ?

મેરવાનજી—નહિ, કંઇ નહિ. હવે પાછા આપણે આપણી વાતપર આવીયે. હું વિચાર એ કરતો હતો કે બેહેસ્તનને ગુજરવાને દસ વર્ષ થયાં:—

નવલ—ઓ માય રે આટલાં બધાં વર્ષ થયાં ત્હમે કુમારા રહ્યાછ?

મેરવાનજી—નહિજી, હું કુમારો હતો તે પરણ્યો, ને બેહેસ્તનનાં મરણથી રંડાયલો છેઉં.

[વ્હિસ્કીના બહારમાં નવલ મેરવાનજીને બેહેકાવતો જાય છે ને ચેસ્ટા કરતો જાય છે.]

નવલ--ગ્રેવો! ગ્રેવો! [દલગીરી બતાવવાને બદલે ગ્રેવોનો શબ્દ સાંભળી મેરવાનજી તાજુબ થાય છે.]

મેરવાનજી--એ શું બોલ્યાં? (સ્વગત) રાંડ શું બકી મુઇ? વ્હિસ્કી ચહડીયો કે?

નવલ--(વાત ફેરવીને) હું એમ કેહવા જતી હતી કે આજકાલ પેહેલી બૈરી મુવા પછી કોઇ પણ માટીડો દસ વર્ષ તો શું, પણ દસ મહીનાબી કુમારા રહેતા નથી.

મેરવાનજી--(સુધારીને) કુમારા નહિ, રંડાયલા બોલોજી.

[મેરવાનજી દારૂની લ્હેરમાં બેહેકીને નવલની નજદીક ખુરસી ખેંચે છે, નવલ વાત ફેરવે છે.]

નવલ--જી, બેઉ એકજ. રંડાયલાં તે બૈરી મરી ગયા પછીની હાલત, ને કુમારા તે બૈરી નહિ હોય ત્યારની હાલત. બન્ને એકજ.

મેરવાનજી--(હસીને) ત્હમે કેવું ફીલૉસૉફીકલ બોલોછ? મ્હારી બૈરી મરી ગીયા પછી હું બૈરી વગરનો થયોછ, ને ત્હમારા ધણી બેહેસ્ત પામ્યા પછી ત્હમે પણ ધણી વગરનાં થયાંછ.

[મેરવાનજી આસ્તે આસ્તે ખુરસી નજદીક ખેંચે છે.]

નવલ--એ કમનસીબી છે. ત્હમારી બૈરી મરતે નહિ ને મ્હારો ધણી ગુજરતે નહિ, તો પછી આજના જેવી આપણા વચ્ચે વાતબી થતે નહિ.

મેરવાનજી--કમનસીબી શાની? એ તો ખુશનસીબી કેહવાય, કે આજે આપણુને મુલાકાતનો આવો સંજોગ મળી ગયો; ને મેં મ્હારાં કાગજોમાં ઘણી વખતે એ વિશે ઇશારા કીધા હતા, તે ત્હમુને યાદ હશે?

નવલ—હાજી, ત્હમે ફ્રામના લગન માટે લખતા હતા તે યાદ છે.

મેરવાનજી—(અજબ થઇ) એ શું બોલોછ? ફ્રામનાં નહિ, મ્હારાં પોતાનાં લગન માટે.

નવલ—ત્હમારાં લગન? ત્હમારાં લગન તો થઇ ગીયાં, ને બૈરીબી સધાવી, હવે લગન શાનાં?

[નવલની ઉલટપાલટ વાત સાંભળી, મેરવાનજી, નવલની ભૂલનો અથવા તો વ્હિસ્કીની ઝુમનો ખિયાલ કરી શકમાં પડે છે. ફ્રામ અદી છુપાતા આવી તમાશો જોય છે.]

મેરવાનજી—ન્હાનીબઇ, ત્હમે સમજ્યાં નહિ. (નજદીક ખુરસી ખેંચી) હું એમ કેહતો હતો કે આપણામાં એક કેહવત છે કે "પટેલ પાદરનો, ઘોડી સાદરાની ને વહુ નાતરાંની" ઘણી સારી (હસીને નવલના ગાલપર બે આંગલી લગાડી ગેલમાં) સમજ્યાં?

[નવલ, શરમાઇને મનમાં હસી શું કેહવું તે કેહતાં અચકાતો મેરવાનજીને બેહકાવે છે. અદી, ફ્લી હસે છે]

ફ્રામ--(અદીને અલગ) અરરર! મામાને ઘડપણમાં ચડપણ આયુંછ તે જોયું કે?

અદી—(ફ્રામને અલગ) રિહરસલ કરવાની આપણી કડાકુટ મટી. નવલ મામા સાથે ઠીક રિહરસલ કરી રહયોછ.

ફ્રામ—કેમ મામાજી, ત્હમે મ્હને તેડયો કે? (નવલને) કાકીજી, શું વાત કરોછ?

મેરવાનજી--(સ્વગત) હં હં હં હં! એ કવાબમાં હાડકું કયાંથી નડયું?

નવલ—દીકરા, ઘેર સંસારનીજ તો. તું મ્હારો કલ્લાગરો દીકરો છે મરૂં.

મેરવાનજી--હાજી, જેવો ત્હમારો ભત્રીજો તેવોજ મ્હારો—

નવલ--(વચ્ચે પુરઈ) માથેનો છે,

મેરવાનજી—(કંટાળીને) હં હં હં હં, વળી ત્હમે ડોહરૂં કીધું? માથેનો નહિ, કલ્લાગરો ભાણેજ છે.

ફ્રામ—હા મુરબ્બી. ત્હમે બન્ને મેહેરબાનો કેહવોછ તે વાજબી છે. (સામેથી નાજાં પીરોજાને આવતાં જોઈ) જુઓ, જુઓ, નાજાં, પીરોજા આવી લાગ્યાં. [નાજાં પીરોજા આવે છે, નવલ શિવાય સૌને શેકહેંડ કરે છે, નવલ છુટકારા માટે ખુશી થાય છે.]

નવલ--(સ્વગત) હવે છુટકારો થશે, ને સેવકનો ફેરતો અટકશે.

નાજાં
પીરોજા } ફરામ, કેમ છે ? મામાજીની મદારત બરાબર કીધી કે ?

ફરામ--હાજી, મામાજી આજે ઘણા લેહેરમાં છે હું (નવલને ચૂપ જોઇ નાજાં મેરવાનજીને આસ્તેથી પુછેછ.)

નાજાં--આય બૈરાં કોણ ?

મેરવાનજી--(જાહેર) એવણ આપણા ફલીનાં કાકી. નામ ન્હાલીબાઈ.

[નાજાં, પીરોજા નવલને શેકહેંડ કરે છે.]

નાજાં
પીરોજા } --ત્હમુને જોઈ હમે ઘણાં ખુશી છેયે.

[બન્ને કોટી કરે છે, ફરામને અદી કચવાય છે. મેરવાનજી ગજવામાંથી નોટબુક કહાડી યાદીની નોંધ કરેછે, નવલ ફરીથી કોટી કરવાની તક લેછે.

નવલ--જીવતી રેહજો ને સુખી થજો. (સ્વગત) પોરીઓ તો ગલગોટા જેવી મોહક છે. એવી તક કયારે મલશે ? હવે તો ગમ્મત મેળવવા નાટક આગમજ નાટક ભજવી બતાઉં, નામ કમાઉં.

[નાજાં પીરોજાને સાથે લઇ નવલ વચ્ચે બેસે છે.]

નાજાં—(નવલને) ન્હાનીકાકી, મામાજી ત્હમારી ઘણી તારીફ કરતા હતા.

પીરોજા--ને આજે તમુને જોઇ હમો બેહદ ખુશી થયાંછ.

નવલ--ને મ્હને પણ દિલમાં ગીલગિલીયાં છુટેછ. આવો, મને ભેટો.

[નવલ બન્નેને ચાંપીને કોટી કરેછ, ફરામ ચિરડાયછ.]

ફરામ--(અદીને અલગ) નખોદ ગિયો શું કરી મરેછ ? (નવલને અલગ બાજુથી) નવલ, બી મૅનર. [નાજાં ઘોંટાલો ન સમજી ફરામને પુછે છે.]

નવલ--શું છે ફલી ?

ફરામ—હું એમ કેહતોતો કે, લગાર ઘરાંપરાં ઓછા કરો. (નાજાં પીરોજાને) ચાલો ત્હમે ખોખરા ખટારામાં દોદરાં થઇ આવ્યાં હશો, જરા આસાયશ લેવો.

નવલ--(નાજાં પીરોજાને) હારે મરૂં. જરા બે ઘોંટ ચાહે નહિ તો વ્હિસકી સોડા લેવો.

ફરામ--ત્હમે મ્હારા રૂમમાં આવો, ત્યાં બધું મલશે.

નવલ--ફ્લી દીકરા, તું હમારે માટે ટેબલ ગોઠવવાની તજવીજ કર. ને અરદેશર ત્હમે બી જરા મદદ કરો મરૂં.

અદી--(નવલ ને) નવલ, બી કેરફુલ ! ન્યુ બ્યુટીફુલ ફુલ જોઇ હવે બ્લડી ફુલ ના થા.

ફરામ--(નવલને અલગ) જોજે બચ્ચા, કંઇ ચેડાં કહાડયાંછ તો મ્હોડું ભાંજી નાખસ.

નવલ--(ફરામ, અદીને અલગ) મ્હારૂં કામ હું બરાબર સમજુંછ, ત્હમે બે ફીકર રેહવો. મને એવો પાર્ટ આપી આય ડ્રેસ પહેરાવ્યો શું કરવા ?

[મેરવાનજી નોંધ લખી રહી ગજવામાં બુક મુકી વાતે વલગે છે.]

મેરવાનજી--(નવલને) કેમજી, છોકરાંઓ સાથે શાની કન્સલટેશન ચલાવીછ ?

નવલ--મેરવાનજી, ત્હમે ત્હમારા ફ્લીને લાડ લડાવી છકાવી મુકયોછ.

મેરવાનજી--માબાપ વગરનું બચ્ચું છે. મ્હારા શિવાય એનું બીજું કોણ છે ?

નવલ--કાકી મુઇ શું મરી ગઇ કે ? પણ હું જયારે જોઉંછ ત્યારે એ ખાખાવરખોજ જણાયછ, તેનું શું કારણ ?

પીરોજા--(નવલને) ત્હમે શું બોલોછ ! ખાખાવરખો ફરે એનો દુશમન. ફ્લી, શું છે મ્હને કેહની ?

ફરામ--અરે એ તો (ભુલમાં) અમથો (સુધારીને) એવણુ કંઇ અમથાં બોલતા હશે. હવડાં મને પૈસાની જરૂર નથી.

નવલ--મરેરે ! મુવો કલજુગનો જમાનો જોયો ? મ્હને જુઠી પાડેછ ! હવડાં કેહતો હતો કે, ગજવામાં દમડી નથી, મામા કંઇ ઝાંસે તો સારૂં. (ફ્લી નવલપર ડોલા ઘુરકે છે.)

મેરવાનજી--ફ્લી, મ્હારી પાસે કાંય નથી માગતો ? (પૅાકેટ કાહાડી) લે, આય નોટ લે, ને બધાં માટે કંઇ ખાણાપીણાની ગોઠવણુ કર.

—મામાજી, એવણુ તો જુઠું બોલેછ. [ફરામ નવલ તરફ ડોળા ઘુરકેછ.]

નવલ—ના શરમા, દીકરા, મામા પાસેથી લેતાં શરમાયછ તો લે હું આપુંછ. (નવલ પોકેટ કાહાડવાની જુઠી ધાંધલ કરે છે.)

મેરવાનજી—(નવલને) ત્હમે ના તકલીફ લેવો. એને શું હું આપલે નહી કરતો કે એ મ્હારી પાસે માગતાં શરમાયછ ?

નવલ--(તાલ કરતો) મરેરે મ્હારી પૉકીટ તો ત્રંકમાંજ રહી ગઈ.

[મેરવાનજી નવલના હાથમાં નોટ ઠેસવેછ.]

મેરવાનજી--લેવો લેવો, આય નોટ આપો.

નવલ--લાવો મરૂં (નવલ નોટ લઇ ઇશારતથી ફલી અને અદીને દૂર લઇ જાય છે.) ફરામ, હવે તું ચૂપ રહી તમાશો જોયા કર. હવડાં તને પૈસાની જરૂર નથી, પણ મ્હને તો ઘણી છે,

[નોટ પોતાના ગજવામાં સેરવે છે.]

અદી—(નવલને) હવે ટુંકું કર, નહિ તો બધાંની ફજેતી થશે.

નવલ—(જાહેર) છોકરાંઓ હવે શું લાઉં ને શું નહિ તે પુછવામાં વખત ના કહાડો, જાવો, મનગમતું વસાવી લાવો.

[નવલ જઇને બેસે છે, ફલી ને અદી જવાની આનાકાની કરે છે, નવલ આંખનો ઇશારો કરી જવા કહે છે; ફલી ચીરડાઈને મ્હોનું બનાવી ખીચ પાડતો અદી સાથે જાયછે, નાજાંની નજર ફલીપર પડે છે.]

નાજાં—ન્હાની કાકી, ફલી ત્હમારી સાથે કંઇ ઘણોજ લાડ કરેછ ?

પીરોજા—(નવલને) એ હંમેશનોજ એવો મનમિલ્લાઉ છે.

નવલ—હારે મરૂં, જીભરાયો ઘણોજ હસમુખો છે.

મેરવાનજી--ત્હમે હવે ઓળખાણ પિછાણ વધારી વાતો કર્યાં કરો, હું લગાર કૉલેજ ગ્રાઉન્ડપર ફરી આઉંછ (મેરવાનજી જાયછે.)

નવલ—(ભુલમાં છુટકારાનો દમ ખેંચતાં) ચાલો હવે એબી પીડા પતી.

નાજાં—(તાજુબ થઇ) કાકીજી, ત્હમે મેરવાનજી મામાને એમ શું કેહવોછ ?

નવલ—જુઓની છોકરીઓ, ત્હમારા મામા કયારના મ્હારૂં માથું ભેજું ચેરવી ચેરવી નાંખી રહ્યા હતા. હવે નચીંતે ત્હમારી સાથે વાત કરૂં, કે જીવ ઠરે. આવો, મ્હારી પાસે બેસો.

[પોતે વચમાં બેસી, બન્નેને બેઉ તરફ પાસામાં લેછે.]

નાજાં—ન્હાની કાકી ત્હમારા માટે અમે તો જુદુંજ ધારતાતાં.

પીરોજા--ને હું પણ મરે બીજુંજ ધારતીતી.

નવલ—તે શું મરે ? બોલોની મ્હારી ડાલિંગ (નાજાના ગાલ પકડેછે)

નાજાં—(શરમાતાં) એમ શું બોલોછ કાકી, ડાર્લિંગ શાની કહોછ ?

નવલ—ત્હમે ડૉલી જેવી દેખાવલી છેઓ, તેથી ડાર્લિંગ કહું છું, પણ ત્હમે મ્હારે માટે શું ધારતાં હતાં તે તો કહો.

નાજાં—અમે તો એમ ધારતાં હતાં કે ન્હાની કાકી બરિયલ, કુંજરાં, બોખાં, એબદસા જેવાં ને—

પીરોજા—સ્વભાવનાં બળેલા કવાબ જેવાં હશે, એમ માનતાં હતાં.

નવલ—પણ હવે મ્હને હસતી રમતી જોઇ અજબ થયાં કે ?

નાજાં—ઘણુંજ !

[બંને જણી ચાંપીને નવલને કોટી કરે છે, ફલી દાખલ થતાં આ દેખાવ જોઇ ચોંકે છે.]

ફરામ—(સ્વગત) ડેમ ઈટ ! સ્ટુપીડ એ શું કરેછ ? (જાહેર દાંત કચકચાવી) હં હં હં હં ! કેહતોતો કે—કેહેતો—[નવલ ફલીની વાતને ઉડાવે છે.]

નવલ—ફલી, વળી ત્હારૂં ભેજું માથું ચેરવવા કાંય આયો ? મારી 'કનસ-લટેશન' સામે ત્હારૂં 'એજીટેશન' નથી ચાલવાનું.

પીરોજા—ફલી, ન્હાની કાકી તો ઇંગ્રેજીબી જાણેછ જો.

[નવલ મઝાહ મેળવવાનાં યત્નથી ફલીને દૂર કરવા ચાહે છે.]

નવલ—ફલી, તું જા; હમે મેરવાનજી આવશે કે આવશું.

[ફલી ચિરડાયછ, પીરોજા તેનું કારણ જાણવા બાજુ લઇ જઈ વાત કરેછ, નવલ નાજાં સાથે અલગ વાત કરે છે.]

પીરોજા—ફરામ તું ચિરડાયચ સાનો ? કાકી પ્યાર કરવા લાયકનાં ઘણાં મનમિલાઉ છે.

ફરામ—(બાજુ) પીરોજા તું એમની સાથે એટલી બધી છુટ લેછ, તે મ્હને મુદલ નથી ગમતું.

પીરોજા—(ફલીને) તેમાં શું છે ? એવણને હું ગમુંછ, ને એવણ મ્હને ગમેછ; તેમાં તું શાની અદેખાઇ કરેછ ?

ફરામ—તું નહિ સમઝે. ત્હારી સાથે ઉડતો પવન પણ છુટ લે તો તેબી મ્હારીથી દેખી નથી શકવાનું, તો પછી કાકી તુંને વળગે વચરે તે કેમ દેખી શકાય ?

પીરોજા—જા બા. એમ ઉશકેરાઈ ના જા. એવણ તો મ્હારાં કાકી છે, ને કાકી સાથે હસું બોલું તેમાં મુવું ખોટું શું થયું ?

ફરામ—બસ, એવણ સાથે તું પ્યાર કરેછ તેમ મ્હને નથી ગમતું.

પીરોજા—(નિર્દોશતાથી હસીને) ત્યારે તો હું ન્હાની કાકીને મ્હારી બ્હોંસપર હેતથી ચાંપીને કોટી કરશ.

[પીરોજા હસીને ફલીથી અલગ થાય છે, નવલનું બેઉ તરફ ધ્યાન ખેંચાય છે.]

નવલ—કેમ છોકરાંઓ, શું કનશલટેશન કરી રહયાંછ ?

પીરોજા—(ફલીની બ્હોંસપર) ન્હાની કાકી, તમે મ્હને એવાં ગમોછ કે બસ નહિ. [કોટી કરે છે.]

નાજાં—(નવલને વલગીને) ને મ્હને પણ એવાં ગમોછ કે શું કહું ?

નવલ—મ્હારી વ્હાલી મટુકલીઓ, તમે મ્હને કેવી ચ્હાવોછ ? ને હું પણ તમુને કેવી ચાહુંછ ? (બન્નેને પાંસામાં દાબી, પછવાડે ફફડતા ચટકતા ફલી ભણી માથું ફેરવી અલગસે.) ફલી, જોયું ? ભલ ભલા કુમારા, તે બાંડા વરને બે કન્યા !

ફરામ—ઠીક છે બચ્ચા જોઈ લેવશ; હું જોઈ લેવશ. (સ્વગત) એમાં હું છોકરીઓનો વાંક તે શું કાઢું ? એ તો "બેખબરોની બલા જાણે--મુખમાં માટી ગયલી વખાણે" એવી વાત બનીછ.

નવલ—(અલગ) ફલી, શું છે ? ચિરડાયછ શાનો ?

ફરામ--(નવલને) બેહદ લાભ લેતાં જરા શરમા, નહિ તો બધાંનો હુરિયો કરાવશે.

નવલ—(ફલીને અલગ) જરા તક મળીછ તો ગમમ્ત કરૂંછ. એ તો "માયની ગાડી ને બાપના બેલ, તેમાં બંદા બેઠા કરે સેહેલ" લગાર મઝા સાથે મતલબ, બીજું શું કરવુંછ ?

[મેરવાનજી આવે છે, નવલ મેરવાનજી પાસે જાય છે.]

મેરવાનજી--કેમ છોકરાંઓ હજી તમારી વાતચીત પુરી નથી થઈક ?

નવલ--(મેરવાનજીને) મ્હને તો બા આ છોકરીઓની સોરમાંથી ખસવાજ નથી ગમતું.

ફરામ--(સ્વગત) ખસવા નથી ગમતું ? ઠીક છે બચ્ચા ! (ફરામ ડોલા ધુરકી ચિરડાય છે.)

નવલ--ત્રણે છોકરાં ઘણાંજ જૉલી દેખું ? મરેરે મેં બી આજ સુધી કયાં વરસ ગુમાવ્યાં ?

મેરવાનજી—ઓ યસ, જેવો હું જૉલી છેઉ, તેવાં મ્હારાં બચ્ચાં ને તહમે બી છેવો.

નાજાં--મામાજી, એત્રણ જો આપણે ઘેર આવી રહે તો કેવી મઝા પડે ?

ફ્રામ--(ફ્ફડીને સ્વગત) માઈ ગૉડ, એ તો સત્યાનાસીનો પાયો ચણાયછ?

પીરોજા--મામાજી એમ જો થાય તો ઘણુંજ સારૂં. હમુને એવણુ જેવાં જૉલી કમપેનિયન કેથે નથી મળવાનાં.

નવલ--ને મ્હને પણ તહમારા જેવી ડાહી છોકરીઓ કેથે નથી મળવાની.

(ફ્રામ મામલો રસપર ચઢતો જોઇ વધુ ચિરડાઇ ફ્ફડે છે.)

ફ્રામ--હવે જહાનમમાં નાખો તમારી વખાણ ને મુગા મરો.

નાજાં--(તાજુબ થઇ) ફ્લી, આજે તું એમ ધુખરાયલા છાંણા જેવો કેમ ?

મેરવાનજી--(તાજુબ થઇ) હું બી તેજ જાણવા માગું છ. આજે એને થયુંછ શું ? કંઇ સમઝ પડતી નથી.

[અદી ધસારામાં ઘભરાસલો આવી ફ્લીને અગલ કરે છે.

અદી--(અલગ) ફ્રામ, ધાડ આવી ! સજજડ ફ્સ્યા ! તહારાં ખરાં ન્હાની કાકી આવી લાગાંછ.

ફ્રામ--(ગભરાઈને) અરરર, કમબખ્તી !

અદી--(અલગ) મેં તેવણને 'વરંડા'માં બેસાડયાંછ. નવલને હવે ન્હસાડ નહિ તો બધાંની ફ્જેતી ને હુરયો થશે.

[મેરવાનજી અદીને ઘભરાયલા આવી ખાનગીમાં વાત કરતાં જોઇ અજબ થાય છે.]

મેરવાનજી--કેમ શું છે બા ? એ તહમે બન્ને જણા ઘભરાટ અકરાટ શાના કરોછ ? કંઇ બોલશો ?

ફ્રામ--હું કહુંછ મામાજી. (નવલને) કાકી, ઓ કાકીજી.

[નવલ ઘભરાટનો મામલો જોઈ પોતે પણ ઘભરાતો ફ્રામ પાસે આવે છે.]

નવલ--(જાહેર) કાંય ફ્રામ, ઘભરાયછ શાનો ? હું ટાહેલાં કરૂંછ તે તુને નથી ગમતું કે ? ચાલો હવે આપણે 'સપર' લઈએ.

ફરામ--(નવલનો હાથ દાબી, અલગ.) ત્હારા સપરને એન્જીનનાં બફરમાં નાખ, અપ્પટ! મ્હારાં ખરાં કાકી આવી લાગાંછ. ફજેતો ત્હારો થવાનો ને જુતિયાં મ્હને પડવાનાં.

નવલ--(ધભરાઇને, અલગ.) એ ઢોંખરીને બ્હારો બહાર પટાવ કે, ફેસ્તો અટકે ને બંદા અહીંથી સૂટકે.

[નાજાનું ધ્યાન ફલી, અદી ને નવલની ધુસધુસ ઉપર જાય છે, તે તાજુબ થાય છે.]

નાજાં--કાકીજીને ત્હમે શું પુસલાવોછ?

ફરામ—(વાત ઉડાવવા) કાકીજીની પુરતાજ નામની કુતરી હતી, તે કુથે જતી રહીછ, તેથી એવણ ધભરાયછ.

પીરોજા--કાકી, ત્હમારી પુરતાજ કાંહ ગઇ?

નવલ--(સ્વગત) હવા ખાવા.

નાજાં—પુરતાજ ગઇ હવે હુશિયાર લાવજો.

પીરોજા—વરંડાપર એક કુતરી છે પણ મુઇ બુઢી છે.

નવલ—મુઇરિ તે. તેની પાયદસ્ત કાહાડો.

[ખરાં ન્હાની કાકી વાટ જોઇ અંદર ધસી આવે છે, અને થતી વાતને પોતાની સમઝી ચિરડાય છે; નવલપર ધસે છે, ને નવલ બચી જાય છે. બધાં તાજુબ થાય છે.]

ન્હાનીકાકી—રાંડ કુતરી, કોણની પાયદસ્ત કહાડેછ? કાહાડની મુવાં ત્હારાં હોય તેની. (ફરામને જોઇ) મ્હને કુતરાંની કાની બહાર ઓટલાપર બેસાડી મ્હારી મસકેરી કરાવેછ કે?

નાજાં—(અજબ થઇ) એવણ બૈરાં કોણ?

મેરવાનજી—(ખરાં કાકીને) બૈરાં, ત્હમે કોણને પુછોછ?

ન્હાનીકાકી—(ફરામને બતાવી) આય મ્હારા શોભતા ભત્રીજાનેજ તો! મ્હને બહાર ઉભી રાખી અંદર (ચાળા કરીને) ખીખી ખાખા કરેછ.

ફરામ—કાકીજી માફ કરો, એ તો—એ તો

મેરવાનજી—(અજબ થઇ) ફલી, તાહરાં એ બીજાં કાકી કયાંથી આવ્યાં? ન્હાની કાકી તો (નવલને બતાવી) આ રહ્યાં.

ન્હાની કાકી—ઓ ભુસૂંરે, ચોટલા બરી! (ફ્રામને) એ બીજી કાકી કાંહથી લાયો?

નવલ—અચ્ચા ન્હાસ! [ન્હાની કાકી ધસી આવી, ચિરડાઇને નવલનો ચોટલો પકડવા જતાં બાલની વીગ હાથમાં આવવાથી નવલ ફજેત થાયછ; લજવાઇને ઉભો રહે છે, ફ્લીને બદી ધભરાય છે, સર્વે બીજાં ચોંકેછે ને ચિરડાય છે.]

મેરવાનજી—એ શું?

ન્હાની કાકી—એ મુઇ કાકી કે કાકો?

નાજાં—ઓ માયરે! એ તો કોઇ છોકરો છે.

પીરોજા—મરેરે ધરાનો લેતો.

મેરવાનજી—ફ્લી, ખરૂં બોલ, આય શું ફજેતી? તેં મ્હારી મસકેરી કરવા ધાર્યું હતું કે?

ફ્રામ—મામાજી, માફ કરો. એ તો હમે કંઇ બીજી ગોઠવણ કરતા હતા, તેટલામાં ત્હમે આવી લાગવાથી વાત છુપાવવાં બધો છબરડો થયોછ.

મેરવાનજી—(ચિરડાઇને) મ્હારી નજર સામેથી ત્હારૂં મ્હોડું કાળું કર! છોકરીઓ, આવો. એવા નાલાયક, નાફરમાન, બેશરમ છોકરાની પાસે ઉભા રહેવામાં પણ શોભા નથી.

॥ - વાનજી શેઠ, હમને માફ કરો, અને ખુદા ખાતર મ્હારો ખરો ખુલાસો સાંભળો. હમે હમારાં કૉલેજ ગૅધરીંગનું રિહરસલ કરનાર હતા, તેમાં મેં ઔરતનો પાર્ટ લીધેલો હોવાથી ફ્લી મ્હને ઍકટીંગ આપનાર હતા, તેવામાં ત્હમે આવી લાગતા, કદાચ તમે ચિરડાશો અને નાટક ફાટકના ચેટકથી ગુસ્શે થઇ ફ્લીને ફાળામાંથી બાતલ કરશો એવા ડરથી વાત છુપાવવા જતાં છબરડો વધી ગયો, અને રકાસ કરતાં હમારો રકાસ થયો.

નાજાં—શરમછે એવી પારકી સ્ત્રીઓ સાથે છુટ લેનાર પર.

પીરોજા—ધિક્કાર છે એવા કૉલેજ્યનો અને બોધ દેનાર પર.

ન્હાનીબાઇ—લાનત છે, એવો માટીડો થઇ બૈરીનો વેશ લેનાર પર.

મેરવાનજી—એ બધો વાંક દુકતા ફ્રામનો છે, અને જાણી જોઇને આપણું અપમાન કીધુંછ.

ન્હાનીબાઇ—(નવલને કટકા ફોડી) મર મુવા ભવૈયા.

મેરવાનજી—ચાલો છોકરીઓ. ન્હાનીબાઇ ત્હમેબી આવો. હયાં ખોટી થઇ વર્ષ વેચવામાં શોભા નથી (ફ્રામને) છોકરા આજથી તું ત્હારૂં મોહ્ડું ના બતાવતો.

[મેરવાનજી, ન્હાનીબાઇ, પીરોજા નાજાં જાય છે, જતાં જતાં ન્હાનીબાઇ નવલપર કટકા મોડતા જાય છે, અદી ને નવલ દિલગીર થાય છે, ફ્રામ પસ્તાય છે.]

ફ્રામ—નામોશી, પશેમાની અને ખેજાલત લગાડી બધાં મ્હને તરછોડી ગયાં.

નવલ—ત્હારા મામા પોતેજ મ્હારી સાથે ધરડે ધડપણુ ચેડાં કાહડી, ફજેત થઇ, શરમિન્દા બની ચાલી ગયા.

અદી—ફ્લી તું જરા શાંત થા. તુને સમજાવી લેતાં કયાં નથી આવડતું ?

ફ્રામ—તે તો છેજ તો, (નવલને) પણ સત્યાનાસના ગીયા તેં મ્હારી સગીઓ સાથે ના કેહવા છતાં નાલાયક અને શરમભરી જે છુટ લીધી તે મ્હને જરા ગમ્યું નથી.

નવલ—તને નથી ગમ્યું તેમાં મ્હારો શું વાંક? મ્હારો ફરજનો ભાગ પૂર ભાવથી ભજી બજાવતાં છોકરીઓએ મ્હને છુટ લેવાને ઉસકેરિયો—

ફ્રામ—ને તેં લીધી ? વાહ ! ઠીક બચાવ.

નવલ--અલબત્તાં, જો મ્હને બરાબર તક મળતે તો પીરોજાનું માથું ફેરવી નાખતે, અને હજી હું તેને મેળવીશ.

ફ્રામ--મુગો મર. જો ફરીથી તેં મ્હારી પીરોજાનું નામ લીધુંછ તો ત્હારૂં માથું ભાંજી નાખશ.

નવલ—તું મ્હારા કામની વચ્ચે પડશે તો હું બતાવી આપશ.

[નવલ ગુસ્સામાં એક તરફ જાય છે; ફ્રામ તેની ઉપર ધસારો કરવા ચાહે છે, અદી તેને અટકાવીને પોતાની સાથે બીજી તરફ ખેંચી જાય છે.]

અંક પેહેલો—પ્રવેશ ત્રીજો.

સ્થળ-જમશેદના મકાનનો ઓરડો.

[ટેબલ આસપાસ ફીરોજ, માકો અને ડોસુ, જમશેદની વાટ જોતા બેઠેલા જણાય છે, જમશેદની ગેરહાજરીમાં ત્રણે જણા શરાબ નોશ કરી ગમત માટે ગાયન ગાઇ મન રિજવે છે.]

ગાયન.

ત્રણે—એ એ એ એ એ; રસ ભર ઉઠાવો શરાબ.—એ.
આ છે રંગી શરાબ, ખુશ ઢંગી શરાબ.—એ.
ફીરોજ—ખીલે નશાથી ખુશ રંગ રાગ. (વાહ વાહ.)
ખુશ ખીલે ખિયાલ, મન કરે નિહાલ,
ફન આપે વિશાલ, કરે રંગી વિક્રાલ;
સંગ સાથ.—એ.

માકો—પ્યારી શરાબ દે મન કરાર, (ઠીક ઠીક.)
છેજ એમાં સવાબ, નથી નશા ખરાબ,
પીને બને નવાબ, 'રાહત' આપે શરાબ;
ઢંગ સાથ.—એ.

[ફીરોજ બારીમાંથી જમશેદની રાહ જોતો કંટાળે છે.]

ફીરોજ—જમશેદ કયાં મરી ગીયો? નખોદ ગીયાએ પાર્ટી આપીછ કે આપણુને બનાવ્યા?

માકો—વળી કોઇ નવું ફુલ મળ્યું હશે, તેને ત્યાં ઠસ્યો હશે.

ડોસુ—અરે એ તો પેલી પરીન પાછળ હજી ફાંફાં મારી ખુવાર થાયછ, પણ કંઈ વળતું નથી.

માકો—બંદા જો એની જગે હતે તો પાનને ચુનો લગાડે તેટલા વારમાં એ પોટ્ટીને પસરાવતે.

ફીરોજ—હું ચાહતે તો મ્હારા ઓહ્દાની રૂએ સપલને એવો તો કાયદાના સપાટામાં સપડાવતે કે ચક્કી પિસાવી કાળાં પાણી તરફ બટંએ મોકલાવતે. (વિચાર કરી) પણ તેમ કરતાં પરીન દુઃખ થતે તે ત્હેનાં દુઃખથી મ્હને પણ રંજ થતે. (થામીને) માકા, એ વાતમાં કંઇ ત્હારૂં કામ પડે તો તું મદદ કરશે?

માકો--દિલોજાનથી. ત્હમોએ એક વખતે મને એવી રીતે બચાવ્યોછ કે, તે હેસાન ખાતર હું મ્હારો જાન આપવા તૈયાર છેઉં. જો લાગ મળે તો સપલને લાંબો કરીનેબી ત્હારૂં કામ બજાઉં, પરીનને ત્હારી તરફ તાણું, ને તનેજ અપાઉં.

ડોસુ--વાહ વાહ! ત્યારે તો માકા તું દરિયાની સેહેલ કરવા બટંએ જજે, ફીરોજ તું યરોડાની હવા ખાવા જજે.

ફીરોજ—(ડોશુને હડસેલી) કેમ બચ્ચા છેકજ ફાસ્ટ જાયછ કે?

માકો—પણ એ મુસાફરીએ કયારે જાયછ? કહાં જાયછ?

ડોસુ—કોણ?

માકો--જમશેદ.

ડોસુ--કોણ જાણે. [માકો બારીની આગળ જઇ ચોકાશીથી નજર ફેંકી પાછો આવે છે.]

માકો--(આસ્તેથી) નોકરો દુર છે; અહીં કોઇ નથી. મુસાફરી માટે કાલે એ નોટોનો ચોડો લાવ્યો હતો. જો ત્હમે રાજી થાવો તો કબટની ખબર લઇયે.

ફીરોજ—(ચોંકીને) ડોસુ, (બારી બતાવીને) તું આ બારી તપાસ, ને જમશેદ આવતો જણાય કે ખંખારીને ચેતવણી આપજે.

ડોસુ--ઠીક. (ડોસુ બારી આગળ જઇ તપાસ રાખે છે.)

ફીરોજ--માકા, કુંચીનો ઝુમખો છે કે? (ફીરોજ, માકાને મદદ કરવા તૈયાર થાય છે.)

માકો--તૈયાર દોસ્ત. (માકો ઓટીમાંથી ઝુમખો કહાડી બે ત્રણ તપાસતાં) તીજોરીની સપાટામાં તોપ ફોડિયે તો કમાટના ફટાકડાની શું બિસાદ? (કળ ઉંઘાડે છે. ઘડિયાળ, છોડો, ટાંગેલો જોઇ) ફીરોજ, લેવ તપાસો. (ફીરોજ પોતાની બુટની એડીની કળ

ઉઘાડી તેમાં સર્વે મુકે છે, કૅશ બોકસમાંથી નોટોનું બંડળ મળે છે. માકો હરખાય છે.) અરે વાહ! નસિબ જાગું યારો.

[માકો બંડલને ડગલામાં બગલ તરફનાં ખીસામાં ઠેસવે છે, જમશેદને આવતો જોઈ ડોસુ ખંખારે છે. ફીરોજ તથા માકો ચુપચાપ ટેબલ આગળ જઇ બેસે છે, માકો સંધુ વગેસગે કરી આવે છે. બધા બેવડો પીતાં સલામતી લાયે છે.]

ફીરોજ—આ સલામતી લેહેરી જમશેદની.

માકો-ડોસુ—હુરરેએએએ! (જમશેદ હાંફતો હાંફતો આવી નિસોસ થઇ બેસે છે.)

જમશેદ—માફ કરજો દોસ્તો, ત્હમુને આજે ખોટી કીધા.

ફીરોજ—શું છે જમશેદ, એમ હાંફેચ કાંય? કેમ કોઈ સાથે કંઈ વેંહેચી લીધુંછ કે?

[માકો દારૂ નામી ગલાસ જમશેદને આપે છે. જમશેદ બધા સાથે નોશ કરે છે.]

જમશેદ—હું કાલે સદાનું પુનું છોડી જતો હોવાથી પરીનને મળવા ગયો, તો તેના સપલ સાથે ઘણીજ પચાતી થઇ.

માકો—તો ભલા માણુસ, તેના ધણીની હાજરીમાંજ કંઇ ચેડાં કાહડયાં કે?

જમશેદ—માકા મુગો મર! પરીનતો એક ફરેસ્તા જેવી છે, એવા ફરેસ્તાનુ ગલીચ શકથી નામ લેવું એ એક ગુનાહ છે

ફીરોજ—બચ્ચાજી, તું કોણને શિખવેછ? તું તે પ્યારની પુતળીની રોજ પુંજા કરેછ, મળેછ, ભેટેછ ને વળી એમ સત્તા શાનો થાયછ!

જમશેદ—રંગીને નારંગી અને સતીને વેશ્યા કેહવી, એના જેવી હડહડતી નિંદા બીજી કોઈજ હશે,

ફીરોજ—તો—તોં—તુ બિચારો માહાદેવ ને પરીન બચારી પારવતી, તેની કંઇ નિંદા થાય?

જમશેદ—અફસોસ છે કે, કેટલાક કમસમઝોની જીન્દગીનો આધાર ગોયા નિંદાપરજ હોય છે. જો કોઇની નીતિખુબીની તારીફ સાંભળવામાં આવી, તો ગલીચ જીભની તોપમાંથી હસદના ગોળાનો ગોયા વરસાદ વરસાવવામાં આવે છે, ને બાજે વખતે મુવેલાંઓનાબી હાડ ધુજાવી, તેઓની મટ્ટી બરબાદ કરેછે. લાનત છે એવા નંદાખોર નીચ કુતરાઓના ભસવાપર.

માકો—(મિજાજ ખોઇને) જમશેદ, ત્હારી સુધ્ધ ઠેકાણે છે કે ? મ્હોડું સંભાળીને બોલ, નહિ તો ત્હારી સુધ્ધ ઠેકાણે લાવિશ.

જમશેદ—તું જાણેછ કે તું કયાં છે ! '**પરીન જેવી લાખમાં એક નેક**' ને જો તેં હવે પછી એકબી આડો સુખન કહયોછ તો **કસમ** ખાઇને કહુંછ કે ત્હારી ને મ્હારી ખરાબી થશે.

માકો—(ધીક્કારથી) ચાલ, છોકરી, દમ કોણુને ભરાવેછ ? પરીન જેવી ઘણી સતીને હથેલીમાં નચાવીછ. આજે તું નચાવેછ તેમાં તેં મ્હોટી બ્હાદુરી કીધી કે ?

[જમશેદ ઝનુની થઇ માકાના દીલ પર ધસી જાય છે.]

જમશેદ—લે જો બહાદુરી.

[જમશેદ માકાની પીઠ પાછળ જઇ ઝડપમાં બંને પાસાંમાં મુકી લગાવે છે. ફીરોજ અને ડોસુ જમશેદ પર ગલ્બો કરે છે. જમશેદ બન્નેને ધક્કા મારી ઢકેલે છે. માકો ક્રોધમાં આવી પોતાનાં ગજવાંમાંથી પીસ્તોલ કહાડી જમશેદને દબરાવવા, ધભરાવવા તેની પર તાંકે છે. મગર ભુલમાં કમાન દબાવાથી ગોળી જમશેદને લાગે છે, તે ચીસ પાડીને નીચે પડે છે. ફીરોજ, માકો તથા ડોસુ ધભરાય છે. જમશેદ પછાડા મારી પસતાય છે, કપડાં લોહીલુહાન થાય છે.]

માકો—તો જો તેનો સ્વાદ !

જમશેદ—હાય ! દગો. મ્હારી કુચ્છંદી જીંદગીનો ફયજ મ્હારાજ દોસ્તોને હાથે. ઓ ! હું મરૂંછ ! ખુદા તું માફ—

[જમશેદ મરણુ પામેછ, ફીરોજ ધભરાય છે.]

ફીરોજ—એ શું કીધું ? ખૂન !

માકો—ફીરાજ, મેં તો દમ કરવા પિસ્તોલ તાંકી પણ ધભરાટમાં કમાનપર અંગોઠો પડવાથી બુરૂં પરિણામ નિપજ્યું છે.

ડોસુ—તું મરેરે માકા, આય તો ફાંસીનો સોદો થયો !

ફીરોજ—(આસપાસ જોઇ ધીમે સાદે) ચુપ રેહવા, ગડબડ ના કરો. (વિચારીને) હવે યહાં થોભવામાં સાર નથી. ત્હમે બન્ને પોલીસ સ્ટેશનપર મ્હારી વાર જોતા બેસો, હું ડયુટીપર આવ્યો હોઉ

તેમ આવિશ. હું સાક્ષી ગવાહીની એવી ગોઠવણ કરૂં છ કે આપણે છુટકી સકશું.

[માકો ધભરાઇને ફીરોજના પગપર પાઘડી મુકી રડીને અરજ કરે છે.]

માકો—બાપ, ગરીબને બચાવજે જો ! નહિ તો નકામો માર્યો જઇશ.

ફીરોજ—ચૂપ (શકમંદ બની આસપાસ તપાસ કરતો, બારી બહાર જોતાં ચોંકે છે) અરે સપલ આવે છ.

ડોસુ—બાપરે ફસ્યા.

માકો—ફીરોજ (રડીને) ત્હારે આશરે છયે. (હાથ જોડેછે).

ફરામ—ધાંધલ ના કર, હિમત પકડ. આપણે બારણા પાછળ સંતાઇશું ને જેવો એ અંદર આવે કે પાછળથી બે હાથ પકડી લઇશુ, ડોસુ તું મોહડું પકડજે, ને માકા તું કલૉરાફાર્મથી બેસુદ્ધ કરજે. કલૉરોફૉર્મ છે કે ?

માકો—હારે મારા બાપ, ફાંસીનો માચડો તૈયાર છે.

[માકો પાઘડીમાંથી ન્હાની શીશી કાહડી રૂમાલપર નામી દઇ, શીશાને પાઘડીનાં ઠાઠામાં મુકે છે. ફીરોજ દીવો ધીમો કરે છે, સર્વે છુપાય છે, સપલ હાથમાં પિસ્તોલ લઇ આવે છે, ત્રણે ફીરોઝના કેહવા પ્રમાણે અમલ કરે છે, સપલ મજબુત લડત પછી બેહોશ થાય છે, ફીરોજ સપલનાં ગજવાંમાંથી જે મળે તે કાડી લે છે. માકો કલૉરાફાર્મનો રૂમાલ પોતાનાં ગજવામાં મુકી, સપલના હાથ માહેલી પિસ્તોલની ગોળી (ફીરોજને બતાવીને) કહાડી લઇ ખાલી પિસ્તોલ સપલનાં ગજવાંમાં મુકી ફીરોજના ચુપચાપ ઇશારાથી સર્વે ધીમે કદમે નાહાસી જાયછે. એક પડોસી માત્ર સદરા લેંગાપર હાથમાં મોમબતીદાન લઇ ટંટોસ્તો ફફડતો બબડતો આવી અહીં તહીં જોય છે.]

પડોશી—બધું છાટક બજાર દેખું. નખોદ જાય ઉંઘવા પણ નથી દેતા. એકતો માકર, ચાંચર, મચ્છર મચ્છાદરની આપદા, તેમાં વળી આ કોચીનના સાહુકારોના ધીંગામસ્તીનો કંટાળો. જરા આંખ લાગી કે દોડધામ કરી મ્હારી મીઠી ઉંઘ લીધી, (સપલને પડેલો જોઇ) વાહ ! બત્તાં ધીમી કરી મ્હારો વ્હાલો ટે થઇ જમીન પરજ પોઢી

ગયોછ. (સપલને અંધારામાં જમશેદ સમજીને) જમશેદ બા' (થોભીને) ઓ જમશેદજી ? (તેને હીલવે છે મગર જવાબ મળતો નથી) વાહ ! એતો ધુમ છાટક થઇ પડયો દેખું ? અંધારામાં દીસ્તું પણ નથી, અરે, બાપુ એટલો નહિ ધીચીએની ? (હીલવે છે) ઉઠ બા જરા ધીરે રહીને ઉઠ (દારૂની બાટલી જોઇ) વાહ, બેવડાની બાટલી પણ ખુલ્લી દેખું ? (સપલ લગાર હાલે છે.) હું: હવે જાગ્યો. ભઇ ધીરે રહીને ઉઠજો, મુગા મુગા પોઢી જજો, ને સહવારે મ્હને યાદ કરજો, કે કોઇ ભલો પડોશી હતો તે મ્હને કામ આવ્યો હતો.

[પાડોશી જમશેદને ન જોઇ, માત્ર સપલપર નિગાહ કરી જાય છે. સપલ ધીમે ધીમે હુશિયાર થઇ માથું દાબતો આસપાસ નજર કરી ટેબલ નજદીક લથડતો જઇ ખુરસીપર બેસે છે.]

સપલ—માથું કેમ ફરેછે ? માથાંપર કોઇ હથોડી મારતું હોય તેમ થાયછે. (યાદ કરીને) હા—હું જમશેદની પછવાડે દોડી આવ્યો, પછી માળપર ચઢીયો ને તે છટકયો (માથું દાબી ગુંચવાયછે) નહિ, કંઇ યાદ આવતું નથી (આસપાસ જોઇ) ત્યારે તેના રૂમમાં હું કેમ આવ્યો ? (માથું પકડીને) મ્હારા મગજને શું થયુંછે ? હું ગોયા પોતાને ભુલી ગયોછ ! (આસપાસ જોઇ) એ નાપાક કય ભરાઇ રહયોછે ? શું મ્હને અહીં સુવાડી પોતે નહાસી ગયોછે ? (બારણા તરફ ટંટોસતો જાયછે, ત્યાં જમશેદની લાશપર નજર પડવાથી ચોંકે છે) એ કોણ સુતુંછે ? (જોઇને) એ કોણ, જમશેદ ? સુતોછે કે મુવો? (તેને ઉઠાડી બેસાડેછે. જમશેદ નિર્જીવ હોવાથી પાછો ઢળી પડેછે, તેને સંભાળી સુવાડતાં સપલના હાથ લોહીથી ખરડાય છે, તે હાથ ભુલમાં પોતાનાં કપડાંને લાગવાથી કપડાંપર દાધા પડે છે લોહી વેહેતું જોઇ સપલ ચોંકે છે) ઓ ! એનું તો ખૂન થયુંછે ! (ધભરાઇને) કોણે કીધું ? મેં તો નથી કીધું ! (ઘરનો બનાવ યાદ આવવાથી ચોંકી) ઓ ખુદા ! તે ભયંકર ખિયાલ ! (ધ્રુજતો) મ્હારા હાલપર દયા કર. (વિચારી) હું દોડી તેની પાછલ ધસી આવ્યો, મેં શું કીધું ? (વિચારી) મેં શું તેને ઠાર કીધો (બન્ને હાથથી માથું પકડીને યાદ કરે છે અને પોતાને હાથે જમશેદ

નહિ માર્યો ગયો હશે એવા ખ્યાલથી આશામંદ બને છે.) નહિ! નહિ! એ મ્હારે હાથે નથી મુવો. (યાદ કરીને) પણ સપલ, તેં કસમ લીધા હતા કે તેને જાનથી મારવો. જોઉં મ્હારી પીસ્તોલ? (ગજવામાંથી પીસ્તોલ કાહડી વાસ લઇ ખાલી જોતાં ચોંકે છે, (ધ્રુજે છે.) હા! સપલ! ત્હારાજ હાથે એ ઠાર થયોછ. એને ઠાર કરી તું ધભરાયોછ! અને મરતો જોઈ તું બેહોશ થયો હશે. ઓ ખુદા! મેં આ શું કીધું? મેં એક માણસનો જાન લીધો. સપલ, તેં ત્હારા નામને કલંક લગાડયો, ખુની કેહવાયો (ગદ્‌ગદતા અવાજે)ને ત્હારી બૈરી બચ્ચાંને તથા તમામ કુટુંબ કબિલાને સદાનાં ગુમાવ્યાં. (બેચેન થઇ) ઓ મારી વ્હાલી પરીન, ત્હારીપર મેં જુઠું બોહતાન મુકી અદેખાઇથી આંધળો થઇ મ્હારા હરીફને મેં મિટ્ટીમાં મેળવ્યો, અને હું પોતે પણ બરબાદ થયો. હવે શું કરૂં? (આસપાસ દેહશતથી જોઇ) કહાં નાહસું! સપલ, સહવાર પડતાં તું પોલીસના પંજામાં સપડાશે, જાહેરમાં ખુંની કેહવાશે, વડવાઓનાં નામને એબ લગાડશે અને ત્હારાં વ્હાલાંઓને સદાના લોકોની લાનતમાં મુકશે. ઓ ખુદા! મારી અવળી બુદ્ધિથી મેં શું કીધું? ન્હાસું! હંમેશ માટે ન્હાસું! સપલ, જીવ બચાવવા નાહાસ! પછી જીંદગી છે તો ફળશે આશ.

[સપલ ધ્રુજતે હાથે પિસ્તોલ ગજવામાં મુકી ધીમે અને પાછલે પગે બહાર જાય છે.]

—o—

અંક ૧ લો—પ્રવેશ ચોથો.

સપલનું મકાન.

[પરીન ખુરસીપર બેસી બાંનૂને પસવારતી ચીંતાતૂર જણાય છે, બાનુ આરામ ખુરસીપર સુતેલી છે, દીવો બળે છે, પરીન મનમાં વિચાર કરે છે.]

પરીન—નિર્દોષ બચ્ચું કેવું શાંત ઉંઘમાં સુતુંછ? બેખબર બાનૂ, તું દુનિયાના વેહવારથી નિરાળી હોવાથી ત્હારા માટે શાંતી અને સંતોષ છે, પણ મ્હારે માટે ધણીની કઢંગી ચાલનો સંતાપ, સંસારની ફીકર અને ભવિષની દરેક ચીંતા સરજાયલી છે. કોણ જાંણે કયે અભાગ્યે ચોઘડયે જમશેદ મળવા આવ્યો? સપલ હજી પાછા ફરયા નથી, ખુદા જાંણે શું હશે! રખે કંઇ બુરૂં થાય.

[બજો દોડતો દાખલ થાય છે.]

બજો—બાઇ હાબ, હજી તમે નહિ પોઢેલાં કે? હું હેઠની પછવાડે પછવાડે ઘણોબી દોડયો, પણ ખુદા જાંણે કે અંધારામાં કેનીફા દોડી ગીએલા, તે ફાંફાં મારી મારીને ફકરમાં પાછો ફ્યરો.

પરીન—શું કરૂં! ત્વેહેમની કંઇ દવા છે? દિવાના મિસાલ પાછળ દોડી ગયાછ. ખુદા જાંણે શું થયું હશે? જા—બા, તને સકારૂં ઉઠવાનું છે.

બજો—તમે ચીંતા અને ફકરમાં જાગતાં બેહો તે બા મ્હારાથી કેમ દેખી હકાય? હું ખરૂં કહુંછ કે એ મ્હારા ગાયગોલાબ જેવા હેઠને પેલા લુચ્ચા દોહતોએ બગાડી લાએખા, નહિ તો અગાઉ કેવા ઉતા, કે મરતાંને મર નહિ કેહ.

પરીન—બજા, હું ખુદા પાસે રાત દહાડો એજ દુવા માંગુંછ કે, મ્હારા સપલને નેક હિદાયત આપજે.

[લોહીથી ખરડાયલા હાથ અને કપડાં સાથે સપલ ધભરાતો આવે છે, પરીન તથા બજો ચોંકે છે, સપલ ગજવાંમાંથી પિસ્તોલ કાહડી ટેબલ પર મુકે છે, ને બેસે છે.]

બજો—હેઠ, આ હું અવતાર ?

પરીન—સપલ, આ શું ત્હમારી હાલત ? (સપલ રડીને પરીનને ગલે લગાડે છે)

સપલ—પરીન, મ્હારી વ્હાલી, આપણું સત્યાનાશ વળ્યું !

પરીન—(હેબતીને) શું બન્યું ? જલ્દી કેહવો, ઓ ! આ લોહી કયાંથી ?

સપલ—બજા, તું બાહારથી બારણું બંધ કરી ઉભો રહે, ને કોઇબી આવતું જણાય કે હમુને તુરત ચેતાવજે.

બજો—જતો છું હેઠ, પણ હું બન્યું તે તો કહો ?

સપલ—તું પેહેલે બહાર જા, પછી બધું જાણજે.

[બજો નાચારીથી બહાર જાય છે, પણ જીવ નહિ માનવાથી બારણું લગાર અલગું રાખી બાહારથી ડોકીયાં કરી સાંભળે છે.]

પરીન—(વળગીને) સપલ, શું બન્યું જલ્દી બોલો, ખુલાસો કરો.

સપલ—(હટીને) તું મ્હારાથી દૂર થા, આ નજીસ પાપી દિલને ત્હારા પાક હાથ ના લગાડ. હું ભૂડો, બુરો બદમાશ હતો, પણ હવે :—

પરીન—(વચ્ચે) નહિ ! નહિ ! વ્હાલા એમ ના બોલો. ત્હમે ગમે તેવા છેઓ પણ તેમાં મ્હને સંતોશ અને સુખ છે. બોલો શું બન્યુ ?

સપલ—હું આજ સુધીમાં દરેક બદીમાં ફસ્યો હતો, મ્હારાં વ્હાલાંઓથી ભાનભૂલો થયો હતો, અને આજે ખૂની થયોછ.

પરીન—(ચોંકી ધુજીને) શું બોલ્યા ! ખૂની ! કોણના ? કોણનું ખૂન કીધું ! જમશેદનું ?

સપલ—(ભમતી હાલતમાં) મ્હારાં માથામાં ભેજું નથી, મ્હારી અક્કલમાં હોશ નથી, મેં શું કીધું, કાંય કીધું, કયારે કીધું તેની મને યાદ નથી.

પરીન—વ્હાલા, શાંત થાઓ; યાદ કરો. શું તમે જમશેદનું ખુન કીધુ ?

સપલ—હા, મેં જમશેદનું ખૂન કીધુ.

[બજો ધાસ્તીથી હાથ ઉઠાવી ખુદાને યાદ કરે છે.]

પરીન—(ફાળ ખાઈ) સપલ, એ શું સુઝયું ? અરે ભાનભુલા, એક નિર્દોષ, સાફ દિલના શખ્સપર વેહમ લાવી કેવું જનુન કામ કીધું ? (રડે છે.)

સપલ—હવે થઇ ચુકું !—ચારો શું ? નાચાર ! રડ ના—

પરીન—હું રડું નહિતો શું હસું ?

સપલ—(રડીને) મેં તહારાં અને મારાં બચ્ચાંનાં ભવિષ્યનું સદાનું સત્યાનાશ વાળ્યું, ને કુટુંબને કલંક લગાડયોછ.

પરીન—(ખુદા તરફ હાથ ઉઠાવી) ઓ ખુદા ! આ ત્હારો કેવો કેહેર ! (બાનુ તરફ જોઇ) આ મારાં નિર્દોશ બચ્ચાંની પણ તને દયા નહિ આવી ? હવે આ ફુલ બચ્ચું દુઃખોના કાંટાથી દુઃખી થશે, મા દીકરીને લોક હીનશે, હમો ઠોકરે ઠોકરે ઘુંદાઇશું.

સપલ—પરીન, એ બધું તહારે માટે થયુંછ, ને કીધુંછ. તહારા બેહદ પ્યારે મ્હને અદેખાઇના આતશથી જલાવી, ભાન ભૂલાવી, જમશેદને ખૂની બનાવ્યો, એટલુંજ નહિ પણ બીજાં ત્રણ ખૂનનો ખૂની ઠરાવ્યો છે.

પરીન (હેબતી) બીજાં ત્રણ ખૂન ? કોણનાં ?

સપલ—એક ત્હારૂં, બીજું બાનૂનું અને ત્રીજું મહારૂં પોતાનું.

[બેઅખત્યાર રડે છે, પરીન પસવારી ગળે લગાડી મનાવે છે.]

પરીન—વ્હાલા, ત્હમે ઘણા ઘભરાઇ ગયાછ. ખૂન કયારે થયું ? કયાં થયું, કેવા સંજોગ વચ્ચે થયું તે તો જણાવો.

સપલ—(યાદ કરીને) હું જમશેદ પાછળ દોડયો, તેનાં ઘરમાં દાખલ થયો, ને મ્હારા હરિફના હાથે જકડાઇ જતાં મહારી આંખો પર એકાએક એવો અંધકાર ફેલાયો કે તે સાથેજ હું બેભાન થયો ને તે બેભાનીમાંથી ભાનમાં આવતાં મેં મારા હરીફને મુવેલો જોયો.

પરીન—(વિચારીને શક લાવીને) ત્યારે તો ખૂન ત્હમે કીધેલું નહિ કેહવાય.

સપલ—કેમ નહિ તે મહારીપર તુટી પડયો. મેં તેને ભોંયપર પટકયો, ને બસ એક પલકનાં અંધકાર દરમ્યાન કંઇ એવો બનાવ બન્યો કે તે ઠાર થયો હતો.

પરીન—(તાજુબ થઇ) સપલ, ત્હમારી સુધબુધ કોણ જાણે કયાં જતી રહીછ? અરે ત્હમે એ શું બોલોછ ?

સપલ—હું તને કહી ચુકોછ કે મારી સુધબુધ ગુમ થઇછે. [બે વાગાના ટકોરાનો અવાજ આવે છે.] બે વાગા. હવે સવારૂં થશે, પોલીસ આવી પકડશે.

પરીન--(ગલે લગાડી) નહિ હું તેમ નહિ થવા દઉં. બોલો, હું કેમ બચાઉં? મ્હારો જાન ત્હમારા પ્રાણ અને ઇજ્જતના બચાવમાં હાજર છે.

સપલ—મ્હારા ફરિસ્તા, એવા ખયાલી બકવાદથી કશું વળવાનું નથી. હું ગુન્હેગાર છું મ્હને સજા ભોગવવીજ પડશે; ત્હારી સલાહ પ્રમાણે જયાં સુધી જીવ છે ત્યાં સુધી નાહાસીશ, કદાચ ત્હારાં જેવી મોહરદારના, પુનના પ્રતાપથી ખુદા બચાવશે.

[બજો બારણાંને અંદરથી બંધ કરી ધસી આવી પોતાની ખયરખાહી બતાવે છે.]

બજો—હેઠ, રખે બીહીતા. મ્હારીપર ભરોહો રાખજો. તમારી મેં હંદી વાત છુપાઇને હાંભળેલી.

[સપલ બજાના બન્ને હાથ હેતથી પકડે છે.]

સપલ--(દીવાના મીસાલ) બજા મ્હને બચાવ.

[પરીન પણ બજાના હાથ પકડે છે.]

પરીન--(માયાથી) અચાનક વરસેલી આફતઃ મુસીબતથી હમો ભાનભુલાં થયાંછ, હમુને કંઇ ઇલાજ બતાવ.

બજો--(સપલને) તમે મ્હારૂં માનહો ? હું એક રામબાણ ઉપાય બતાઉં.

સપલ--બતાવ. મ્હને નહસાડવા, બચાવવાનો કોઇબી ઇલાજ બતાવ. હું ત્હારો જનમનો આભારી થઇશ.

બજો--(પરીન તથા બાનુંને બતાવી) હેઠ આ બન્ને તમોથી હુખી છે, ને તમો ગયા તો બંને દુઃખી થહે; પછી તે દુઃખ મારાથી કેમ દેખી હકાહે ? માટે મારૂં હાંભલો ને હું કહુ તેમ કરો; તમે હટકી જાવો ને હું હપડાઇને હરકારમાં જાહેર કરાહ કે મારાં ભલાં બાઇની આબરૂ હાચવવા માટે મેં જમહેદનું ખૂન કયરૂં.

પરીન—(અજબ થઇ) તું ખૂની થશે ?

સપલ—(અજબ થઈ) તું ફાંસી જશે ?

બજો—હા ! ફાંસીએ એવાતો હુખથી ચડહ કે, મારા ભવમાં મેં કદિ નહિ વિચારેલું હુખ હું ફાંહીને માચરેથી મારી હાથે લેતો જવાહ.

પરીન—બજા, તું કેટલો ભલો, ભોલો ને ઉદાર છે !

સપલ—તું મ્હારે બદલે પોતાનો જાન આપશે નહિ !

બજો—હા હેઠ; ઘણુાજ હરખથી, એ માટે હું પોતાને ભાયગહાલી હમજહ.

સપલ—પણ હાલમાં હું એક ખૂનના પસતાવાના બળતરાંથી બળુંછ તેમાં તું મ્હને બે જણાના ખૂનની ધગધગતી ભઠ્ઠીમાં હોમાવી, પશેમાનીનાં ઈંગારમાં બાળવા માગેછ ?

બજો—તારે હું, તમે એકનું ખૂન કરી આ ભલાં બાઇને નિરદોહ બચ્ચાંને મારી જત્રા માંગો તે હું બીજા બે ખુન નહિ કેહવાહે ? મારૂ માનો, હટ ના કરો; આ ખરડાયલા કપડાં ઉતારો હું એ પેહરહ, ને જાહરે પોલીહ તમને પકડવા આવહે તારે હું બીહીધુજીને માની દેવહ, કે બાઇપર જમહેદે બુરી નજર કીધેલી તેથી મે તેને ઘેરે જઇ મારી લાયખો.

પરીન—બજા તું ત્હારી લાયકી બતાવેછ, પણ એક નિર્દોષને જાણી જોઇ ફાંસીએ ચઢાવવા જેટલાં હમે નિર્દય કેમ થઇએ !

બજો—નાચારીએ એમ કરવું પડે.

સપલ—બજા, તું ઘેલો થયોછ.

બજો—હું ઘેલો હતે તો ઘણું હારૂં થતે, કે તમારીપર પડેલી આ મુહીબતથી હું દુખી નહિ થતે. [રડીને રૂમાલે આંખ લુછે છે.]

સપલ—બજા રડ ના, ને વખત ના ગુમાવ. રાત હવડાં વહી જશે, કદાચ હમણાંજ ધાડ આવશે, માટે મારો અસતરો કાહડ, કે બાલ ઉતારી ચેહેરો ને કપડાં બદલી નાખું.

બજો—હેઠ, મારૂં નહિ માનવાનાં ! જો હપડાઇ ગયા તો હમો હંધાને મારી જવાના.

સપલ—હવે એક બી બોલ વધુ ના બોલતો. પરીન, ત્હારી પાસે જેબી રોકડ નાણું હોય તે મહને આપ. મારી પાસે થોડીક ગીની છે (ગજવાં તપાસતાં તે ખાલી જોઇ ચોંકે છે) અરે ! મારૂં ઘડિયાલ, છેડો, પૅાકેટ સંધુ કયાં ગયું ? [પરીન ચોંકે છે.]

પરીન—સપલ, ત્હમે શું બોલોછ? ત્હમે કહ્યું કે "ખુન કરી નહાસી આવ્યો" ત્યારે લુટાયા કયારે? કોણે લુટયા? (વિચારીને) ત્યારે તો જેણે તમુને લુટયા તેજ જમશેદનો ખુની હોવા જોઇએ.

સપલ—(માથું પકડી વિંચારીને) હા એમજ હશે, પણ તેની મ્હને કશી ખબર નથી, કે કંઇ સાંભેતી નથી. હવે ઉતાવલ કરો ને મ્હને ન્હાસવામાં મદદ આપો. પરીન થોડુંક નાણુ તો જરૂર જોઇશે.

[પરીન રડમસ થઇ આસમાન તરફ હાથ ઉઠાવી અફસોસ કરે છે.]

પરીન—ઓ ખુદા! આ કેવી આફત? કેવી મુસીબત? કેવી સકંડામણ? સપલ, મ્હારી પાસે એક રૂપીઆ પણ નથી.

સપલ—અરે કમનસીબી! હું તો કેથે નોકરી કરીને યા ભીખ માગીનેબી પેટ ભરીશ પણ (બાનુને જોઇ રડે છે) મ્હારી બાનૂ, મ્હારી પરીન, ત્હમારૂં શું થશે?

પરીન—તે પરવર હમુને પાળશે, ત્હમે ત્હમારી ફીકર કરો.

બજો—હેઠ, રખે હારી ખાતા! રખે ગમ કરતા! મેં તમારૂં નીમક ખાધુંછ ને ખાઉંછ. મને જો ચાહતા હો ને મને હુખથી મરવા દેતા હો તો મારે એકઠો થીએલો હંધો પગાર લઇ નાહી જાઓ; પરીન ને બાનૂને હું વહીતરૂં કરી ખવારહ.

[પરીન આભારની લાગણીથી બજાના હાથ પકડે છે.]

પરીન—બજા, એ ત્હારી કેવી દિલસોજી? કેવી ઉદારતા?

બજો—બાઈ, એમ ના બોલોરે! આ દેહમાં જે પ્રાણુ છે તે પણ તમારેજ છે. હું જે જીવુંછું તે તમારાજ માટે.

સપલ—બજા, ત્હારો ઉપકાર હું પાછો કેમ ફેરવિશ? હુ જીવિશ ત્યાં સુધી ત્હારી ભલાઇના દમ ભરિશ.

[સપલ બજાના હાથને આંખમાં દાબે છે. બજો કપડાં અસતરાની તૈયારી કરવા તથા રૂપીઆ લેવા જાય છે.]

પરીન—સપલ, કપડાં બદલી ત્હમારાં ખરડાયલાં કપડાંને બાંધી લઇ જઈ, કેથે દૂર દાટી દેજો, અથવા બાળી નાખજો.

સપલ—ઠીક. [સપલ કપડાં બદલવા અંદર જાય છે, પરીન ગુઠણે પડી રડતાં રડતાં સપલ માટે દોઆ ચાહે છે. બાનૂ ઉંઘમાંથી ઉઠી પરીનને રડતી જોઇ એક તગરે જોયા કરે છે.]

બયત

પરીન—ખુદાવંદ, ખાવીંદ, પરવર દિગાર,
અરજ સુન મુજની, ઓ રહમાન યાર.
મુસીબત ધણીનાં, તું સરપરથી ટાલ,
જફાથી બચાવી કર હમને નિહાલ.
ઘડી છે બુરી આય, તેથી બચાવ,
દુખીને ન પરવર, તું દુઃખથી દુખાવ.
સુની અર્જ મુજની, તું સંતોશ આપ,
વિપત્તી હમારી, તું આસાન કાપ.
બુજાઇછ કીર્તિ, બુજાયો દમામ,
ખુદાવંદ કરજે, તું રોશન તમામ.

બાનૂ—વ્હાલાં મમા, વળી તમે રડોછ કાંય?

પરીન—મહારા ફરેસ્તા, ખુદા સિવાએ હવે આપણે માથે કોઇ રહ્યું નથી.

[પરીન રડે છે, બાનુ જોઈ જોઇને ધભરાતી માયને પુછેછે.]

બાનુ—માયજી, શું કહ્યું? માથે કોઇ રહ્યું નથી? આય શું, બાવા ને બજો છેની? ત્હમે રડોછ કાંય?

પરીન—દીકરી, આપણાં નસીબ ફુટાં. પપા હવે કયાં ને કયારે મળશે?

બાનુ—એ શું બોલોછ, મમા? શું પપા હજી નથી આયા? બજાને શોધવા મોકલો—હું એવણને ખુબ ખખડાવીને કહીશ, કે રાતનાં મહારાં માયજીને એકલાં મુકીને બાહર ના જાવો.

[સપલ બાલ ઉતારી પોશાક બદલી આવે છે, ને બાનુને જાગતી જોઇ ગળે લગાડે છે.]

સપલ—મહારા ફરેસ્તા તું જાગેછ કે?

બાનુ—પપા ત્હમે કયારે આવ્યા! જાવ, મહને ત્હમે જરા નથી ગમતા, ત્હમે રાતના બાહર ફરી મહારાં મમાને રડાવોછ, હું ત્હમારી સાથે નથી બોલવાની.

સપલ—(રડે છે) મહારા ફરેસ્તા, મહને માફ કર. (રડે છે, બાનુ ટગર ટગર જોયા કરે છે.)

બાનુ—પપા, ત્હમે રડોછ કાંય? હું ફિકૃા નથી કરતી! લેવો હું કીસ લેઉંછ.

[બાનૂ સપલને 'કીસ' લે છે, બજો પૈસાનો બટવો લાવેછે.]

સપલ—
પરીન— } મ્હારાં કલેજાં.

[ત્રણે આપસમાં જુદાઇની બગલગીરી કરે છે, સપલ ને પરીન ડુસકે ડુસકે રડે છે, તે જોઇ બજો રડે છે અને બજાને જોઇ બાનૂ રડે છે.]

બાનુ—પણ ત્હમે રડોછ કાંય ! બજા, તું પપા મમાને સમઝાવની ?

[બન્ને જણા પોતાની આંખ લુછેછે.]

સપલ—બેટા, હું બાહરગામ વેપાર કરવા જાઉંછ તેથી (પરીન, બજાને બતાવી) એઓ રડેછ. જોઉં, એક વખત મહને ચાંપીને ક્રોતી કર.

[સપલ પરીન ભેટતાં રડે છે.]

બાનુ—જા બા, ત્હમે ના રડોની ! મહને બી રડવું આવેછ.

[બાનૂ રડે છે, પરીન છાતી સાથે દાબેછ.]

પરીન—ના રડ, દીકરી. ખુદા સઉ સારૂંજ કરશે.

[બજો થેલી આપવાની અરજ કરે છે.]

બજો—હેઠ, આ થેલી હંબાલી રાખજો; મનમાં માઠું ના લાવતા. કેથે જઇ ઘર પડો તારે લખી જણાવજો, બીજાબી જોઇહે તો હું ઉછીકાપાછીકા કરીનબી મોકલાવી આપહ.

[બજો થેલી આપે છે, સપલ આભાર પૂર્વક નમીને લે છે.]

સપલ—ભલા બજા, ત્હારૂં હેસાન હું કઈ રીતે વાળી આપીશ ? તું બિચારો એક ગરીબ છે, પણ તેં તો આજ મારા બાપ ભાઇની ગરજ સારીછ. દુન્યામાં ઘણા નોકરો છે પણ તે પેટ ખાતર વહીતરૂં કરેછ, (બજો રડે છે) માત્ર તુંજ, તુંજ, એક નીમકહલાલ નોકર પોતાનાં શેઠશેઠાણી માટે જાનની કે જરની પરવા નહિ કરતાં તેમનાં તરફની માયા માટે ખરી ફરજ બજાવી રહયોછ :—

બજો—(આંસુઓ લુછીને) ના બોલો રે હેઠ, એમ ના બોલો. મને તો ખદાયજીએ તમો વાહલાંઓનીજ ચાકરી કરવા પેદા કીધેલો.

સપલ—હવે તું આ મારાં વાહાલાંઓનો બાપ, મુરબ્બી જે કહુંછ તે તુંજ થજે. ત્હારી મદદ અને ખુદાના આસરા હેઠળ એમને મુકી જાઉંછ. (ઘડીયાળમાં ચાર વાગાના ટંકારા સંભળાય છે) વહાલી,

એક છેલ્લી કોટી. (કોટી કરે છે) કદાચ સરજતમાં હશે તો મળશું, નહિ તો પેલી જહાનમાં સાથે થઇશું.

[સપલ હેતથી પરીન તથા બાનૂને ગલે લગાડે છે]

બજો—હેઠ, પાછલી બારીએથી જહો તો ઠીક થહે.

બાનુ—મમા, પપા કયાં જાયછ? ત્હમે એવણુને ના જવા દેવો.

સપલ—(સ્વગત) ઓ કમનસીબ જુદાઇ, ત્હારો સંતાપ કયા પત્થરના હૈયાંથી હું સહન કરીશ!

પરીન—સપલ, ખુદા તને કયારે પાછો હસતો મેળવશે?

સપલ—ખુદા ચાહશે ત્યારે.

બજો—ખુદા પરજ વિશ્વાસ રાખો. જો ભોલા બજાનું ચાહવું છે તો, હવે હારૂંજ થહે. [સપલ ફરીથી દીકરીને ભેટે છે.]

સપલ—વ્હાલી પરીન, પ્યારી બાનુ! (બજાના બંને હાથ પકડીને નમે છે.) ભલા બજા, ખુદા ત્હમારો નિગાહબાન, અને મારો બચાવનાર થાય.

[ઘણાં દુઃખથી છુટો પડે છે, સપલ બારીએથી નીચે ઉતરે છે, પરીન ગમખાર જુદાઇથી ચીસ મારી પછડાઈ પડે છે.]

પરીન—સપલ! મારા સપલ! (બેહોશ થાય છે, બજો સંભાળે છે, બાનુ પરીનને વળગી પડે છે.)

બાનુ—(રડીને) મમા ત્હમુને શું છે? પપા કહાં ગીયા?

બજો—દીકરી! (પાસાંમાં દાબી) પપા બાહાર ગયા, ને મમાનું માથું ફરે તેથી એમ હુતાંછ, (રડતાં સ્વગત) હવે આ બન્નેનું દુઃખ મારાથી નહીં હંખાવાનું. ખદા તને બીજો કોઇ ન્હી મયલો કે મ્હારા નિરદોહ બચ્ચાંનેજ હેરાન કીધાં?

[બજો રડે છે, બાનુ હાથથી તેનાં આંસું નુછે છે.]

બાનુ—બજાબા ના રડો, મ્હને બીહિક લાગેછ.

[બહાર કોઇ સાથે વાત થવાનો અવાજ આવે છે બજો કાન આપે છે, અને ચોંકી ઉઠી પરીનને હુશીયાર કરે છે.]

બજો—બાઇ જરા હિમ્મત રાખો. (હીલવીને) ઉઠો, બાહાર ગડબડ હંભલાયછ. (પરીન જરા હુશિયાર થાયછ.) જે બીહિક રાખતાં ઉતાં તેજ થયલું.

પરીન—(ચોંકી ઉઠી) શું પોલીસ આવી?

બજો—(ધીમેથી) હા, તેમજ દીહે, હવે તો હિમ્મત રાખજે. આપણે કહું જાણુતાં નહિ હોઇએ તેમજ કરહું, હું બુચીને પાહેના ઓરડામાં લઇ જાઉંછ. હમણુા આઉંછ. [પરીન કપડાં સીધાં કરી હુશિયાર થઇ તૈયાર થાય છે.]

પરીન—(સ્વગત) હવે મરદની હિમ્મત, અને પથ્થરનાં હૈયાંની મને જરૂર છે. (બજોને) બાનૂને તું દૂરજ રાખજે. (આસમાન તરફ હાથ કરી સ્વગત) ખુદા, તું હિમ્મત સાથે યારી આપજે, મુશ્કેલી કાપજે.

[બારણાંપર ટકોરા પડવાનો અવાજ આવેછ, બજો બાનૂને ઉઠાવી બીજા રૂમમાં લઇ જાયછ, પરીન ઉંઘમાંથી ઉઠી હોય તેવી સૂરત કરી બારણા પાસે જઈ પુકારેછે]

પરીન—(અંદરથી) કોણુ છેવ?

ફીરોજ—(બાહારથી) બારણું ઉંઘાડો, એ તો હું ફીરોજ ફોજદાર છેઉં. (પરીન બારણું ઉઘાડે છે.)

પરીન—કેમ? શું છે? કોનુને પુછોછ? [ફીરોજ, કોનસ્ટેબલના પોશાકમાં દાખલ થઇ, આસપાસ ચોરી અને ચોકસાઇથી નજર ફેંકી તપાસ કરે છે]

ફીરોજ—પરીન, હું ત્હમારી ઉંઘમાં ખલલ કરવા માટે દિલગીર છેઉં.

પરીન—પણુ છે શું? સહવારે સપલશાહને મળજો.

ફીરોજ—શું સપલ ઘરમાં છે?

પરીન—તેવણુ તો સાંઝના બાહાર સધાવ્યાછ, કદાચ હવડાં આવશે, બોલોની શું કામ છે?

ફીરોજ—ઘભરાતાં નાં, જરા હિમ્મત પકડજો. મ્હને મ્હારી નોકરીની ફરજની રૂએ ઘણુંજ દિલગીરીભરયું કામ બજાવવું પડેછ,

પરીન—દિલગીરી શાની? બતાવોની? ફરજ શું છે, બતલાવોની?

ફીરોજ—ત્હમારા સપલશાહે આજ રાતે જમશેદનું ખૂન કીધુંછ.

[પરીન અજબ થઇ હિંમતનું ડોળ કરેછ.]

પરીન—જમશેદનું ખૂન? બને નહિ, મહારો ધણી એવું કર્પીણુ કામ કદી કરે નહિ, ભઈ ફીરોજ ત્હમે હમજાત તેમજ તેમના દોસ્ત છેવ, ત્હમે તેમને ઓળખો છો. બતાવો, તેવો એવું કામ કરે તેવા છે? ખચીત ત્હમુને કોઇએ ભુલાવો ખવડાવ્યોછે.

ફીરોજ—(ભવાં છહડાવી) અરે ભુલાવો શાનો ? તેને ખુન કરી નાહાસી જતાં ઘણા લોકોએ નજરેનજર જોયોછ, અને સરકારમાં સંધું જાહેર થઇ ચુકુંછ, તેથીજ મહારા ઓધ્ધા અને ફરજની રૂએ તેને શોધવા આવવું પડયુંછ.

પરીન—ફીરોઝશાહ, મ્હારૂં માનો ત્હમે ગોતું ખાવોચ. મ્હારો સપલ શું એવું નીચ કામ કરે તેવો છે ? [ફીરોજ લગાર મોઘમમાં દિલાસો દેવાની તજવીજ કરે છે.]

ફીરોજ—તે તો પુરવાર કરવાનું કામ આપરાજ હાથમાં છે, ત્યારે તેવણુ અહીં નથી આવ્યા એ ખરૂં બોલોછ ? મહને ઘરમાં ઝડતી લેવાની રજા આપશો ?

પરીન—હું ખુદાના કસમ ખાઇ કહુંછ કે સપલ હવડાં ઘરમાં નથી.

ફીરોજ—નહિબી હોય. (વિચાર કરી) ત્યારે તો મહને બધાં સ્ટેશનોપર ટેલીગ્રાફ કરી તપાસ કરવી જોઇએ. તસદી માફ કરજો, હું રજા લઇશ.

[પરીન વચમાં આડી ઉભી રહી તેને જતો અટકાવેછ.]

પરીન—(હિંમતથી , ત્હમે ક્યાં જાવોછ ?

ફીરોજ—મહને મહારી ફરજની રૂએ હવે ચોર કુતરાની માફક જગે જગ સુંધી સુંધીને તેને શોધવો જોઇએ.

પરીન—(કાલાવાલા કરી) જરા ઠોભો, બેસો, મેહેરબાની કરો, ને બધી હકીકત જણાવો.

ફીરોજ—વાત વાતમાં વખત જવાથી મહારી ફરજમાં હું ખતા ખાઇશ. હું ત્હમુને સહવારે આવી બધી હકીકત જણાવિશ.

[ફીરોજ સીસોડી વગાડવા ચાહે છે, પરીન આતુર ચેહેરે તેને રોકે છે.]

પરીન—એ ત્હમે શું કરોછ ?

ફીરોજ—સિપાહીઓને તાકીદ કરૂંછ કે તેઓ હવે જૂદે જૂદે રસ્તે દોડી જઈ તપાસ ચલાવે.

[પરીન હિમતથી સીસોડી છિનવી લે છે, ફીરોઝ અજબ થાય છે.]

પરીન—તેમ નહિ બનશે, ત્હમારાથીબી ઓરડો છોડી નહિ જવાશે.

[પરીન હાથ પોહોળા કરી આડી થઇ ઉભી રહે છે.]

ફીરોજ—(તાજુબીથી) એટલે ત્હમે શું કેહવા માંગોછ ? (ચેતીને) ત્યારે કહોની કે સપલને ત્હમે જાણી જોઇને છુપાવ્યોછે યા નહસાડેલોછે.

પરીન—તે હું નથી જાણુતી (પરીન થાપ આપી રોકે છે.) ફીરોજશાહ મહને કંઇ અગતની ને અંગત વાત કરવીછ, જરા થોભો.

[આસપાસ નજર ફેંકતા, ફીરોજની નજર ટેબલપરની પિસ્તોલ તરફ જાય છે, પિસ્તોલને કબજામાં લે છે, પરીન ધભરાય છે.]

પરીન—ફીરોજ, ખબરદાર ! (પરીન તક જોઇ પિસ્તોલ છિનવવા ચાહે છે, ફીરોજ ઉસ્તાદીથી બચાવે છે.) અહીંથી એ લઇ જશો તો ત્હમે પસ્તાશો. એ મતા મારી છે, અને તેની જોખમદાર હું છઉં.

ફીરોજ—પરીન. ત્હમે કોણની સામે થાવોછ તેનો કંઇ ખિયાલ છે !

પરીન—છે ! પણ એક ઓરત જયારે જીવપર આવી લડેછ ત્યારનાં તેનાં બળનો તમને ખિયાલ નથી છેડાયલી ઔરત સિંહથી પણ જોરાવર, વરૂથી પણ વિક્રાળ અને સાંપથી પણ વધારે ઝેરી હોય છે, તે ત્હમે જાણોછ ?

[ચતુરાઇ અને ચપળાઇથી પરીન પિસ્તોલ છીનવી લે છે. ફીરોજ સ્તબ્ધ થાય છે.]

ફીરોજ—હં હં ? એટલી બધી મરદાનગી ? (ફીરોજ નરમ પડી પિસ્તોલ છિનવવા બાજી ખેલે છે.) પરીન જરા શાંત થા, અને મને કેહ, કે સપલ ખુંન કરી અહીં આવી તને જણાવીને નાહાસી ગયોછ? એ હકીકત તું જાણેછ, પણ તું અંજાણી થઇ તેને બચાવવા માંગેછ?

પરીન—(આસપાસ જોઇ ધીમેથી) હા, હું જાણુંછ, તેઓ નાહાસી ગીયાછ. તેઓને હું મારા જીવને ભોગે બી બચાઉં, પણ નાચાર તેમ થઇ શકતું નથી.

[પરીન રડે છે. ફીરોજ તેને નબળી જોઇ અજમાવે છે.]

ફીરોજ—જો ત્હમે મારૂં માંનો તો બચાવી શકોછ.

પરીન—જો ત્હમે કોઇ એવો ઉપાય બતાવો તો હું જીન્દગી સુધીની ત્હમારી આભારી થઇશ.

ફીરોજ—તે નાહાસતાને ન્હસાડવામાં મદદ કરીશ, તે દૂર નાહાસી ગયલાને નચીંતે દુરદરાજ જંપીને બેસવા દઇશ અને સેવટે તેને ફાંસીએ લટકતો પણ બચાવી લઇશ.

પરીન—(હાથ જોડી) ઓ ? હું ત્હમારી કેવી આભારી થઇશ ? મને દુરદરાજ જંગલમાં યા વીરાન બીયાબાનમાં પણ તેમની સાથે છુપાઇ રેહવાનું મળશે, તો હું તેમાં સુખ માનીશ.

ફીરોજ—નહિ ! ત્હમારાથી ત્યાં જવાશે નહિ. તેને જીવતો રાખવો હોય તો ત્હમુને અહીંજ રેહવું પડશે.

પરીન—ખયર ! જયાંબી તેવણ હોય ત્યાં જીવતા અને તનદરોસ્ત રેહ એટલે હું સુખ માનીશ.

ફીરોજ—એ બધું બની શકે તેમ છે, પણ તેના માટે ત્હમુને મોટો ભોગ આપવો પડશે.

[ફીરોજ ગત રમે છે, ભોલી પરીન જુદુંજ સમઝે છે.]

પરીન—ભઇ ફીરોજશાહ, મ્હારો સપલ તો શરત અને દારૂની લતમાં તદન ખુહાર થયોછ; તેના નાહશી જવાથી તો હમો તદન કંગાલ અને પાયમાલ થઇશું, ત્યારે કહો કે તેને બચાવવા મારી પાસે શું છે જે, હું ત્હમુને મોટો ભોગ આપું ?

[બજો ધીમે પગલે આવી, અલગસે બારણું અંદરથી બંધ કરી એક તરફ ઉભો રહે છે. તેની પછવાડે ઉંઘમાં આંખ ચોળતી ધીમે પગલે બાનૂ પણ આવી ઉભી રહે છે.]

ફીરોજ—ત્હમારામાં તે ભોગ અદા કરવાની તાકાત છે, અને ત્હમે તે આપી શકશો.

પરીન—ત્યારે જણાવો, ને માંગો. આપવા ઘટતું હશે તો મારા જાનના ભોગેબી ત્હમારી શરત બજાવવા તૈયાર છું.

ફીરોજ—તે કંઇ નહિ, તે ત્હમે પોતેજ છેઓ.

પરીન—(ચોંકી શકમાં) એટલે ? ત્હમે શું કેહવા માગોછ ?

ફીરોજ—ત્હમે ત્હમારાં દિલથી જો મને મ્હાવો તો ત્હમારો સપલ જરૂર ફાંસીથી બચંશે, આફતથી ટળશે.

પરીન—(ઝનુની બને છે.) ઓ નીચ હ્યાનતી કુતરા ! દૂર થા, ત્હારૂં કાળું કર; જે ત્હારાથી થાય તે કરજે. ત્હારી સરકાર મદદગાર છે તો મ્હારો ખોદા મદદગાર છે.

ફીરોજ—હં હ ! મરતાં પડતાં પણ હજી એટલી હિંમત, સરકશી ને બહાદુરી ?

પરીન—ઓ બાયલા બદમાશ, બહાદુર ઓરતની હિંમતે તો બાજે વખત પેહેલવાનોને કમકુવત બનાવ્યાછ. અને અકકલમંદોની અકકલને ભુલાવી હેરાન કીધાંછ તે તું જાણેછ ?

ફીરોજ—(કીનાથી) ઠીક છે, હું હમણા ઘટતે ઠેકાણે તાર કરી તેને સહવાર પડતાં મારો કેદી બનાવી, ત્હારી હિંમત અને સરકશીને કેવી જેર કરૂંછ તે તું જોજે.

[પરીનને ગફલતમાં જોઇ ફીરોજ પિસ્તોલ છિનવી લે છે. પરીન તેને જતો અટકાવે છે.]

પરીન—ફીરોજ, થોભો. તેમને નાહાસી જવા માટે થોડો વખત આપો.

[પરીન ડગલો પકડી અટકાવે છે, તે પરીનને પટકી નાખે છે, બજો ધસી આવી ફીરોજના હાથમાંની પિસ્તોલ પછવાડેથી છિનવી લઇ સામો તાંકી ઉભો રહે છે.]

બજો—ફીરોજ ! હંબાલજે બચ્ચા ! ત્હારી ફોજદારી અહીં નહિ ચાલહે, હમયજે ?

[પરીન ઉઠી ઉભી થાય છે, બાનું દોડીને પરીનને વળગે છે.]

બાનુ—મારાં મમાં ! (બુમ મારેછ) આ કોઇ આવો, મમાને બચાવો.

ફીરોજ—(ગાફેલ થઇ) મારીપર ટાગરો ડીક રચ્યોછ; પણ ત્હમે મને રોકી નથી શકવાનાં.

[હિંમતથી પીસ્તોલની દરકાર કરયા વિના જવા ચાહે છે, પરીન બાનૂને સામી ધરી કરગરી કાલાવાલા કરે છે.]

પરીન—ફીરોજ, મારાં નિર્દોશ બચ્ચાં ખાતર દયા કર ! એ નિરાધારની હાલતપર મયા કર !

ફીરોજ—દયા ? એ કયા બેહયા શખ્સે બનાવેલો બોલ છે ? બચ્ચું ને ત્હમે હવે ગમે તેમ મરો, ને મ્હને મ્હારી ફરજ બજાવવા દેવો.

પરીન—(હિમ્મતથી છંછેડાઇને) ખયર ! તો ખુદા મદદગાર છે. ત્હમે તમારી ફરજ બજાવો, ને હમે હમારાં વાહાલાં તરફની ફરજ બજાવશું.

[ફીરોજ જવા ચાહેછે, ખેંચતાણ કરતાં પરીન પટકાયછે, બાનૂ ગોખ્યારૂં મચાવેછે. બજો ફીરોજને ગરદનમાંથી ધરીને પટકી પાડી માથાંપર પિસ્તોલ તાંકી રોકેછે, પરીન ઉઠીને ફીરોજ તરફ ડોલા ઘુરકી મગરૂરીથી ભવાં ચ્હડાવી જોયછે.]

સ્તબ્ધ.

(અંક ૧ લો સમાપ્ત.)

અંક બીજો—પ્રવેશ પેહલો.

પુના-પરીનનું મકાન. ત્રણ વર્ષનો ગાળો.

[પરીન પોતાની કંગાળ ઝુપડીની બાહાર વિધવાના પોશાકમાં સદરો સીવતી જણાય છે. ઝુચી બાનૂ રમતી જણાય છે, બાજુ સઘડી મેળેલી છે, તેમાંથી ધીમો ધુમાડો નિકળે છે. સપલ યાદ આવતા સદરો બાજુએ મુકી અફસોસ કરે છે.]

પરીન—(સ્વગત) સપલ ! કલ્યાણીનાં જંકશનની ભયંકર હોનારતે ત્હમારો ભોગ લઇ, મ્હારાં નસીબનો નાશ કીધો. હાય ! જાન જતી વખતે હમો માદીકરીને મળવા ભેટવા કેવો તવલાટ કીધો હશે ? (રડે છે.) જાન જતાં કેવી ખેંચતાણ થઇ હશે ? ખુદા : જેવી ત્હારી મરજી. ફાંસીની ફજેતી તથા રૂસવાઇથી બચાવી તેઓને ત્હારી દરગાહમાં બોલાવી લીધા એ ઠીકજ થયુંછ. (પસ્તાઇ) પરવર, હું જે ત્હારી મરજી વિરૂધ વમાસન કરી રડીને ગયરઇન્સાફ કરૂંછ તે ગુનાહ માફ કરજે, ને મુફલસીની કંગાળ આફતથી તું હમને બચાવી મ્હારા ખાવિંદના રૂહને રાહત બખ્શી, હમને ધીરજ ને સંતોષ બખ્શજે.

[બાનૂ ઘોડાનાં રમકડાં સાથે રમતી રમતી આવે છે.]

બાનૂ—મમા ! હજી બજાબા નથી આયા કે ? તેવણ કહી ગયાછ કે, આજે ત્હારે માટે હું મિઠાઈ લાવિશ.

પરીન—દીકરી, બજાબા આવતા હશે, ખુદા એને સલામત રાખે. કમનસીબીએ આપણને તરછોડયાં, પોતાનાં અને પારકાંઓએ ખૂનીના બેશા ગણી ધિકકારયાં, પણ ફકત એક એ બજા બા, આપણા માથેવાસે રહી, મજુરી અને વહીતરૂં કરી, આપણું ગુજરાન કરેછ.

બાનૂ—મમા! બજાબા કેવા ભલા છે હં ? ગઈ કાલે મ્હને ઘણી ભુખ લાગી હતી, ને ત્હમે તો મ્હને એકજ રોટલી આપી હતી, પણ

બજાબાએ પોતાની રોટલી આપી પોતે ભુખા સુતા હતા, ને મ્હને કેહ જે માને કેહતી ના.

પરીન—દીકરી, ખુદા એ મુરબ્બી તોલના મેહેરબાનને સલામત રાખે.

[બજો થંડીથી થથરતો, બગલમાં થોડી નેતર, વાખ અને મિઠાઇનું પડીકું લઇ આવે છે, નેતર ને વાખ બાજુએ મુકે છે, ને પરીન સાથે વાતે બેસે છે.]

બાનૂ—બજા બા, બજા બા. [કોટી કરે છે.]

બજો—આવ, દીકરી, હું તારા હારૂં મિઠાઇ લાયવોછ.

[પડીકું આપતાં બાનૂ ખોલીને ખાય છે.]

પરીન—(થંડાથી થથરતો જોઇ) બજાબા, જરા સઘડી પાસે બેસ બા. મરૂંરે થંડીમાં કાંય રખડી રવડી આવ્યો ?

બજો—તમે મ્હારી ફિકર રખે કરતા, મને હું ધારે ખાધેલો ? (સઘડી જોઇ) ખરાર! આજે હંધા કોયલા પુરા થયલા. મારી મા તું ને તારી પોરી થંડીથી કેવાં થથરતાં હોહો ?

બાનૂ—મમા, જોયું કે એવણુ બિસ્કોટ ને પેપરમીટ લાયાછ. લેવો, તહમેબી ખાવો. (થોડી મમાને આપેછ) ને બજાબા તહમે રાતના ભુખા છેવો, તહમેબી ખાવો.

(થોડી બજાને આપેછ, બજો પાછી આપી પ્યારથી પેટમાં દાબેછ)

બજો—મારી દીકરી, મારૂં પેટ ભરાઇ ગયલું, તું ખાઇને આહુદી ફરે તો મારી ભુખ, થાક હંધુ ઉડી જાય.

[બાનૂ મા પાસે જાયછ, તે પાસાંમાં ચાંપેછ.]

પરીન—મ્હારા દીકરી, ભુખથી તું કેવી ટવળેછ ? (આકાશ ભણી જોઇ) ખુદા ! તું ભુખાં ઉઠાડેછ, પણ ભુખાં સુવાડતો નથી, એ ત્હારી કેહેતી કયાં ગઇ ?

બજો—પરીન મા, કાલનો આખો દાહડો નેતર ભરવામાં કાયરો, પણ હંધાં ઘરાક એવાં કંજુહ, મયખીચુહ મયલાં કે, મેનત તો બાજુએ રહી, પણ પુરા નેતરનાએ પૈહા નિહ આપી મુવેલાં.

પરીન—બજા બા, વિપત્તીમાં શાંતિથી મ્હોટો સંતોષ મળેછ. દિલગીર ના થા. આજે સદરા સીવીને પુરા કીધાછ, કાલે થોડાક પૈસા મળશે, આપણી ફિકર ટળશે.

બજો—મા, આંખને ના ખરાબ કર, આખો દીને રાત આંખને ખેંચી ઉજાગરા કરે, ને મજુરી તો ધમ દઇને હદરાના પાંચ પૈહા મળે.

પરીન—શું કરયે ? ભુરાં નસીએ, મેહતન મજુરીમાંથી કંઇ મળતું નથી.

બજો—કાંહથી મળે ? સહિઆરીમાં મરી રીએલાં, તે અંગરેજી હાપમાં જઇ, માલેતુજાર દુકાનદારો પાહે પોલકા ને ઢોલકા હીવ્વારી એકના દહધણા હીલાઇના પૈહા આલે, ને જે ખરા મોહતાજ ને ગરજવન, તેને બે પેહા વધુ આપતાં છટ નાનછન કરી એકેલ ડોકેલ કરે.

[માકો ભાડાંની ઉઘરાણી કરવા આવે છે.]

માકો—બજા, વાયદો પુરો થયો. ભાડું આપો, જલ્દી કરો.

પરીન—(સ્વગત) ખુદા ! એ વળગેલી જુ કેમ છુટશે ? લોહી પીસે તોભી નહિ તૂટશે.

બજો—માણેકહા હેઠ, હું કરૂં ? વાયદો આપેલો પણ નાચાર છું. માફ કરો. આખું અઠવાડયૂં થીયું મજુરી માટે ફાંફાં મારી રખડી રજળીને ઘેર ખાલી હાથે આવુંછું, મજુરી તે કાંહથી મળે ? હવદેહી હવદેહીનાં નાહક તુફાન કરી પેલી મરીકાનથી નેતરની ખુરહી આવે તે તો કોઇ આવતી અટકાવતા નથી ? બાપા, થોડા દહાડા થોભી જાવો તો મેહેરબાની.

માકો—છ છ મહીના થયા ભાડું ચહડાવી મુકયું ને હજી થોભવા કહેછ ? તહમો ઉપર નોટીસો કીધી, સમન લીધો, ડીકરી મેળવી તે છતાં હજી ભાડું મળે નહિ ? હવે બાકી ટાંચ રહીછ.

પરીન—માણેકશાહ શેઠ, હમે તમુને ઘણી વખત કહ્યું, કે મહીને મહીને ભાડું ઉઘરાવી જાવો, પણ તહમેજ ભાડું ચહડાવી હવે તંગી છે ત્હારે દબાણ કરોછ ?

માકો—હું કંઇ તહમારા બાપદાદાનો નોકર ચાકર છું, કે દર મહીને ધકેલા ખાઉં, ને ભાડું લઇ જાઉં ?

પરીન—વારૂંજી, માફ કરો, હવેથી વાયદાસર આપશું, પોંહચાડશું.

માકો--(જુઠી ખયરખાહી બતાવી) જયારે તહમારી એવી હાલત છે, ત્યારે કેથે નોકરીચાકરી કાંય નથી કરતા ?

પરીન--મ્હને કોણ રાખે? ને જો જાઉંબી તો મ્હારૂં બચ્ચું કોણ પાસે રેહ? એને કોણ તપાસે?

માકો—હા, એબી ખરૂં. કોઈ પુછે કે એવણ કોણ? તો કોઇબી કેહશે કે સપલ ખુનીની બૈરી, એટલે કોઇબી કચવાય, એમાં તો કશો શક નથી.

બજો—હેઠ, મ્હોનું હંભાલીને બોલો, ખૂન થીએલું ખરૂં, પણ કોણે કીધું એ તો ખદાયને ખબર! મ્હારા બેહતી હેઠપર બોહતાન કાં નહિ મેળાયું હોય?

માકો—મ્હને એ વાત સાથે કશું લાગતુંવળગતું નથી, મ્હને તો મ્હારા છ માસનાં ભાડાંના રૂપ્યા જોઇએછ. જો આ અઠવાડીયાંની આખેરીમાં ડીકરીના રૂપ્યા નહિ આપશો તો ટાંગ કાહડી તમારાં બધાં હાલ્લાં થોબલાં ફેંકી દઇ તમુને થંડીમાં થથરતાં બાહાર કાઢીશ.

પરીન-- માણેકશા શેઠ, એટલા નાતરસ ના થાવો. હમો મુફલીસનાં આટલાં નજીવાં ભાડાં વગર ત્હમે ગરીબ થવાના નથી.

માકો—રૂપ્યા મ્હને ફીરોજ ફોજદારને ભરવાના છે, તે હું કયાંથી ભરૂં?

પરીન—ત્હમે એમ અમુને ના ધભરાવો, કહો તો હું જઇને તેમને કાલાવાલા કરૂં.

માકો—તે ત્હમે જાણો. મેં તો તેવણ પાસે બધી મિલકતોનાં ભાડાં ઉઘડાવવાનું કંત્રાકટ લીધુંછ. ને ભાડુતો ધરાધર ખાલી કરી જાયછ; તેથી દર માસે ખોટ ભરતાં ભરતાં મ્હારાં નાકપર દમ આવ્યોછ; કહો હવે શું કરૂં ને કેમ થોભું?

પરીન—ત્હમે ગુસ્સે નહિ થાવ, ને સલાહ આપો તો હું જઇને તેઓને સમજાઉં.

માકો—ત્યારે તો સત્તર આનાની વાત, ત્હમે ઠીક કહ્યું. ભલે જજો. ત્હમારૂં ભલું થાય તો તેમાં હું રાજી છું.

બજો—(પરીનને) હાજી, કંઇ નહિ, જૂવો, બુચીને હાથે લઇને હધાવો હું પણ કાંઇ કામ કરી અહતો ઘેરે આવહ.

માકો—પરીન બાનૂ, ત્હમે કાલે જરૂર જજો, હું પણ શેઠને એ વાત કહીશ. (સ્વગત) આપણે પણ તેજ માગતા હતા. પોરી ચાલી

ચલાવીને ઘેર આવે તો પીરોજનું કંઇ કામ થાય, ને બંદાએ કંઇ કીધું કરી કેહવાય.

બજો—માણેકશા શેઠ, તમારી મેહરબાની.

માકો—મેહેરબાની ખુદાની. ખુદા ત્હમારૂં ભલું કરે (બાનુને) કેમ શું કરેછ? (ગજવાંમાંથી પૈસા કાહાડે છે) લે મા, આ ચાઇચાઈ તને ગમેછ?

[માકો બાનુને પૈસા આપે છે, બાનૂ પરીનનું મ્હોડું જોય છે, પરીન ઇશારતથી ના પાડે છે.]

બાનુ—નહિ બા, મ્હારાં મમાં કેહેછ કે કોઈના ફોકટના પૈસા નહિ લૈયે.

બજો—કંઇ નહિ, લે દીકરા. એવણ તો કાકા છે, (બાનૂ લઇને પરીનને આપે છે.)

માકો—હવે હું જઇશ. (જતાં જતાં) પણ ત્હમે પીરોજને બંગલે જવાનું ભુલતાં નહિ.

પરીન—વારૂંજી, જરૂર જઇશ.

બાનુ—આવજો, કાકાજી, સાહેબજી.

માકો—સાહેબજી,

બજો—તાતા! તાતા!.

માકો—શું! બજા, તાતા શું?

બજો—હવડેના હુધરેલા, ઘેર જતી વેલાએ તાતા કહીને હલામ કરે તે.

માકો—તે તાતા નહિ ટટા!

બજો—એ તાતા, ડટ્ટા ને ઠઠા હઉ એકજ.

[બજો બાનૂને ઉઠાવી અંદર જાય છે, પરીન ખુરસીને સધડી અંદર લઇ જાંય છે.]

અંક ૨ જો--પ્રવેશ ૨ જો.

—o—

ફીરોજનું દિવાનખાનું.

—•••—

[ફીરોજનાં મકાનમાં "ટી પાર્ટી" ના મેળાવડામાં બાનુઓ તથા ગ્રહસ્થો બિરાજેલાં છે.]

ફીરોજ—મીસ ખુરશેદ, જો ત્હમે ગાઇ સંભળાવશો તો ત્હમારો મધુર સરોદ સાંભળી દરેક મેહમાનો ધણાં ખુશી થશે.

ખુરશેદ—વારૂંજી, ગાઉંછ.

ગાયન.

ખુરશેદ—ખરે તારે ખુદાતાલા, જગતમાં સતપન જે નિત રાખે,
જુઠ હારે, મતિવાલા, આખરમાં, બદમન જે ફંદ નાખે.
નિતિને દરિયે, નાવ બદીની, છલ કપટ મહી હારે,
નહિ તારે, રસિલી, છબિલી; કપટમા રાહત મન તજી નાખે.
વાવો તેવું પામશો, જગની આ છે રીત,
કરણી તેવી ઉતરણી, નેકીની છે જીત.

(મેહમાનો તાલીથી મીસ ખુરશેદને શાબાસી આપે છે.)

એમી—મ્હારી મેહેરબાન બ્હેનો, આજે ત્હમોએ હમારાં ગરીબનાં ઇજનને માન આપી અત્રે તસ્દી લીધીછ, તે માટે હું ત્હમો સર્વેની આભારી છું [ફીરોજ પણ સર્વેના આભાર માને છે. એમી રિફ્રેશમેન્ટ લેવા સર્વેને અરજ કર છે.]

ચાલોજી, બગીચામાં રિફ્રેશમેન્ટ તૈયાર છે.

[સર્વ જાય છે. ખુરશેદ એક પુતલાંને જોતી ઉભી રહેછે, ખુરશેદને જોઇ ફીરાજ પણ થપકી મારે છે અને એકલી જોઇ તેની તારીફ કરી સેવટે પોતાનો પ્યાર જાહેર કરે છે.]

ફીરોજ—મીસ ખુરશેદ, ત્હમારાં મધુર ગાયને જે મ્હારીપર અસર કીધીછ, તે દર્શાવવા હું કયારનો ઇન્તેજાર હતો.

ખુરશેદ—થેંક યુ. મી૦ ફીરોજશાહ, ત્હમે મ્હને એકદમ આસમાનપર ના ચહડાવો.

ફીરોજ—હું ખરૂં કહુંછ, કે જેવો ત્હમે ખુબસૂરત અને દિલજીત ચેહેરો ધરાવોછ, તેવોજ મિઠો કંઠ પણ ધરાવોછ. મીસ ખુરશેદ, ખરૂં માનજો કે ત્હમારી આ ખુબસુરતીનો પુજારી અને સુંદર સરોદનો હું વખાણનાર છું.

ખુરશેદ—ઓ હે હો હો! "ચહડ જા બેટા સુલીપર!!" ત્હમે મ્હને ફુલનજી કરોછ. [ખુરશેદ શરમાયછ, ફીરોજ તેનો લાભ લઇ ખુરશેદને અજમાવેછ.]

ફીરોજ—ખુરશેદ, શરમા ના. હું ખરૂં કહુંછ, હું ત્હને મ્હારા જાનો જીગરથી ચાહુંછ.

ખુરશેદ—(ગુસ્સાથી) શું બોલ્યા?

ફીરોજ—માફ કરજે. મ્હારી લાગણી મ્હારા કાબુમાં નથી. ખુરશેદ શું તું જહાનને રોશન કરનાર ખુરશેદ નથી? શું તું આંખોમાં ચાંપવા લાયક મખમલી ખુશબુદાર ગુલાબ નથી?

[એમી આવી, ફીરોજ ખુરશેદને વાત કરતાં જોઇ, શક લાવી છુપાઇને અજબ તેમજ ગુસ્સે થાય છે. ખુરશેદ મિજાજ ખોઇ ગરમ થાય છે.]

ખુરશેદ—ખબરદાર ફીરોજ! ફરીથી એવી બેઅદબી ના કરતા. ત્હમે પરણેલ છો, હું કુમારી છું, અને તમુને હું મ્હારા મુરબી, ભાઇ જેવા સમજુંછ.

ફીરોજ—ખુરશેદ, હવસને વશ થઇ બેઅદબી કીધી તે વિશે માફ માગુંછ, પણ અફસોસ છે કે, ઈસ્કપર કોઇનો કાબુ થયો નથી અને થવાનો નથી.

ખુરશેદ—(છંછેડી) ફીરોજ, મ્હારાથી દૂર રેહજો! ત્હમારા જિગરમાં એવો બુરો ખિયાલ છે, એવું જાણતે તો ત્હમારી આ પાર્ટીની પીડામાં હું ફસતેજ નહિ. મ્હને રસ્તો આપો, હું જાઉંછ.

એમી—ખુરશેદ થોભ, કયાં જાયછ? (ફીરોજને) શરમ છે, ત્હમુને, એક ભોલી નિર્દોષ કુમારી છોકરીની ભોલાઇનો લાભ લઈ તેને ઘેરતાં

પકડતાં ત્હમુને શરમ નથી આવતી? (ખુરશેદને) બ્હેન, તને અપમાન થયું હોય તો માફ કરજે, ને હમારી આબરૂ મ્હારે ખાતર સાચવી આ બાબદ મનમાંજ રાખજે.

ખુરશેદ—બેહન, ત્હમારી ખાતર રાખી ચુપ રહીશ, નહિ તો આ કાળાં મોંઢાને જરૂર રૂસવા કરતે. (ખુરશેદ ગુસ્સામાં જાય છે.)

એમી—(બાજુએ ફીરોજને) ફીરોજ એ શું ફજેતી ?

ફીરોજ—મ્હને ત્હારા કરતાં વધારે અકકલ છે. મ્હારા કામની વચ્ચે હું કે ચું કરવાની તને સત્તા નથી.

એમી—મ્હારી કઈ બલાને? ખણ્શે તે પડશે.

ફીરોજ—મ્હારો મિજાજ ખરાબ થયોચ, હવડાં તું જા ?

[બાનુ આગળ આગળ એમ પરીન દાખલ થાય છે.]

બાનુ—(એમીને) મ્હારાં મમાં ત્હમુને મળવા માગેછજી.

(એમી પરીનને ઓળખી તેના હાલ અવતાર જોઇ અજબ થાય છે.)

એમી—કોણ! પરીન? આય ત્હારો કેવો અવતાર? કેટલી નખઇ ગઇછ? આવ માય બેસ! [પરીન એમી નજદીક બેસે છે, ફીરોજ અકળાય છે.]

ફીરોજ—(સ્વગત) એ રહી રહીને આજે કયાંથી ફુટી નિકળી!

એમી—(બાનુને પાસામાં ચાંપી) બાનુ દીકરી, મને એક કીસ આપ. (ચુમી લઇને) બિચારીનો કેવો હાલ ? પરીન, બુચીને તું હાડમાર કરેછ કે ?

પરીન—બેહેન, મ્હારાં ફરેસ્તા બચ્ચાંને કાંય હાડમાર કરૂં? હમે તકદીરથી એવાં હાડમાર તથા માતાજ થયાંછ તે શું કહું ? એવી હાલતમાં બચ્ચાંથી મ્હને મ્હોટો સંતોષ છે. (પરીન રડે છે એમી મનાવે છે.)

એમી—ના રડ બેહેન, શાંત થા, ને ત્હારીપર શું વિત્યું તે જરા કહી સભળાવ.

ફીરોજ—(સ્વગત) એ તો પાસામાં લઇ બધું પુછવા બેઠીછ! નાપાક મ્હારી જીતપર આવેલી બાજીમાં મ્હને માત કરશે, ને ભુખમરાની ખબર સાંભળશે તો મહારી હરૂસે મદદ કરીને એને મગરૂર બનાવશે.

પરીન—બ્હેન, શું કહી સંભળાઉં ? ફુરસદે બધું જણાવિશ. ફીરોજશાહ શેઠ સાથે ઘેરનાં ચઢેલાં ભાંડાં માટે કંઇ વાત કરવા આવીછ.

ફીરોજ—મહને માકાએ હમણાજ આવીને એ વાત કહી, વારૂ ઠીક. સઉ થઇ રહેશે. એમી, ભુખી ભુખી હશે, બાગમાં લઇ જઇ એને કંઇ ખાવાનું આપ. હું પરીન સાથે એ વાત કરીને આઉંછ

એમી—બાનુ દીકરી, મ્હારી સાથે આવ., હું તને મઝેનું રમકડું ને મિઠાઇ આપું.

બાનુ—મ્હારાં મમાને નહિ કે ?

એમી—ત્હારાં મમાને માટે પણ સારૂં સારૂં ત્હારે ઘેર મોકલાવીશ.

પરીન—જા દીકરી, માસીજીની સાથે જા. [એમી અને બાનુ જાય છે; ફીરોજ બાજી માંડે છે]

ફીરોજ—પરીન, રહી રહીને ત્રણ વર્ષે આજે મ્હોડું બતાવવાં આવ્યાં ? ને તેબી આવા ગડબડના વખતે ?

પરીન—ફીરોજશાહ શેઠ, માફ કરજો. મેં ત્હમારો કિમતી વખત રોકયોછ. ત્હમારા કનત્રાકટર માણેકશાહ મારીપર ચહડેલાં ભાડાંની હવે ઘણી તાકીદ કરેછ. મ્હારાં બચ્ચાંને અને મહને ઘરમાંથી કાહાડી મુકી રખડતા કરવાની આજે તાકીદ કરી ગયાછ.

ફીરોજ—ના ડરો, હું તેને રોકીશ; પણ જ્યારે તમારી ઉપર એટલી બધી કંગાલિયત ગુજરેછ ત્યારે મહને કાંય નહિ કેહવાડયું ?

પરીન—શું કેહવાડું ! મ્હારી હાલતથી ત્હમે જાણીતા છેઓ.

ફીરોજ—સાંભળલ્યુંછ, સાંભળ્યુંછ; પણ મ્હને ત્હમે કાંય નહિ કેહવાડયું.

પરીન—ત્હમારીપર મ્હને હક શું છે ? છને હાથપગે કોઇ પાસે સવાલ કરી હાથ હોરૂં એવી હું નથી (આસું લુછેછ)

ફીરોજ—ના રડો. મ્હારાથી હમણા મદદ થઇ શકે છે તેટલી સ્વિકારો, પછી મ્હારાથી બનતું કરિશ.

[પોકેટમાંથી થોડીક ગીની કાઢી આપે છે, તે પરીન લેવા ના પાડે છે.]

પરીન—જી, હું કંઇ એ બાબદસર તસદી આપવા નથી આવી. ભલે! બિચારો બજો કમાઇ લાવેછે તે હમુને ગુજરાન માટે પુરતું છે.

(ફીરોજ ઓહોંસ કરે છે.)

ફીરોજ—મ્હારા સમ છે, રાખો. આ પૈસાથી ત્હમારી થોડીક અડચણ ટળશે, (સ્વગત) ને મ્હારી ઉમેદ ફળશે.

પરીન—જી, અસલથીજ મ્હનેતો પૈસાપર ચાહ નથી.

ફીરોજ—લક્ષ્મી ચાંદલો કરવા આવે તેને તુચ્છકારીએ નહિ. પૈસા એવી ચીજ છે કે જે માલેતુજારને પણ પગ પાસે નીચો પાડેછે, મગરૂર ઇનસાનને ખાણાંની ટેબલ નીચેની બિલાડી જેવો બનાવેછે, બદમાશ લુચ્ચાને જગમાં ભલો કેહવાડેછે; જેનું મ્હોડું જોવા નહિ ગમે તેવા પાસે પગપર માંથું મુકાવે છે, એને એજ પૈસો, મોહબત, માયા હેત, પ્રિતને પોતાના કાબુમાં રાખી રાજા પ્રજા સર્વેને પોતાની પુજારી બનાવે છે,

પરીન—ત્યારે, આવા નાલાયક, નીચ પૈસાને હું શું કરૂં ? જે મેહનતથી મેળવી શકાય, સંતોષથી વગર બિહીકે વાવરી શકાય, સખાવત અને ભલાઇનાં કામોમાં ખુશીથી ખરચી શકાય, એવા પૈસા લીધેલા અને મળેલા સારા.

ફીરોજ—ત્હમારામાં હજી અગાઉના જેવીજ હટ ને જિદ છે. "રસ્સી તમામ જલ ગઇ, પર બલ નહિ ગયા" તે કેહવત ત્હમુને બરાબર લાગુ પરેછે

પરીન—હમારી ઉપર દુખોનો પહાડ પડયોછે, મુશ્કલસી અને મુસીબતનો વર્સાદ વરસે છે. લોકોનો ધીટકાર અને તુચ્છકાર છતાં હમે દાદગરનીજ મેહેરપર આશા રાખી બેઠાંછ.

ફીરોજ—હવે એવી ખુદાની હવાઇ આશાપર ના આધાર રાખો. મ્હારૂં માનો, હું ત્હમારાં ભલાંમાં છું. સપલ તો બિચારો પોતાનાં કરતુકના ઈન્સાફ માટે દાતારની દરબારમાં પોહોંચી ચુકો, હવે કોણને માટે અવલ્યાં મારોછ !

પરીન—મેહેરબાની કરીને તેઓ માટે કંઈબી આડું ના બોલો. હા, હું માનું છું, કે તેઓ છેલ્લાં છેલ્લાં ભમાયલા ને ભાનભુલા હતા પણ ખુની નહિ હતા.

ફીરોજ—તે તો ખુદા જાણે; પણ જો ત્હમે માનો તો હજી પણ ત્હમારી દીકરી અને ત્હમે આગલાં સુખમાં રહી શકશો. મ્હારી આગલી માગણી ના તુચ્છકારો. [પરીન મિજાજ ખોઇને ગરમ થાય છે.]

પરીન—હું એવું અપમાન સાંખવા ત્હમારે આંગણે નથી આવી. મ્હારી દીકરીને તેડો, હું જવા માંગુંછ [માકો આવી બન્નેને જોઇ છુપાઇને ઉભો રહે છે.]

ફીરોજ—જરા થોભો. પરીન, હું એવા ધિક્કાર છતાં કેવો ચાહુંછ તે ચાહની તો કદર કરો ?

પરીન—એ ચાહ નથી પણ ચેહ છે. ચિત્તામાં જાણી જોઇને બળવામાં સાર શું ?

ફીરોજ—પ્યાર આંધળો છે, એમાં આશકનો એખ્ત્યાર શું ?

પરીન—પ્યાર આકાશી છે, હવસ ને ઇચ્છા ખાકી છે.

ફીરોજ—ખયર ખાકી છે; પણ સ્વાર્થ વિનાની પાકી છે.

પરીન—પાપી ઇચ્છા ઉંડાણ ખાઇમાં રેંકેછે, શયતાન ઇચ્છાને ઉશ્કેરે છે

ફીરોજ—ઉશ્કેરીને શું કરેછ ? શું તેની ઇચ્છા તોડેછ ?

પરીન—તોડેછ નહિ પણ જોડેછ; બરબાદ કરીને છોડેછ.

ફીરોજ—જ્યાં દિલ લાગેછ ત્યાં દોજખનું મુકામ બેહેસ્તનાં ઠામ સમાનછે.

પરીન—જે દિલમાં પાપ વાસના છે, તે દિલ નરકનાં ધામ સમાન છે.

ફીરોજ—પ્યારી પરીન, મહારા જેવા એક ઓહ્દેદારનો ખિયાલ કર.

પરીન—ધિક્કાર છે એવા ઓહ્દેદારપર ! ફિટકાર છે એવા લુચ્ચા સરદારપર.

ફીરોજ—પરીન જોકે મહારો પગાર થોડો છે, પણ મોભો મોહટો છે.

પરીન—મોભો, મરતબો ને દમામ શું કામનો ? જે કામનો નહિ પણ ફકત છે નામનો.

ફીરોજ—માનો, પરીન માનો ; મ્હને ના કરો દિવાનો.

[ફિરોજ હાથ પકડવા ચાહેછ, પરિન ઝિટકીને ચિરડાયછે.]

ગાયન.

ફિરોજ—માનો પરીન, જરા દિલથી હુજ્જત તજી,
નહિ તો થશે ખ્વાર માન!
નહીં કર જીદમાન, જરા માન દઈ ધ્યાન,
હટને તું છોડ, નહિ તોડ આય જાન,
હાથ લાંબો કરૂં છું દે દાન.—માનો.
હસી, વસી, મળીને જોજે મ્હારૂં હેત મહેરબાન,
હર વકત ના કર તાન, તું આલીશાન,
માન, ત્હારૂં ન ખોહી દે માન—માનો.

પરીન—(ચિરડાય છે.) થુ છે એવાં માન પર, લ્યાનત છે એવાં ધ્યાનપર!

ફીરોજ—હું એ ત્હારી થૂકમાં આબેહયાત સમાયલું સમજું છ.

પરીન—હું ઇચ્છુ છ કે એ આબેહયાત, આબે કિયામતમાં બદલાય, કાતિલ જેહેર થાય.

ફીરોજ—અમ્રતનો જે ઝરો છે, તે જેહર કેમ કેહવાય?

પરીન—કડવો અતિ છે લીમ તે મીઠો કદી ન થાય.

ફીરોજ—વારૂં જરા નજરથી નજરને ન ટળવા દો. હું તું નહિ, તો ખયર! એ બેને તો મળવા દો?

પરીન—મ્હારી નજરથી દૂર થાવ, જહન્નમ જાવ.

ફીરોજ—એ સાંપના જેવી સ્થંભ નજરે એવું આકર્ષણ કીધું છ કે હું થંભ થઈ ગયોછ.

પરીન—હું ઇચ્છુ છ કે પાપી નજરને આંધળી કરવા મ્હારી આંખમાં વિજળી જેવું તેજ હતે.

ફીરોજ—ને જો તેમ થતે, તો મ્હારો જાન આસાનાથી ઉપર જતે.

પરીન—ઉપર નહિ, પાપનો પચતાવો કરવા અધર હવામાં અથડતે.

ફીરોજ—ચિત્તચોર, મ્હારા ચિત્તની ચોરી થઇછ, તુ ચોર છે, ચિત્ત પાછું આપ, કે હું મ્હારા દીનો ઇમાનપર કાયમ રહું.

પરીન—કુફરને ઈમાનની શું ખબર?

ફીરોજ—તો કુફરને ઇમાન શિખાવ ધર્મ ધ્યાનપર ચાલનાર ઇસ્લામ બનાવ. હું કાલે ઘેર આવીશ, ઇશ્કો ઇમાનનો પાઠ શીખીશ.

પરીન—જો મ્હારા દરવાજાપર પગ મુકયોછ તો હું પેહલાં ત્હારો જાન લઇ, પછી મ્હારો જાન આપી પતિની સાચ્ચી પુજારી તરીકે કત્લ થઇ શહીદે વફાનું નામ કમાઇશ.

[ફીરોજ આખર હારીને મિજાજ ખોહે છે, દાંત પીસીને ડોળા ઘુરકે છે.]

ફીરોજ—જોઇશું, શહીદે વફા ને શહીદે જફાનો તમાશો જોઈશું.

પરીન—ખુદા મેહેરબાન છે તો દુશમન હયરાન છે. (અંદર નજર કરી બાનૂને પોકારે છે) બાનૂ (થોભીને) બાનૂમાય, આવ. જલ્દી આવ.

[બાનૂ એક હાથે કેક ખાતી ને બીજા હાથમાં મીઠાઇનું પડીકું લઇ આવે છે.]

બાનુ—મમા શું કેહવોછ? જુઓ માસીજીએ ત્હમારે માટે આ મીઠાઇનુ પડીકું આપ્યુંછ.

[પરીન ગુસ્સામાં બાનૂના હાથમાંથી પડીકું લઇ ફીરોજના દીલપર ફેંકે છે.]

પરીન—ચંડાલના નાપાક મકાનમાં આવી બદન અપવિત્ર કીધું, હવે તેનું અન્ન ખાવું હરામ છે. ભૂખે મરશું, ભીખ માગીને ભાડું ભરશું, પણ નીચની ન્યામતપર નહિ થૂકશું.

મુસલ્લસ.

હલકાને ઘર જૈએ નહીં,
લુચ્ચાનું કંઇ લૈએ નહીં.
(ને) પાપીને દિલ દૈએ નહીં.

[મા દીકરી ગુસ્સામાં ચાલી જાય છે માકો હસતો હસતો દેખાવ દે છે, ફીરોજ શરમાય છે.]

માકો—બાઇ સાહેબનું નાક કે નસકોરૂં? વાહ! ફીરોજ, ઠીક બજાવી. ગાળો ખાધી, થૂક પણ ચાટી તેમાં નામોશી સાની?

ફીરોજ—નાપાક મ્હને ચટપટ થાયછ ને તું હસેછ? એ વાંદરીને સમઝાવવા છતાં નથી માન્યું. ગાળો દીધી, ને ધિક્કારીને ચાલી ગઇ;

પણ હું ભી ખરો કે એને કોઈ તદબીરથી જેર કરી મ્હારા ક્રેહે-
રના ઝેરથી વેર લઉં.

આક્રો—પીરોજ એ તો આતશ છે. ધીમે ધીમે ફુંકીને ઓળવવો જોઇએ,
નહિતો વધુ ફુંકતાં ભડકું લેશે, તો બળી મરશું.

ફીરોજ—બેસ બાયલા, બિહેછ શાનો ? ત્હારાથી નહિ થશે, તો હું એખલે
હાથે બજાવીશ.

આક્રો--બાપુ, જરા ધીરો પડ. (વિચારી) હું હમણાજ એકદમ ટાંચ
કાહાડી એનાં હાલ્લાં થોબળાં જપત કરાઉં એટલે થંડીમાં રખડતી
થશે, તો પછી થથરતી ધ્રૂજતી, મરતી પડતી આવી તને નમશે,
પગે પડશે. કેમ ?

ફીરોજ—હા, એ એક ઉપાય અજમાવ. પછી છેલ્લે જબરદસ્તીથી
આપણાજ ગુફામાં કેદ કરી એની મગરૂરીને ખાકમાં મેળવશું.

[બન્ને મસલત કરતા જાય છે.]

અંક બીજો--પ્રવેશ ત્રીજો.

દીવાનખાનું

[જમણી તરફ એક બારણું, ડાબી તરફ ગોળ ફરતું ખાનગી ઓરડાનું બારણું. બાગ તરફ એક બારી. ગુસ્તાદ ધામટ આવી જમણી તરફનાં બારણામાંથી છુપાતો છુપાતો દાખલ થાય છે.]

ગુસ્તાદ—બાપના તમ, તોઈ મલે નહિ. બધાં વગે તગે થઇ ધીએલાં ધનાયત. થારૂં થયું તે વથત તર આયો. જરા ફરીથી આય નાજુન હાથનું કાગજ વાચું. ધોઇએ તંઇ ભુલતો નતી થઇ! (વાંચેછે) પ્યારા ધુત્તાદ (સ્વગત) બાપના તમ ? પ્યારા ? વાહ! એ મને તોઇ ધનીત તાહેત હું ? (વાંચેછે) રાતના આતથી નવના તુમારે બાજુના દીવાનતાનામાં આવી મલજો,

[ગુસ્તાદ છુપાઇને ઉભો રહેછે. ફરામ મેહેરવાનજી મામાના વેશમાં અને દેખાવમાં મોહડું છુપાવી કાવલા સાથે આવે છે. કાવલો આગળ ચાલી આસપાસ જોતો તપાસતો ચાલે છે.]

ફરામ--કાવલા ખબરદાર ! કોઇની નજર નહિ પડે.

કાવલો—તમે વગર ફીકરે આવો.

ગુસ્તાદ—(સ્વગત) તોઇ તોરી તરવા આયાત તું ? એ તોન ?

[કાવલાની નજર ગુસ્તાદપર પડે છે, પણ નજર બચાવી ફરામને ખબર આપેછે.]

કાવલો—હેઠ પેલો બીલાડો આપણુનેજ ડોળા ગૂરકે હો ?. (કાવલાને ઓળખી ગુસ્તાદ જાહેર થાયછે.]

ગુસ્તાદ—(કાવલાને અલગ) તાવલા, બાપના તમ, ખરૂં તેહ આય મેહરવાનજી મામા તે !

ફરામ—(સ્વગત) હજી ઓળખ્યો નથી (ધામટને) કેમ ધામટ ? બારણે કાંય ઉભોછ ?

ગુસ્તાદ—(ફરામને મામા તરીકે ઓળખી ગભરાયછ) મામા, હું તો તેની તે બાપના તમ.

ફરામ—શું વળી કોઇપર જાલ પાંથરવીછ કે ?

ગુસ્તાદ—બાપના તમ, એ તો હું અમતો ઉભોતો રે. પણ હમે એતા-એત તાંતી આયા ?

ફરામ—હું કંઈ અગતનાં કામ માટે આવ્યોછ. તેમાં ત્હારી મદદ જોઇએછ, તું કરશે ?

ગુસ્તાદ—બાપના તમ ? પેલ્લાં તું તે તેતો તેવો ?

ફરામ—હું આજે એક માહભારત કામ બજાવવા આયોછ, તે તું જોયા કરજે.

ગુસ્તાદ—બાપના તમ ? તમે એ તું તેવોત મામા ?

ફરામ—હું મામો નથી (દહાડી કાહાડીને) હું તો ફરામ છું. [ગુસ્તાદ અજબ થાયછ.]

ગુસ્તાદ—બાપના તમ, મામાનો તોંગ તાંય લીધો ? તું તો મામા તાતે પંચધની ઉતો ને અંહી તેમ આયો ?

ફરામ—એ એક ખાનગી બાબદ છે. તને પાછળથી ખબર પડશે. આજે મ્હારી સાથે નવળને મ્હોટી પંચાતી થઈછ, ને તેની છાતીમાં મહારી લાત વાગવાથી તે બેહોશ થઇ તુટી પડયો. તે હૉસ્પીટલમ છે, ને હું ઘભરાઇને મામાજીના જેવો વેસ લઇ અંહી નાસી આવ્યોછ. હવે હું કોઇના હાથે સપડાંઉ નહિ, કોઇને જરા પણ શક જાય નહિ તેમ તું અત્રેનાં બધાં માણસોને ભુલાવામાં નાખવાની મદદ કરે તો મેહેરબાની.

ગુસ્તાદ—બાપના તમ ! તમે અંહીથી પતો. મામાનો તાપ હોતમ તે, તે પરામને અંહી પધજ મુતવા નહિ દેવો.

ફરામ—ત્યારે તું શું કબુલાત પ્રમાણે મહને મદદ નહિ આપશે ? દગો દેશે ?

ગુસ્તાદ—બાપના તમ, તારે ધોઇએ તે તર, હું તો નાધાંને નવલના મરવાની થબર આપવા ધાઉંત.

ફરામ—અરે યાર તેને જણાવવાની જરૂર નથી. આજની રાત અખાડા કર. પછી સહવારે જોઇએ તો કેહજે. તને ગમે તો બેહેન નાજાંને ખબર આપજે.

ગુસ્તાદ—બાપના તમ. તારી બેહેનપર મારૂં કુદરતી દિલ તે. ધઈને હું તેને તેઉંત. (ગુસ્તાદ જાય છે.)

ફરામ—(કાવલાને) આ મુરખાની મદદની આપણને કશી જરૂર નથી, એણે ખુલાસો પુછ્યો ત્યારે મેં ખાનગી વાતનું બ્હાનું બતાવ્યું, તેનું કારણ એ કે પીરોજા સાથની મુલાકાતમાં એ નડતળ નહિ નાખે.

કાવલો—અરે ખદા કરહે તો આજ રાતમાં હંધુ કામ પાર પડહે, નેં બધાં તાટ ને ચાટ થઈ જહે. (સામેથી નાજાંને આવતી જોઇ ફરામ દહાડી પેહેરી લીયેછ.) કાવલા, અખાડા કરજે નાજાં અહીં આવે છે. [નાજાં મામાને આવેલા જોઇ તાજુબ થાયછ.]

નાજાં—મામાજી, હું તો ધારતી હતી કે ભઇ આયો હશે.

ફરામ—તેં વાજબી ધાર્યું હતું (દહાડી કાહાડીને) લે ત્હારો ભઇ મોજુદ છે.

નાજાં—તહારૂં ભલું થાયરે ?

ફરામ—મહારી સાથે નવલને પંચાતી થઇ.

નાજાં—નવલ સાથે ? કાંય કાંય ? (નાજાં ઘભરાય છે, ફરામ અજબ થાયછ,)

ફરામ-હં હં ! (ચેતીને) એમ છે કે ? હવે હું સમઝયો, જ્યાં છે ત્યાં તમુને એ નવલ સાથે કંઇ મોહબત બંધાઈછ, પણ તેમ થાય તો ઘણુંજ બેહેતર, કે મહારા રસ્તામાંથી એ નડતળ દૂર થાય.

નાજાં—ત્હારા રસ્તામાં એ નડતળ છે? કેમ ? કેવી રીતે?

ફરામ—એ લુચ્ચાએ મહારી પીરોજા તરફ દિલ બતાવી, મામાને સમજાવી તેમની પાસેથી લગનની મંજુરિયાત મેળવી છે.

નાજાં—નવલને પીરોજા સાથે કંઈ ઝાઝી મુલાકાત ને વાતચીત નથી.

ફરામ—અરે ઘણી છે. ત્રણ વર્ષપર ત્હમે બધાં મહારી કૉલેજના બોર્ડીંગ હાઉસમાં મળયાં હતાં, તે વખતે પીરોજા અને નવલ વચ્ચે કંઈ વાતચીત થઇ હશે તે પરથી, અને ત્યારથી નવલ એમજ ધારેછ કે પીરોજા નવલને ચાહે છે, તેથી મામાજીને સમજાવી, પીરોજાની હાથની માગણી કીધી, અને મામાજીએ તે કબુલ કીધીછ. આ ઉપરથી હમો બન્ને વચ્ચે પંચાતી બરપા થઇ, ને પંચાતી પરથી હાથોહાથ થયા.

નાજાં—(સ્વગત) હવ મહને સમઝ પડી કે આય તો હસ્યામાં ખસ્યું થયું ! ત્રણ વર્ષપર હસવામાં નવલને મેં મહારૂં નામ નાજાંને

બદલે પીરોજા કહી બનાવ્યો હતો, તેથી તે આજ સુધી મહને પીરોજા સમઝી ઘોંટાળો કરતો રહયો હશે, તેનું આ પરીણામ દેખાય છે. હવે તો ચુપ રેહવામાંજ શોભા છે.

ફ્રરામ—(સ્વગત) હું ધારૂંછ કે ઝાંખા ઉજાસમાં કરાકરી મ્હને ઓળખી નહિ શકશે, દાઢ દુખવાનાં બહાનાંથી મહોડાપર રૂમાલ પકડીશ, એટલે જરા બચાવ થઇ રેહેશે. [સામેથી મંચીને આવતો જોઇ] એ મંચી અંહીંજ આવેછ હવે કંઇ પરાક્રમ શરૂ કરૂં. [ફ્રરામ રૂમાલે દાઢ પકડે છે, મંચી ફ્રરામને ન જોઇ ઉંઘરેટી હાલતમાં ધ્યાનમાંજ માંથુ ધવડતો બબડતો આવે છે.]

મંચી—સંધુ ગામ સુતું પણ સત્યાનાશનાં ગીયાં ગેરમાંનાં માણસને ઉંઘ નઇ આવતી. જારે જોઇએ તારે મરઇ છુંદઇ મરે. મેરવાનજી શેઠ પંચગની હવા ખાવા ગીયાતા તેઓ પન ભુતની કાની માંથુ ખાવા પાછા આયવાછ.

(ફ્રરામ દાઢ દુઃખવાનાં ઢોંગ કરી અજાણ્યો થઇ મંચીને યાદ કરેછ. મંચી અજબ થાયછ.)

ફ્રરામ—અરરરર ! નાપાકોને કયારનો તેડુંછ પણ જવાબ નહિ મળે. (મોટેથી) મંચી આવી મરની !

(મંચી ફ્રરામને જોઇ મેરવાનજી સમજી ધભરાયછે.]

મંચી—ઉં પાશીજ છેઉ. અવડાંજ ઉંઘનો ઝોકો આયવોતો તેટલામાં તમારો સાદ સાંભલીને ફડાક દેતો ઝબકી ઉચડો. શેઠ શુંછે !

ફ્રરામ—અરરરર એ દાઢ ઘણી દુઃખ દેછ.

મંચી—શું દહાડ દુખે, તેથી તમે પાછા આયવા? તમે તો લખેલું કે આવસ તારે નવલસાને પન લાવસ, તે તેઓ કાં છે?

ફ્રરામ—અરરરર ! મહારૂં એકાએક આવવાનું કારણ એ કે પેલો નવલ માર ખાઇને હરઘો મરી ગયો.

મંચી—(ભોલાપણાંમાં) અરરરર ! ખોટું થયું. એ તો અરધો પેલી જહાનમાં ને અરઘો આ જહાનમાં તનાયા કરસે આખો મરતે તો થીક થતે. એ બધાં કારસ્તાન તમારા ભાનેજ ફ્લીનાં છે.

ફ્રરામ—તું શું જાણે ફ્લીની વાત? ફ્લી બિચારો તેવો નથી.

મંચી—પન શેઠ, તમે આવવા સામાં?

ફરામ—(ચિરડાઇને) ટોંગામાં. એક તો દાઢ દુઃખેછ ને બોલાવી બોલાવીને નકામો તું સતાવેછ. જા, કોઇ દાંતના ડોકટરને બોલાવી લાવ.

મંચી—સારૂં શેઠ! (પુકારેછ) રામલા, ઓ રામલા? સુતોછ કે જાગેછ?

રામલો—(અંદરથી) આઇવો મંચી. [રામલો આવે છે.]

મંચી—(રામલાને) દાકતર ફરનાનદીસને બોલાવી લાવ. કેજે કે વકીલ-સાબની દાડ દુઃખે તેથી તમને બોલાયવાછ.

રામલો—હારૂં હાબ [રામલો જાય છે પીરોજા આવીને ફલીને મામાજ સમજેછ.]

પીરોજા—મામા, ત્હમે અંહી કયાંથી?

ફરામ—આવ દીકરા, કોટી કર એમ દિલગીર કાંય ફરેછ?

[પીરોજાને પાસામાં દાબે છે]

પીરોજા—(સ્વગત) મરેરે, એ શું કેહવાય! (અજબ થઇને) કોઇ દહાડે નહિ, ને આજે એમ કેમ?

ફરામ—દીકરા, આ મંચીની વાત સાંભળી મહને ત્હારી પર દયા આવેછ.

પીરોજા—મામાજી, મેં કંઇ મારામારીની વાત સાંભળી, તે શું સાચી છે કે?

ફરામ—હા, સાચી, પણ પીરોજા, તું પેલા નવલને ચાહેછ એ વાત ખરીછે?

પીરોજા—(શરમઇને) બીલકુલ ખોટી.

ફરામ—ત્યારે શું પેલા ફલીને ચાહેછ?

મંચી—શેઠ, એ વાતમાં પુછવાનું શું? ફલી પરતો એવણ ફીદા ફીદા છે. પન જો મને પુછો તો એ મદારી પીરોજાને સુખી નઇ કરસે ને રતની હીરિયાની કાની ઠુમક ઠુમક નચાવસે.

પીરોજા—ઘેલા, તારા કરતાં હું તેવણને બરાબર ઓળખું છું.

(નાજાં કાવલા સાથે ઝડપમાં આવેછ.)

નાજાં—મામાજી આ 'અરજન્ટ' કાગળ આવ્યુંછ.

(નાજાં કાગળ આપેછ, ફરામ ઝડપથી ખોલી વાંચે છે.)

ફરામ—(કંતાળીને) હં હં હં હં! રાતની વખતે કંટાલો આપવા કયાંથી આવે છે? નાજાં તું જા. (નાજાં જાયછે ફરામ વાંચેછે.)

મંચી—(કાવલાને) કેમરે એ ખોટા, રજા વગર અંદર કેમ આયવો?

ફરામ—મંચી આ ભાઇની પરોણાગત કર.

મંચી—ભાય આવ (જતાં જતાં) તારી સારી કાની (મારવાની હાથથી ઇશારત કરી) પરોણાગત કરૂંછ.

[મંચી, કાવલાને પકડી ખેંચી જાય છે.]

ફરામ—(આસપાસ જોઇ) હવે કોઇ મળે નહિ, પીલાં, હવે મ્હને એક ચાંપીને કોટી કર.

પીરોજા—(શરમાઇ, ધભરાઇને અજબ થઇ) એ શું કેહવાય?

ફરામ—એજ કે કોઇ બીજા કરતાં હું ત્હને વધુ ચાહુંછ.

પીરોજા—(અચરત થઇ) ઓ માયરે! મામાજી, એ કેવું ચડપણ? મુઇરે હું અભાગણી?

ફરામ—પીલાં નખરાં ના કર (દાહાડી કાહાડીને) હવે ચાહશે કે નહિ

પીરોજા—(અજબ થઇ ઓળખીને) ફલી? ઓ માયરે? હું તો હેબતી ગેઇ! પણ મામાનો વેશ કાંય લીધો?

ફરામ—વાહલી પીરોજા, આ બધો ઢોંગસોંગ ત્હારા સાચા પ્યારને તથા તને જીતવા અને મામાજીને ઠગવા માટે કીધોછ. મામાજી નવલ સાથે તારો હાથ મેળવવા ચાહેછ, તેથી હું તે આગમચ તને મ્હારી બનાવવા માટે આ તદબીર રચી અંહી આવ્યોછું.

પીરોજા—એથી કંઇ રમખાણ થશે તો? મામાનો દાહડાબરયો મિજાજ મુવો ઘણો ખરાબ છે.

ફરામ—તેની મહને પરવા નથી. કાલ સહવાર સુધીમાં હું આપણી અદરાવાની ગોઠવણ કરૂંછ, પછી મામાનું શું વળવાનું છે?

[સામેથી આવતા મંચી પર પીરોજાની નજર પડે છે]

પીરોજા—સામેથી મંચી આવેછ. ત્હમે દાહાડી પેહેરો (ફલી દાહડી પેહેરેછે.)

ફલી—આવવા દે, વાંદરાંને નચાવવોછ. એને પણ ઠેકાણે લાવવોછ.

[મંચી આવે છે.]

મંચી—શેઠ કાગળ વાયચું કે?

ફરામ—હાં વાંચ્યું. (પીરોજાને) પીરોજા મેં ત્હારે માટે એક ઘણાં સારા છોકરાની તજવીજ કીધીછ. અરરર! નવલ બીમાર પડવાથી જે વાત નક્કી થઇ હતી, તે તદન ફસકી વચકી ગઇછ ને હવે નાચારીએ ત્હારૂં કાજ મહારા ભત્રીજા ફરામ સાથે ગોઠવ્યુંછ.

પીરોજા—વારૂંજી. જેમ ત્હમારી મરજી, હું જાઉંછ.

ફરામ—જા; સધાવ, (પીલાં જાયછે, મંચી તાજુબ થાયછે.)

મંચી—સેઠ, એ સું બોયલ્ણા ? ફલી સાથે પોલાંબાઇની સાદી ? એ સું બરબાદી !

ફરામ—અરરર ! એક તો દાઢ દુખેછ, તેમાં તું ત્હારો પટપઠારો કરી સતાવેછ. સહવાર સુધીમાં ફલીને અંહી તેડી મગાવી પીરોજા સાથ અદરાવાની સંધી ક્રિયા પુરી કરજે, ને બાકીનું જે કામ હશે તે હું આવીને નક્કી કરીશ. હાલ તો હું મહારો એક 'કલાયંટ' મરવા પડયોછ. તેનું 'વીલ' કરવા કરવા જાઉંચ, મંચી ધ્યાન આપજે, હું કહુંછ તેમ થવુંજ જોઇએ.

મંચી—સારૂં સેઠ. (યાદ આવવાથી) સેઠ, ગેઇ સાંઝે તમારૂં એક ઘરાક ફીના ૪૦૦ રૂપ્યા આપી ગયોછ.

ફરામ—એ રૂપીઆ ફલીના માંગનાર પેમલા મારવાડીને ભરી આવ, ને જઇને રસીટ લાવ કે સહવારના ફલી પોતાનું કરજ અપાયલું જોઇ અજબ થશે.

મંચી—(પુકારેછ,) કૉલા ?

કોલો—(અંદરથી) આયવો હાબ. (કોલો આવેછે) કેમ મંચી ?

[મંચી સો સોની ચાર નોટના કટકા કોલાને આપેછે.]

મંચી—આ રૂપ્યા ફરામજી સેઠના પેમલા મારવાડીને દેવા છે, તે ભરી આવ, ને રીસીટ લાવ.

ફરામ—ને મારા દોસ્ત જહાંગીર તરકટીને પણ બોલાવતો આવજે. (યાદ કરીને) ને જતાં જતાં ગાડીવાલાને કેહતો જજે કે રાતનાં ગાડી લાવે. મહને છેલ્લી પેસીનજરમાં મુંબઇ જવુંછ.

કોલો—વારૂં હેઠ. (કોલો જાયછે.)

ફરામ—અરરર ! મંચી, રામલો ડાક્ટરને બોલાવવા ગયો તે કયાં મરી ગયો ? જાની જાની. (મંચી જાયછે, નાજાં ઘભરાતી દોડતી આવેછ.)

નાજાં—ભઈ, હવે કેમ કરશું ? એકાએક મામાજી પોતેજ ભુતની કાની આવી ઉભાછ, હવે તું નાહાસ, નહિતો રમખાણ મચાવસે.

ફ્રામ—અરરરર ! માર્યાં ઠાર ! બેહેન નાહાસું ક્યાં ? કેથે છુપાવ, નહિ તો બધાંની ખરાબી થશે.

[નાજાં છુપાવવા માટે આસપાસ જગા જોય છે, ફ્રની ઘભરાયછે, મંચી આવી ઘભરાટનો સબબ પુછે છે.]

મંચી—સું છે શેઠ ? એમ ઘભરાટ સાનો કરોછ ? ડાકટર અમના આવતો હોસે.

નાજાં—(મંચીને દૂર કરવા) મંચી, જોતો જોતો તબેલામાંના ઘોડા અને પીંજરામાંનાં મરઘાં બતકાં કોઇએ છોડી મુકયાંછ.

મંચી—એ તારો દીકરો મરે રે !

[મંચી દોડી જાય છે નાજાં ફ્રીને સંતાડે છે.]

નાજાં—આવ ભાઈ, અહીં આ ઓરડામાં છુપા, મામા ઠરીઠામ થાય ને તું જજે.

[નાજાં, ફ્રામને ઓરડામાં સંતાડેછ, બીજી તરફથી મેહેરવાનજી ફ્રામ જેવાજ વેશમાં આવી, કોઈ નહિ જણાવાથી આસપાસ જોયછ]

મેરવાનજી—ગોલામનાં જનેલાં, બધાં બારણાં ખુલ્લાં રાખી ઘોંટાઇ ગયાં કે ? [નાજાં જાણી જોઈ મેરવાનજી પાસે જઇ, ફ્રીને બદલે મેરવાનજીને દાઢને માટે સવાલ કરે છે.]

નાજાં—મામાજી કેમ ? તમારી દાઢ નરમ પડી કે ? (વાત ઉડાવી) હવે પોઢી જજો.

[નાજાં જાણી જોઇ શરમાતી દોડી જાય છે, મેરવાનજી તાજુબ થાય છે.]

મેરવાનજી—એ શું કેહતી ગઇ? મહારી દાઢ કયારે દુખતીતી ? (મંચીને આવતો જોઇ) એ આ વાંદરો કયાંથી આવ્યો ?

[મંચી ફ્રફડતો ચટકતો આવે છે.]

મંચી—સંધી ખોટી ધાંધલ, ઘોડા નથી નાઠા, તે મરઘાંએ નથી છુયટાં.

મેરવાનજી—મંચી શું છે ?

મંચી—જાવ જાવ સેઠ, તમુને ઠઠા સુજે ને હુ દોડીને મુવેલો.

(ચાલી જાય છે.)

મેરવાનજી—(સ્વગત) કંઇ સમઝ પડે ? એ શું બકેછ ?

[પીરોજા દોડતી આવી, મામાને ફરામ સમજી ભુલમાં વળગે છે.]

પીરોજા—વહાલા, તું હજી છે કે ? કેવી મઝા પડી ?

મેરવાનજી—(સ્વગત) હેં ? એ ઘેલી તો નથી થઈ?

[પીરોજા ધ્યાનથી જોઇ મામાને ઓળખી શરમાય છે.]

પીરોજા—મામાજી ? ઓ હું મુઇ રે ! (ફજેત થઇ ચુપચાપ ઝડપમાં દોડી જાય છે.)

મેરવાનજી—(અચરત થઇ) એ આ બધાંને થયુંછ શું ? ભુતે તો નથી ઘેરયાં! નાજાંએ કહ્યુ કે "દાઢ નરમ પડી કે ?" મંચીએ આવી કહ્યું કે,, "તમને ઠઠ્ઠા સુજે" ને આ દુકતી નખરાં કરીને નાહાસી ગઇ. મહારો ચેહેરો તો ફેરવાયો નથી? (આરસીમાં જોઈ) હું તો જેવો હતો, તેવોજ છું, ત્યારે આ બધાંને શું થયું હશે ? (કોલાને આવતો જોઇ) કેમ, કાંહ જાયછ ?

કોલો—હાબ ત્હમે તરકટી વકીલને તેડાવેલા તેવો આવેલા છે.

મેરવાનજી—(સ્વગત) એ શું બકેછ ? (કોલાને) જા જા ઘેલા, જઇને ઘોંટાઇ મર (કોલો બીજી તરફ જાયછે, જાહાંગીર તરકટી આવે છે, સલામ કરે છે)

જહાંગીર—શેઠ સાહેબ, મેરવાનજી શેઠ.

મેરવાનજી—સાહેબજી. કેમ સાહેબ કંઈ હુકમ ?

જહાંગીર—ગરીબને યાદ કીધો, મેરબાની. કંઇ ત્હમારો હુકમ ? જીવને સારૂં તો છે?

મેરવાનજી—(સ્વગત) મેં કયારે બોલાવ્યો ? ને હું બિમાર કયારે પડયો કે ખબર પુછે છે ? (અમથો જુઠો જવાબ આપે છે.) કંઇ ફરમાશ?

જહાંગીર—શેઠ, ત્હમારૂં જેબી ખાનગી કામ હોય તે બેલાશક, વિશ્વાસ રાખી જણાવજો. ત્હમે જાણોછ તો ખરા, કે સેવક બધાં કામમાં પોંહચેલબુટ્ટી છે.

મેરવાનજી—(ચિરડાઇને) અરે પણ પોંહોંચેલબુટ્ટી થઇને શું કોઇનાં ઘેર ફાડવાંછ ? શું કોઈની ગરદન મારવીછ ?

જહાંગીર—(અજબ થઇને) તે એટલો મિજાજ ખોઇને કાંય વાત કરોછ? ત્હમે બોલાવ્યો ને હું આવ્યો.

મેરવાનજી—પણ કોણે બોલાવ્યો? કયારે બોલાવ્યો? કાંહાં બોલાવ્યો? શા માટે બોલાવ્યો? કાંય બોલાવ્યો?

જહાંગીર—(મનસે) એ ઢાંખરો ચસકી ગયોછ શું?

મેરવાનજી—(સમજીને) અરે ચસકે કોણ? ત્હારૂં કાતરયું તો ભાડે નથી આપ્યું?

જહાંગીર—(સ્વગત) હેં? ત્યારે હું કોઇના ઘેરમાં તો નથી ઘુસ્યો?

મેરવાનજી—બાવા શું વમાસન કરોછ? ત્હમે ઘેર ભુલ્યા. મુગામુગા સીધારો [જહાંગીર ફજેત થઇ ચુપચાપ આસપાસ જોતો જાય છે, કોલો પાછો આવે છે.]

કોલો—હેઠને કેહેતાં ભુલી ગયલો. ગાડીવાલાએ બરાબર વખતહર ગાડી લાવવા કેહલું [કોલો સાંભળીયા વગર જાય છે, મેરવાનજી અચરત થાય છે.]

મેરવાનજી—ગાડી કોણે મંગાવી? એ શું બકી ગયો? ઘેરમાં ભુતખાનું ઉલત્યુંછ શું? પેલો તરકટી કહી ગયો તેમ મ્હારૂં કાતર્યું છે કે નહિ? (માથું તપાસેછ), માથું તો છે, ત્યારે હું ખ્વાબ તો નથી જોઇતો! (કોલો પાછો આવે છે.)

કોલો—હેઠ, એક બીજી વાત કેહતાં ભુલી ગયલો. તમારા હુકમ પ્રમાણે પેમલાને ચારહો રૂપ્યા આપી આવેલો.

મેરવાનજી —(સ્વગત) પેમલો કોણ ને રૂપ્યા શાના? એ શું બકી મરેછ? (કોલાને) જા ત્હારૂં કાળું કર.

કોલો—(સ્વગત) હેઠ, ભુખા આવેલા, કે કોઇ હાથે વઢીને આવેલા? (મેરવાનજી ચિરડાયછ, કોલો મોઢું જોતો જોતો જાયછ)

મેરવાનજી—(સ્વગત) ઘેરમાં બધાંને કોઇની ઝપટ લાગી કે શું? (વિચારીને) હું ધારૂંછ આ બધું તોફાન પેલા ફરામનું છે. પીરોજા સાથે પરણવાની ઉમેદમાં બિચારા રાંક નવલને મારી કેથે નહાસી ગીયોછ, ને ઘેરમાં આવી કંઇ રમખાણુ મચાવ્યુંછ, એમ જણાયછ, (રામલો અનતોન દોકટર સાથે આવે છે.)

રામલો—છેટ, ડાકટર આવેલા. (રામલો જાય છે)

અન્તોન—ઓલો, મિ૦ મેહેરવાનજી હાઉ આર યુ ? (અન્તોન શેકહેંડ કરે છે, મેહેરવાનજી હાથ આપી ડાચું વકાસી ટીકે છે.) અમ કાલેજકા નોકરી છોડ દિયા, પીછે ફરામજી પટેલ દેનટીસ્ટકી પાસ નોકર રહા, ઔર દાંતકા કામ સીખા. કયસા ? અચ્છા હય ? કોનસા દાંત દુ:ખતા હય ?

મેરવાનજી—(સ્વગત) હવે એની સાથે શું માથું ફોડું ? એ બધાંનાં કાતરિયાં ગેપ થયાંછ કે, મહને કોલાબે જવું પડશે ! (ડાકટરને) ડાકટર તુમકો કોણ બુલાયા ?

અન્તોન—તૂમારા નોકર બુલાયા. ડોન્ચ્યુ નો મી ? માઇ નેમ ઇજ અન્તોન ફરનાન્ડીજ, ડી. ડી. એમ ડી; અભી હમકો સબ લોગ ફરનાન્ડીજ પુકારતા હય.

મેરવાનજી—ડી ડી. આર એમ·એ. ડી જાવ, કુચ્છ મિસ્ટેક હુવા હય. હમ નહિ બુલાયા. (સ્વગત) દાંત શું ને દુ:ખ શું ? (ડોકટરને) ડાકટર હમારા દાંત બહુત મજબુત હય. લાવ હમ તુમારા સબ દાંત ગીરાયગા.

અન્તોન—ચે રે! (ચિરડાય છે) તુમારા દાંત નહિ, તુમારા સીર દુ:ખતા હય. તુમકો કોલાબા ભેજદેના ચાહીએ

મેરવાનજી—અભી ચુપચાપ જાવ, નહિ તો તુમકો થાનાં ભીજ દેગા. [મેરવાનજી ચિરડાઇ દિલપર ધસે છે, અન્તોન પાછળ જોતો જોતો રૂખસત થાય છે. ફલી બારણામાંથી આસ્તેથી બહાર આવી મેહેરવાનજીની નજર ચુકાવી બાજુથી છટકી જાય છે. નાજાં સામેથી આવતાં ફલીને જતો જોઇ તેને મહેરવાનજી સમજી અને મેહેરવાનજીને ફલી સમજીને ખુશ થાય છે, પાસે જાય છે.]

નાજાં—(સ્વગત) મામાજી આખરે પતિયા ને ભઇ છુટા, શુકરાના (મેહેરવાનજીની પાસે જઈ) ભઇ, આખર છુટકો થયો ખરો હવે ત્હમે જલ્દીથી નાહાસો નહિ તો પાછો છબરડો થશે.

મેરવાનજી—(સ્વગત) હવે પાછો એને ચમક વા થયો. (નાજાંને) દુકતી, તને શું થયું ? તું મેડતો નથી થઇ ? ડાગલી તો નથી ખસી ?. કયાં નાહસુ ? છુટકો કોણનો ? છબરડો શાનો ?

(નાજાં મેહેરવાનજીને ટીકીટીકીને મોઢું જોઇ ઓલખીને બિહી નાહાસે છે.)

નાજાં—મામાજી ? ઓ માયરે ! (તે નાહાસી જાય છે, મેરવાનજી પુકારતા પાછલ દોડે છે.)

મેરવાનજી—નાજાં ઉભી રેહ ! સાંભળ, મારૂ સાંભળ ! (બન્ને જાય છે, ફલી બારણાંમાંથી ચીમઇ હસે છે.)

અંક બીજો—પ્રવેશ ચોથો.

પરીનનું ગરીબ મકાન.

[ઝુપડીના અંદરનો કંગાળ દેખાવ, બહારથી નજરે પડે છે, ઝુપડીમાં જવાનું બારણું અને બહારનો રસ્તો જણાયછે, બજો ગીત ગાતો ગાતો ખુરસી ભરતો નજરે પડે છે.]

ગાયન.

બજો—ખરી તે નારી, જે નીતીમાં છે સારી,
જે નીતીમાંછે સારી, જે પ્રીતીમાં છે સારી.—ખરી
નીતિ વનાની નાર નઠારી તે જગતમાં તમામ અકારી
પ્યાર કરવા લાયક પ્યારી,—જે નીતીમાં છે સારી—ખરી.
દાદગર રૂડાં કરે હર નારનાં ભુડાં ચલન
નામના ઘરમાં થશે ને ગામમાં સઉ જન મઘન.
ભલી તે ભારી, જે હીતથી રાખે યારી,
જે હિતથી રાખે યારી, જે ચિતથી રાખે યારી.—ખરી.

[થાકની આળસ ઉતારી, માટલીમાંથી પાણી પી પરીનની લાયકીની વખાણ કરે છે.]

આહા! કમભાયગ પરીનબાઇ, તું મારી કેટલી હંભાલ રાખી પોતે ખાય નહિ ને મહને ખવારે, અરે ખદાય! એક વખત હેવો હતો, કે પગાર લઇને ઘરનું વહીતરૂં કરતો ઉતો, તેજ ઘરની બાઇ આજે બિચારાં મારી મદારત કરે. બચ્ચા બજા એ તારાં ગયા ભવનાં પુન હોહે. ખુરસી-બાઈ, હવે તું જલ્દી પુરી થા, કે કંઇ બચ્ચાંનાં પેટનું થાય.

[બજો નેતર સાફ કરેછ. બહાર દરવાજા આગળ સપલ જુનાપરાણું કપડાં વેચનારના વેશમાં આવી થાક લેવા બેસેછે, અને મન સાથે વમાસન કરે છે.]

સપલ—(સ્વગત) સપલ, આજે ત્હારી કમનસીબીની રાતને ત્રણ વર્ષ પુરાં થયાં. લાંબી મુદ્દતમાં ઘણું વેઠયું, ઘણું ખમ્યું, પણ શુકર છે કે તું ત્હારા વાહલાં વતનને ફરી જોવાને નસીબવાન થયો. (યાદ કરી) ઓ તે ભયંકર રાત! તે કમનસીબ ચોઘડયું, કે જે રાતે પાકજાદ પરીનપર શકમંદ થઇ, તું ખુનીને પાત્ર થયો. (વિચારીને) પણ હું ખુની શાનો? તે વખતે મહારૂં ભાન ભ્રમિત થયું હતું. ત્હારાં નસિબમાં માઠું થઇ સારૂં થવાનું સરજ્યું હતું તેથીજ કદાચ તને એવું કાંઇ સુજયું હશે. હા! તે બનાવની યાદ મહને આજે કંઇ અજબ રીતે ઉશકેરે છે. સપલ! (યાદ કરીને) તું જમશેદનાં ઘરમાં દાખલ થયો ને કોઇ અનદીઠ હાથે તું બેહોશ થયો, ને તે પછી ખુન થયું. (વિચારીને) પણ તે ખુન મેં નથી કીધું! (વિચારીને) પણ સપલ, જયારે તેં નથી કીધું તે કોણે કીધું? ખુની કોણ ને તેની સાબેતી શું? (વિચારીને) વાહલાંઓને છોડી નાહાસતાં મુંબઇ જતી ટ્રેન શુભ ચોઘડિયે મળી ગઇ, અને શુકર છે! ખુદાની મેહરબાનીથી કરજતનાં સ્ટેશનપર ઉતરી પડવાનું સુજ પડયું. પછી શું થયું? (વિચારે છે) ત્યાંથી પનવેલ ગયો, ને પનવેલથી મુંબઇ આવ્યો, ને મુંબઇમાં જાણ્યું, કે જે ટ્રેનમાં તેં મુસાફરી કરી હતી, તે ટ્રેન કલિયાણીના સ્ટેશન આગળ 'કોલ્યુજન'થી નાશ પામી, જેમાં તું પણ કચડાઇ, છુંદાઇ મરી ગયો, ઓળખાયો નહિ; અને એ રીતે પોલીસના જાબતામાંથી છુટી તું ફરતો થયો. પછી શું થયું? (યાદ કરેછ) પછી ખુદાની મેહેરથી ત્રાન્સવાલમાં નોકરી મળી, ત્યાં પાંચ પૈસે સુખી થઇ પાછો જનમ વતન આવ્યો, અને ઘણાં સારાં નસીબે ત્હારાં વ્હાલાંઓની શોધ કરવાની કેટલા દિવસ થયા તને તક મળીછ. (વિચારીને) પણ સપલ, હજી ત્હને જાહેર રીતે ફરવામાં ભય છે. ત્હારીપરનું ખૂનનું તોહમત હજી દુર થયું નથી. (આસમાન તરફ હાથ ઉઠાવી) ખુદા તું મહને સાહાય થા. કે તે જખુન ખૂનના ખુનીઓને શોધી કાહાડું (પોશાક જોઇ). લખ્ખો યા કરોડો રૂપ્યાની દોલત હાલ ધરાવવા છતાં આય શું મારા હાલ? પણ જયાં સુધી તું નિર્દોશ થશે નહિ, ખૂનનો ખરો ભેદ આશકાર

થાય નહિ, ત્યાં સુધી આ જરીપુરાણી વેચનારનો વેશજ તુંને ઘણી મદદ કરશે, તું જયાં ચાહશે ત્યાં જઇ શકશે. (સામે જોઇ) સામેથી કોઇ બાઇ ને છુચી આવેછે. (છુપાઇને જોયછે, ઓળખીને ચોંકેછે) કોણ? મ્હારાં વ્હાલાં! (પરીન ને બાનૂ આવે છે, પરીન બારણું ઠોકેછે) હા, એજ, એજ મ્હારાં જિંગરને આરામ આપનાર પરીન તથા બાનૂ છે. ઉફ! એમનો શું અવતાર? શું હાલત? ખુદા ત્હારો ભેદ તુંજ જાણે, ત્હારી કરામતને કોણ પિછાણે? સપલ ચુપ રહીને સુખ દુઃખનો ખેલ જો, દુર રહીને મા દીકરીનો મેલ જો.

[બજો બારણું ઉંઘાડેછે, પરીન તથા બાનૂ અંદર જઇ બજાને વળગી પડી રડી પડે છે.]

બજો—(ધભરાઇને) શું છે મા? કાંય રડેછ કાંય ?

પરીન—બજા બા, હું મુઇ અભાગણી! મ્હારે માટે મુસિબત, કંગાલયત અને આફતજ સરજેલી છે.

બજો—પણ થયું હું?

બાનૂ—બજા બા, (રડીને) મમાને પેલા-પેલા ફીરોજ શેઠે ધમકાવીને કાહાડી મુકયાં.

પરીન—બજાબા, હું શું કહું, મુવો હજી મ્હારો પીછો મુકતો નથી, મ્હને ગરીબ જાણી નીચ અને બુરી નીયતથી સતાવેછ, હેરાન કરેછ.

બજો—મા, મને જો તમારાં ગુજરાનની ફકર નહિ હતે કેની, તો આ નેતર ચીરવાના છરાથીજ એ કસાઇનો ખીમો બોટી કરતે; મારી મા, તું હેબતી રખે જતી. ખદાપર વિહવાહ રાખ, હઉ હારૂં થહે.

[બજો બન્નેને પાસાંમાં લઈ દિલાસો દેતો આંખપાણી ભરેછ, સપલ આ દેખાવ જોઇ બળાપો કરે છે.]

સપલ—(સ્વગત) હે પરવર! કર્મયોગે મ્હારાં વ્હાલાંપર આ ત્હારો કેવો કેહેર! (માથું કુટી) હુંજ! હૈયાંફુટો બધી આબદાનું મૂળ છું. ઓ નાપાક, ફીરોજ, દોસ્તના સાલ્લામાં કટ્ટા દુશમન! તું મ્હને મુવેલો જાણી મ્હારાં વ્હાલાંઓને આ રીતે સતાવેછ, પણ યાદ રાખજે, કે જેમ સુખ સદા રેહતું નથી, તેમ દુખબી સદા દુખ

દેતું નથી. જુલ્મની જીંદગી ટુંકી છે, સબરની હૈયાતી મોટી છે. શુકર છે, ખુદા કે તેં આ બજ્જા જેવા રાહબર ફરેસ્તાને એમના માથે મુકરર કીધોછ.

બાનુ—મમાં, મકને ઉંઘ આવેછ. (બાનૂ આંખ ચોળેછ.)

પરીન—આવ મા સુઈ જા. [બજ્જો બાનુને બાઝટપર સુવાડેછ. તકીયો ન હોવાથી માથાં નીચે જુની સાડીનો ડુચો મુકેછ, પરીન પસવારેછ, બજ્જો ઘીલી ઘાલે છે, સપલ સંતાપ કરેછ.)

સપલ—(સ્વગત) મહારાં વાહલાંઓના મુદ્દઇઓ? ત્હમે કેવી કેવી બાજીઓથી ભોલાંઓને માત કરોછ? હાર આપોછ?

બજ્જો—બાઈ મેં આજે પેલા ડોહુને મદદ માટે કંઇ ઇહારો કીધેલો. કદાચ મદદ કરહે.

પરીન—એ હેરેમનની ફીરોજ માકાની ટોલીમાંનો છે.

બજ્જો—તે ટોલીમાંનો છે, પણ એ ચંડાલો કરતાં ભલો છે.

પરીન—પણ સંભાળજે! ગમે તો ઉછીના નાણાંની મદદ લેજે, પણ કોઇ પાસે ભીખ માગવા હાથ ના ઓરતો. ભુખે ટવળી મરશું, પણ કોઇનાં મોહતાજ નહિ થઇશું. તું ભુચી આગળ બેસ, હું સિલાઈના પૈસા લઇ આઉંછ.

બજ્જો- હધાવો બાઇ. હહતે મોઢે પાછાં ફરજો.

[પરીન બાનૂને ચુમી લઇ જાયછ, સપલ પરીન પાછળ કુદરતી ખેંચાણથી થોડાંક કદમ આગળ વધી થોભી, તેને જોઇ જોઇને મનસે સંતાપ કરેછ.

સપલ—(સ્વગત) ઓ મહારી મિઠી મોહેની? આ તારો શું હાલ? (આસમાન તરફ જોઇ) હે ખુદા! શું આ સિતમ તું જોઇ શકેછ? આ માતમ જેવું રદન તું સાંભળી શકેછ તું રહમાન છે, તું રહીમ છે! કર રેહેમ આ નિરાધાર મા બેટીપર. એઓને હું મદદ કરૂં એવો સંજોગ અને શક્તિ આપ. એ ખરૂં છે કે જે કીનો લેવાના વિચારમાં હમેશાં મથેલો રહેછ, તે પોતાનાં જીગર માહેલો જખમ હમેશાં તાજો રાખે છે. પણ ભુલી જવાથી તે જખમ પોતાની મેળે રૂજ આવીને સાફ થાય છે. મગર મને

તો ફીનો લેવોછ, ને મ્હારો જખમ તાજો રાખવોછ, કે તેમાંથી ટપકતાં લોહીના દરેક "કતરાનું" હું મ્હારા હાથે વેર લઉં.

બજો—(બાનુને ઉંઘમાં જોઇ) મારો ફરેહતો મીઠી ઉંઘમાં હુતો, પરીનબાઇ આવે તેટલામાં, જો કંઇ ડોહુ આપે તો લઇ આઉં. [બહાર આવી, બારણું અલગું બંધ કરેછે, સપલ સામો થઇ સાધ બદલી સવાલ કરેછે,]

સપલ—શેઠ કાંઇ જુનાંપુરાણાં કપડાં ખરીદશો, અથવા આપશો?

બજો—(નહિ ઓળખીને) બાપુ માફ કર. ખાવાની ખાકની ન્હી મળે ને કપડાં કાંહથી આપે ને લે?

સપલ—ભઇ, ઉધાર લે, એમાં શું છે? આપ લેની દુનીયા છે.

બજો—નારે બાપુ! ઉધારનો ધંધો તું ભલે કરે, પણ હું ઉધાર ધીરે તેની હરાહે નહિ જાઉં.

સપલ—જેમ ત્હારી મરજી. પણ ભઇ જો તું સાંભળે તો તને એક વાત કહું, મેં ત્હમારી મુસીબતની કહાની અંહી ઉભો રહીને બધી સાંભળીછ, તેથી મહને ઘણું દુઃખ થાયછ, દયા આવેછ.

બજો—વારૂં બા! તારી મેહેરબાની દુઃખી હોય તે દુઃખની વાત જાણે, જેની પર પડે તેજ પીછાણે.

સપલ—હા હું ઘણો દુઃખી છું. મ્હારી પણ (બાનૂને બતાવી) એવીજ છોકરી ને એક રાંક ને અશરાફ બૈરી હતી.

બજો—હહે ભઇ, દુનિયા છે, એ કોઇની થઇ નથી ને થવાની નથી.

સપલ—હું અચાનક આફતથી તે બન્નેને ગુમાવી બેઠોછ, તેથી આ મા દીકરીને જોઇ મહારાં મનમાં એવું થાયછ કે તેમને કંઇ મદદ કરૂં, કે જેથી મહને સંતોશ મળે, મહારૂં દુઃખ ટળે.

બજો—બાપુ, હવારથની દુનિયાં છે; હવારથ વગર કોઇ મદદ નહિ કરે, હવારથ હઉને વાહલો છે.

સપલ—મહને સ્વાર્થની કે બદલાની બિલકુલ પરવાહ નથી, ને રાખું તો તે ખુદાથી, નહિ કે ત્હમો જેવાં દુઃખીથી.

બજો—ભઇ તને દુઃખી જોઇ હું દુઃખી છું. તારી વાતપરથી તું દુઃખી ને ભલો માણસ જણાય, પણ તને ઓળખતો નથી, તેથી ત્હારી ફુટી કોડી કે ફુટી બદામ પણ લેવી મને હરામ છે.

સપલ—ભઇ, હું બુરૂં માણસ નથી. એક મહારૂં દિલ ને બીજો ખુદા જાણેછ, કે હું કોણ છું, (કમરબંદમાંથી ગીની કાઢી આપવા ચાહેછ.) લે આ ગીની, ને એઓને કંઇ ખાવા પીવાનું લાવી આપ.

[બજો ગીની જોઇ, સપલપર શક લાવી વેહમાઇને ના કહે છે.]

બજો—જા, બાપુ, જા, ચાલતો થા, એ લાલચ તું કોણને આપે? એવી લાલચો તો ઘણી વખત બાઈએ ને મેં ઠોકરે મારેલી.

સપલ—(સ્વગત) એ એમ માનવાનો નથી, છુપી મદદ કરતાં કદાચ ઉલટ થશે, માટે જાહેર થાઉં, બજાને સમઝાઉં, વિશ્વાસમાં લઉં, અને એનીજ મદદથી મહારાં વ્હાલાંઓની સંભાળ લઉં, મદદ કરૂં (બજાને, ભઇ, ખુદાને હાજરનાજર જાણીને કહુંછ કે મહારાં ઇમાનમાં દગો નથી, હું અંતરમાં સાફ છું, જાતે અશરાફ છું.

બજો—જા બાપુ, માથું ના ખા, ચાલતો થા, કંઇ ચાંઉ કરવાનો વિચાર હોય તો અંહી હું છે? રાંધણીમાં છાણાં, ને ભાતના તોપલા કાણા.

સપલ—(નજદીક જઇ ખુલ્લે સાદે) બજા, તેં મહને હજી નહિ ઓળખ્યો?

બજો—(ચોંકીને) હેં! હું તું મહારૂં નામ જાણે? (પગથી માથાં સુધી જોઇ) બોલ ભઇ, તું મહને કાંહથી પિછાણે?

સપલ—(આસપાસ જોઇ વેશ બદલી) વાહલા બજા, ત્હારા સપલ શેઠને ભુલી ગયા?

બજો—(એકદમ અચરત થાય છે) મહારા હપલહેઠ! અરે તમે મુવેલા કે જીવતા?

સપલ—હું જીવતો છું, સલામત છું, કરમફુટો હું અનામત છું.

બજો—(વળગી પડી) ઓ મહારા હેઠ, તમે જીવતા છો? ઓ મારા ખદાયજી, આખર તમે મળ્યા ખરા, (કોટી કરી) પણ હેઠ, એ આ હું અવતાર? અંદર આવો, બાઇને આ હરખાવનારી ખબર આપી હુખી કરૂં, (હરખમાં ઘેલા જેવો થઇ વારંવાર જોઈ જોઇને છાતીએ દાબેછ) એ મારો બાપો, મારો હેઠ, મહારો હપલહા.

સપલ—બજા, મ્હારી હસ્તીની ખબર કોઇનાં રૂવાંને પણ નહિ પડવી જોઇએ. હજી પાપ ફુટિયું નથી, ભેદ જાહેર નથી થયો, કપાળે લાગેલી કાળી ટીળી હજી દૂર નથી થઇ; ખુન કેમ થયું, કોણે કીધું તે જણાયું નથી, ત્યાં સુધી હું ગુનાહગાર છું, હાલ હું એજ તપાસમાં ભમું છું, રખડું છ, ફરૂંછું, જયારે ખરો ભેદ જણાશે ત્યારેજ હું જાહેર થઇશ.

બજો—પણ હેઠ, હકીકત હું બની તે તો કહો ?

સપલ—હું જે રાત્રે અત્રેથી નાહઠો તે રાત્રે ત્રેનમાં કચડાઇ જતો બચી ગયો; પણ લોકોએ મહને છુંદઇને મરી ગયલો ધારી વિસારી મુકયો. સારે નસીબે હું ત્રાન્સવાલ ગયો, ત્યાં એક બોઅર કુટું-બમાં મેં નોકરી મેળવી, અને મ્હારી લાયકી જોઇ થોડા દિવસમાં મ્હારા શેઠે મહને પોતાની થોડી જમીન ખેડવા આપી. શું કહું બજા, તકદીરે કંઇ એવું તો જોર મારયું કે તેમાંથી નહિ ધારેલી એક હીરાની ખાણ મળી. શેઠને એ વાત જાહેર કરી વફાદારી બતાવી તે જમીન પાછી આપવાની ખુશી જણાવી, પણ તે ભલા શેઠે મહને ભાયગવંત સમજી, પોતાનો ભાગ્યો બનાવ્યો, અને આજે હું લખો બલકે કરોડોની દોલત સાથે તમો વાહાલાં-ઓની માયા ખાતર અત્રે પાછો ફરિયો છું.

બજો—ઓ ખુદા, તારી કેવી મેહેર? અમો પર દુઃખો વરહાવી, તેં જે જે વિટંબનાં પાયરાં તે આજનો હુખી દી જોવા કે?

સપલ—બજા તું આ 'ગીની' લે (એક ગીની આપેછ.) હું તને રોજ છુપો મલતો રહીશ, અને અગતનું કામ પડે, ત્યારે મ્હારા સોલિસીટર મેરવાનજીને પુછી મહને મળજે. હવે તું પરીન તથા બાનુને જેમ બને તેમ સુખ સગવડવાલાં મકાનમાં રાખવાનુ નક્કી કર, ખાવાપીવાની સંધી તજવીજ રાખજે. તને કોઇ પુછે કે "પૈસા કયાંથી લાવ્યો?" તો એમ કેહજે કે કોઇ સગું ધપી ગયું તેનો વારસો મળ્યોછ. [ગીની લઇ નાક ઘસી ખુદા પાસે દોઆ કરવા ખોળો ઝીલે છે.]

બજો—હુકરાના મારા બાપ, હુકરાના હેઠ હવે તો મારો હરખ છાતીમાં નથી હમાવાનો. હું તો ફુલી ફાટીને મરી જવાનો. તમે મારા રાજા પરીનબાઇ રાણી, મારી બાનૂ હાજાદી, ને બંદા વજીર થવાનો.

સપલ—બજા, ત્હારો આભાર હું મરતાં સુધી ફેરવી શકવાનો નથી, જા, બજારમાં જા, કંઇ ખાધખોરાકી લાવ, જલ્દી આવ.

બજો—વારૂં હેઠ, આ ચાયલો [બજો હરખમાં નાચતો કુદતો જાય છે, સપલ ઝુપડીમાં દાખિલ થઇ બાનૂને સુતેલી જોઇ તેને ચૂમી લે છે.]

સપલ—આવી એકાંત તક કદાચ મ્હને પાછી નહિ મળશે, મ્હારા ફરેસ્તા, મ્હારી આશાના ઉગતા આફતાબ, તું કેવી નિર્દોશ નિંદમાં સુતી છે? (ચુમેછ) કેટલે વરસે આ મિઠ્ઠી ચુમ્મીનું મિઠુ મધ, આજે હયાત મ્હને મળયું! મહારાં જીગરના ચાંદ, ત્હારો ઉદય થાવો ને તૂં પુર તેજથી પ્રકાશી ત્હારી આસપાસના આફ્તના અંધકારને દૂર કરજે.

[બાનૂ જાગૃત થઇ, સપલને જોઇ બીહીને આસપાસ જોઇ, મમા બજાને પુકારે છે.]

બાનૂ—મમા! બજા! (સપલને) ત્હમે કોણ છેવો?

સપલ—ના બીહી દીકરી! ખુદાયજીએ ત્હને રમાડવા મહને ફરેસ્તાના આકારમાં મોકળયોછ.

બાનૂ—તો શું મહારાં મમા ને બજાબા મહને નથી રમાડતાં કે? મહારા પપા મહને કેવી રમાડતાતા.

સપલ—ત્હારા પપાના કેહવાથીજ ખુદાયજીએ મહને તને પ્યાર કરવા મોકળયોછ. દીકરી લે આય ગીનીઓ, ને ત્હારી મમાને આપજે.

[અનેક ગીનીઓ આગળ કરેછ, બાનૂ હાથના ઇશારાથી ના પાડેછ.]

બાનૂ—એ તો સુન્નું છે, નહિ બા; મમા જોઇને મહને ધમકાવશે.

સપલ—નહિ ધમકાવે, તું લે; ને મમાને આપી કેહજે કે ફરેસ્તાજી આવીને ત્હમુને આય આપી ગયાછ.

બાનૂ—સુન્નું આપીને મમાને રડાવશો તો નહિ?

સપલ—નહિ દીકરી; નહિ રડાઉં, મમાને કેહજે કે જેટલી ગીની જોઇશે તેટલી હું રોજ મોકલીશ, હું મમાને મળીશ. ત્હારા પપા કયાં ગયા?

બાનૂ—મમા કેહજે પપા મરી ગયા. તે હવે પાછા આવશે નહિ.

સપલ—ખુદા ચાહશે તો કદાચ આવશે દીકરી, ને તને ને ત્હારી મમાને મળશે.

બાનૂ—જરૂર મેળવજો (દરવાજા બહાર જઇ પુકારે છે) મમા! બજા! કોઈ મળે નહિ. (સપલને) ત્હમે બેસોજી, કે મમાને શોધી લાઉંછ.

સપલ—તું કાંહ જશે?

બાનૂ—મમા કેથે પાસે સીવવાના સદરા લેવા ગયાંછ, હું તેવણને હમણા તેડી લાઉંછ, ત્હમે જતા નાં.

સપલ—દીકરી મહને એક કીસ આપ.

બાનૂ—હા લેવોજી. (બાનૂ કીસ આપેછ.) મહને ત્હમે ઘણા ગમોછ, ને ત્હમુને જોઈ મહને પપા યાદ આવેછ. (બાનૂ કીસ લેછ) મેં ત્હમારી સાથે કોટી કીધી તેથી ખુદાયજી ગુસ્સો તો નહિ કરે?

સપલ—નહિ દીકરી. ખુદાયજી ઘણા રાજી થશે. ખુદાયજીએ મહને મોકલ્યોછ, ને ખુદાજી ત્હારો ને માયનો રાહબર, રાહનુમા છે.

[બાનુ મમાને જોવા બહાર જાયછ, સપલ પરીનની સબી જોઇ છાતીમાં ચાંપી, હેતથી ચુમીને અફસોસ કરેછ,]

સપલ—મહારી વ્હાલી પરીન, ત્હારી મિઠ્ઠી મૂરત, મોહેની સુરતની એજ છબી છે. (જોઇને) હા, કેવી દુઃખભરી, ઇન્તેજાર આંખો મહને ટીકી ટીકીને એકે ટગરે જોયછ? પરીન, જો કે હું ત્હારી અસલ સુરતને ચુમી નથી શકતો, તોપણ ત્હારા પડછાયાને, ત્હારી નકલને ચુમી મહારા દિલને, દિલાસો આપુંછ; અસલને ચુમવા જેટલો સંતોષ પામુંછ.

[તસવીરને ચુમીને પાછી જગ્યાપર મુકે છે.]

(વિચારીને) હવે અહીંથી જવું જોઇએ, નહિ તો ફોકટની આફતમાં ફસવું પડશે (સપલ બાહાર આવી ભરાય છે, પરીન ઘભરાતી દાખલ થાય છે. પાછળ માકો, પાંડુરંગ બેલીફ તથા સીપાઇઓ છે. સપલ આ નવી આફત જોઇ દુઃખી થાય છે,) ઓ! આ શું આફત? સિતમગારો, કરો સિતમ, પણ આખર હુંજઃ—

[અચકી પરીનને જોય છે, પરીન બજાને ઘેરમાં નહિ જોઇ પુકારે છે.]

પરીન—(ધભરાટમાં) બજા! બજા બા? એ બાનૂને લઇને કાંહ ગયો? (આજેજીથી) માનેકશા ભઇ થોડા દિવસ થોભી જાવ, મહારી તંગ હાલતપર રેહમ ખાવ, જુલમ ના કરો, ખુદાથી ડરો.

માકો—ત્હમે સીધી રીતે માનતા નથી તો પછી વાંકો રસ્તો લેવાની ફરજ પડી. મી૦ પાંડુરંગ, ત્હમે ત્હમારૂં હુકમ નામું બજાવો.

[પાંડુરંગ નોટ બુક કાહાડી સામાનની ટીપ કરવા ચાહે છે, પરીન આજેજી કરે છે.]

પરીન—ભાઇઓ ત્હમારા જીગરમાં ખુદાએ કંઇબી દયા મુકી હોય તો મ્હારા જેવી એક દુ:ખી અને નાચાર ગાયપર છરી નહિ મુકવા માટે આ કસઇને કંઇ સમજાવો.

પાંડુરંગ—આર્ને હું શું કરેચ? હું તો કાયદાનો બંધાયલો ફરજી નોકર છે. (માકાને બતાવી) એ શેઠને સમજાવો તો હમે રાજી છે.

માકો—(દમમાં) ત્હમે ત્હમારી ફરજ બજાવો, બસ જેબી હોય તે ઉઠાવો.

પરીન—અરે દયાહીણ! જરા તો દયા કર! સખત થંડીના થથરાટમાં ઓઢવા સારૂં એક કામળ તો બચ્ચાં માટે રેહવા દે? બચ્ચું શું ઓઢશે?

માકો—તું ને બચ્ચું જહન્નમમાં, હમને તેની શું પરવા?

[પરીન કંટાળીને આજેજ થઇ, ખુદા તરફ હાથ ઉંચા કરી નાચાર થાય છે.]

પરીન—ઓ ખુદા! જેમ ત્હારી મરજી. (પાંડુરગને) ભઇ, સામાન ઉઠાવો, હુકમ બજાવો. (પાંડુરંગ ટીપ ઉતારે છે) હમે ઠંડી ને ઠારમાં થથરશું, સૂરજનાં તપતાં ટપોટામાં તપશું, ચાંદ સેતારાઓના પ્રકાશિત છાયા તળે સુઇશું, ભીખ માગશું. ભુખા રહીશું પણ જાલિમ જુલમગારોને કદિ નહિ નમશું.

[પરીન રડેછ, સપલ બલાપો કરેછ.]

સપલ—(સ્વગત) આફરીન! મહારી બ્હાદૂર ગોરદાફરીદ આફરીન! અરે અફસોસ કે વખતસર મેં આ અનમોળ હીરાની કિંમત કીધી નહિ. ખુદા તું એમને બચાવ. (આસપાસ જોઇ) બાનૂ કોણ

જાણે ક્યાં ગઇછ? તેને શોધી લાઉં, કે તે આ શયતાનના મહોડાંપર થુંકી પૈસા ફેકી દે.

[સપલ બાનુને આસપાસ રસ્તાપર શોધવા જાયછ, માણસો સામાન ઘસડ પસડ કરે છે; બજો ખાધખોરાકી લઇ, ગાતો ગાતો લેહેરમાં આવે છે.]

બજો—રંગ છે રે રાજા રંગ છે આજ, પ્રભુએ રાખી ગરીબની લાજ. (સિપાહી તથા બેલીફપર નજર જાય છે, બજો ચીડાય છે.) એઇ સિપાઇ તુમ કાય માગતા? જાવ તુમ અંહીથી નીકળો. (માકાને) બચ્ચા હંભાલજે! (સ્વગત) ત્હારો બાપ આવેલો! (પરીનને) મા, આજે તો હેવી બજાર લાવેલો કે તું ને બાનૂ દીકરી ખાઇને ખુહી થહો. (આસપાસ જોઇ) મહારી બાનૂ કાંહ છે?

માકો—(દમમાં) બજા તું મહને ઓળખેછ કે? કેમ, આજે દારૂ ખુબ ઢીચ્યોછ કે?

બજો—હા, હા, તું કોચીનના હાકોકારને પગથી માથાં સુધી ઓળખેલો. હેરેમનના જન્યા, હવારે મોઢું ના બતાવતો. નહિતો રોજી નહિ મળહે. [બજાની ખુશીની લેહેરને દારૂની કેફ સમજી, પરીન તેને રોકે છે.]

પરીન—બજાબા, કોઈ દિવસે નહિ ને આજ એમ શું કરોછ? દારૂ કાંહ પીધો?

બજો—માફ કરજે મા. મેં દારૂ નથી પીધો. એ તો હું ખુહીથી છાકટ થયલો. ત્રણ વરહે મેં આજે હુરજને દીઠેલો. આહા! આજે બધે ઉજરહું ને અજવાળુંજ મહને દેખાય! ઓ મારા ફરેશ્તા તું મને મયલો ખરો. (પરીનને બજાર બતાવેછ) તેણે મહને આ હંધી બજાર અપાવેલી ને કહેલું, કે જા ખા પી ને મજા કર. (માકાને બતાવી) ને આ ઇન્સાની અવતારના હેવાનોને ઝાડુ માર. (નાચીને ગાય છે.) રંગ છે રે રાજા, રંગ છે રે આજ, પ્રભુએ રાખી ગરીબની લાજ.

[પરીન બજાને છાકટો સમઝે છે.]

પરીન—બજાબા, જરા હોશ પકડો. આ માકો સરકારના માણસો લાવી આપણો સરસામાન લઇ જવા માગેછ.

બજો—(બેદરકારીથી) જવા દે મહારી મા! એ તો આપણી પનોતી ઉઠાવી જહે, પાપ લઇ જહે. (પાંડુરંગને) એ સેંડીયારાવ, લેવ લઇ જાવ. (માકાને બતાવી) જ્યારે એ દખમા મહી જાઇલ ત્યારે તીકડે એનલા કામ આવહે.

માકો—મી૦ પાંડુરંગ, આય બજાર પણ ઉઠાવજો.

બજો—ગેલામના ખાધા, જો બજાર ઉઠાવી તો તને હું કાચો કરડી ખાવહ.

પાંડુરંગ—શેઠ, ખાવાની અને પેહેરવા ઓઢવાની ચીજ જપત કરવાનો કાયદો નથી, હુકમ ને હક નથી.

માકો—મહારા સાહેબ, કાયદા ફાયદાની વાત અંહીં કયાં લાયા? કાયદામાં નહિ હશે તો કાયદાથી લડીને છોડવીજશે. ત્હમે હવડાં તો ઉઠાવો.

બજો—અરે ભઇ જા. માથું ના ખા. હવારે આવી તારા પૈહા વ્યાજ હાથે લઇ જજે.

માકો—(સ્વગત) આજના જેવી તક કાલે મળવાની નથી. કોઇબી ગુરૂ એને મળયોછ ખરો. (જાહેર) સહવાર સાંજ હું કંઈ જાણતો નથી, મહને હવડાંજ રૂપ્યા આપો, નહિતો હુકમ નામું બજાવશે. (વિચારીને) મી૦ પાંડુરંગ, અસબાબ ઉઠાવો.

[બજો બાંહે ચઢાવી સામો થવા દોડાદોડી કરી મેળેછ; પાંડુરંગ તથા સિપાઇ પાછળ હટેછ, માકો ગભરાયછ.]

બજો—જોઉં કોણ હાથ લગાડેછ? (માકાને) હંબાલજે બચ્ચા, જીવ જવાનો હોદો ના કરતો; પૈહા લેવા જતાં દોખમે ના ચહડતો? (પેતરાં ભરેછ, માકો ડરેછ.) આવ આજે તને મારૂં કે હું મરૂં! બલા લેતી ફાંહી ચડહું. [પરીન બજાનો હાથ પકડી રોકે છે.]

પરીન—બજાબા, ખુદા જે કરે તે જોયા કરો; સરકારના માણુસો સાથે કજીયો ના કરો.

[બજો દાંત પીસતો, ડોળા ધુરકતો ઉભો રહેછ, પરીન તેની ખાંધપર માથું નાખી રડેછ.]

માકો—પરીનબાઇ, હજીબી કંઇ માનો તો સઉ સારૂં થશે, સંકટ જશે.

પરીન—(ચોરડાઇને) માનું? કોણુને? શયતાનને? ખવીસને? ખન્નાસને! ખુદા મહારો નિગાહબાન છે, તો તું ને ત્હારો પીરોજ શયતાન કોણુ છે? (બાનૂની યાદ થતાં) બજાબા, બાનૂ ક્યાં છે! જાવો શોધી લાવો, નહિતો મુજીઆ તે નિર્દોષપર વેર લેશે, બાળકને દુ:ખ દેશે.

બજ્જો—હું તો પોઢેલી મુકીને બહાર ગેયલો ઉતો.

[સપલ બાનૂની પાંખડી પકડી આવેછ. ને હાથમાં ગીનીઓ મુકી પરીનને આપવા કેહે છે. પરીન રડે છે.]

સપલ—બેટા, દોડી જઈ આ ગીનીઓ મમાને હરૂસે આપ.

[બાનૂને અંદર મોકલી પોતે પાછો છુપાઇને તમાશો જોય છે, બાનૂ પરીનને વળગી પડી ગીનીઓ આપે છે.]

બાનૂ—મમા, કાંય રડોછ કાંય? ના રડો. મહને ખુદાયજીના એક ફરેસ્તાએ ગીનીઓ આપીછ.

[મમાને ગીનીઓ આપેછ, પરીન તથા બજ્જો ગીનીઓ જોઇ, અચરત થાયછ, માકો ગાલ ધવડી નીચું જોયછ, બેલીફ શીપાઇ ખુશી થાયછ]

પરીન—મહારા ફરેરતા, હને કોઇ ફરેશ્તો મળ્યો હશે.

બાનૂ—હા મમા! (છુટી ગીનીઓ માકાના દીલપર ફેંકે છે.)

પરીન—લે મુવા, જો મહારા ફરેશતાને ખુદા તરફના ફરેસ્તાએ કેવી મદદ કીધી ? હા હારે મહારા ફરેસ્તા આખેર તું મળ્યો !

[પરીન બાનુને પેટમાં ચાંપી ગુઠણે પડી દુવા માગેછ.]

બજ્જો—ધુત નાપાક!

પરીન—ખુદા, તુંજ તુંજ, દુખીતો દાદગર ને દયાનો દાતાર છે. (બેલીફ ગીનીઓ ઉઠાવેછ.)

માકો—બઇ ચુકું, કોઉ ગુરૂ મલ્યો ખરો, બાજીમાં માહત મળી.

સપલ—(ગુઠણે પડી) શકર હકતાલા એ બીયાનિયાજ રયેમંદ!

[બેલીફ માકાને ગીની આપેછ, પરીન બાનુને ગળે લગાડી આસમાન તરપ હાથ ઉઠાવી દુઆ ગુજારેછ, પશેમાન થએલા માકાને બજ્જો મુકકી બતાવી હસેછ; સપલ ગુઠણુ પર પડી હાથ આસમાન તરફ ઉઠાવી ખુદાનો આભાર માનેછ, બેલીફ ને સીપાઇ એકબીજાનું મોહું જોઇ ખુશ થાયછ.]

ડ્રોપસીન.

અંક બીજો તમામ.

અંક ત્રીજો—પ્રવેશ પેહલો.

ઝાડીથી ભરેલી સાંકડી ગલી.

[સપલ એક કંગાલ ફીરંગી વેશમાં, ઝાડના થડપર બેસી ભવિષપર વિચાર કરે છે.]

સપલ—(સ્વગત) 'વિક્રાળ સિંહ, હમેશાં પોતાનાં કઠોર અવાજથી ઘુરીને પોતાનું ઠામ જાહેર કરેછ, સાંપ પોતાનાં દરમાં બેસી ફુંફારા મારી પોતાની હસ્તી બતાવેછ, રીંછ પોતાની ચીસોથી જંગલમાંથી જનાર મુસાફરોને ચેતવણી આપેછ, પણ નીચ બદમાશ ઇન્સાન પોતાની બુરી નીયતનો પત્તા આપતો નથી. હેવા બદમાશો સિંહ કરતાં પણ વિક્રાળ, સાંપ કરતાં વધુ જેહેરી, અને વરૂ કરતાં પણ ક્રૂર છે.'

સાધુના સાલ્લામાં છુપાયલા જે જે દોસ્તોને, સપલ, તું ત્હારા દિલસોજ ને ગમખ્વાર સમઝતો હતો, તેઓજ આજે ત્હારી આંખે ત્હારા સંસારનો નાશ કરતા જણાયાછ, અને ત્હારા લોહીના પ્યાસા થયાછ. (વિચાર કરીને) અણસમજથી થયું યા ભમતા મગજને ભમાવાથી થયું; પણ તેથી તેં ખુદા ત્હારા સંસારનું સત્યાનાશ વાળ્યું. સમઝમાં રહેજ ફેર પડતાં, બ્હાલાંઓને દુઃખી કરી તું ખુદ જનમનો દુઃખી થયો. જે પ્રમાણે કરોળિયાનું નક્ષીદાર રેહેઠાણ, જાળું, બચ્ચાંની સેહેજ છેડણીથી ઝટ તુટીને નાશ પામેછ, તેજ પ્રમાણે તેં ત્હારી કમ સમઝથી ત્હારા સંસારનું રૈનકદાર હસ્તું મકાન બરબાદ કીધું. સપલ, હવે દુશમનોપર કીનો લઇ, બ્હાલાંઓ તરફ ફરજ બજાવવીછ, તેઓને સુખી કરવા જીવના જોખમે બાથ બીડવીછ કોશેસ કરવીછ. (સામેથી ફીરોજ, માકો તથા ડોસુને આવતાં જોઇ) લેવો, ખુનીનાં ખાસડાં અહીંજ આવેછ. સપલ, હિમત પકડી હિમતથી આ

ભયંકાર વરૂઓના છુપા ગુફામાં ફરેબથી ધુસી ત્હારૂં વેર લે, ખુદા તુંને સાહાય થશે.

[સપલ ગાડાં ઘેલા જેવો થઇ ચુપ બેસે છે. ફીરોજ, માકો તથા ડોસુ વાત કરતા આવે છે.]

ફીરોજ—માકા, તમામ બાજી તો ઉંધી વળી, પણ એને મદદ કોણ કરેછ, તે હવે શોધી કહાડવું જોઇએ.

માકો—ફીરોજબા, હવે ત્હમે નોકરીથી રિટાયર થયાછ, અને કંઇ સાહાસ કરતાં સપડાયા તો?

ડોસુ—સપડાયા તો શરમ શાની? એવણે ચાલતા ચલણમાં હેવાં હેવાં ભલાં કામો કીધાંછ કે, તેનું સમતોલપણું જાળવવા હવે એવણને કીધુ તેવું ભરપાઇ કરવા મહોટા ધરમાં જવુંજ જોઇએ.

ફીરોજ—(ડોસુને) બેવકુફ, નોકરી ગઇ, પણ હજી ઓળખ નથી ગઇ. પોલીસનો તમામ સ્ટાફ હજી મહારા હાથમાં છે. મહારૂ ચલણ હજી કંઈ ગયું નથી.

ડોસુ—બાવા એ તો હવે સાંઇ ગયા ને સાંઇની શરમ લેતા ગયા, તેમ થશે.

માકો—મહને તો હવે છેહલો એક ઇલાજ એ સુઝેછ કે ન્હાની દુકતી બાનુને ઉઠાવી જઇએ. રાંડને હેવી સતાવ્યે કે, પોતાની મેળે ગાય ધેંસ જેવી નરમ થશે.

ડોસુ—પણ એ બધી પંચાયત કરે કોણ? ફીરોજ તો મોહબતનો મલીદો ખાવા તૈયાર છે, કેમકે તેમાં જે લેહેજત છે તેની એમને આદત છે, પણ આ બધું પકાવીને પીરસી કોણ આપશે?

ફીરોજ—ત્હમે કેહવો તેમ કરવા હું બી તૈયાર છું.

માકો—ત્હમે ફરી એક વખત પરીનની મુલાકાતે જાવો, સમઝાવો, મનાવો, બેહકાવો, જોઇએ કંઇ માનેછ.

માકો—ને જો નહિ માને તો ખુબ દમ ભરાવ, ધભરાવ, કે પોતાની, મેળે કુતરાની કાનો દોડી આવશે.

ફીરોજ—જો પ્યાર કરૂંછ તો મચક નથી આપતી, જો દમ કરૂંછ તો વચકી જાયછ, ત્યારે કરૂં કેમ તે સમઝ નથી પડતી.

ડોમુ—ત્યારે પ્યાર શિખવા ઇસ્કોલમાં જા. મ્હારો વાહલો તુંભી કેથો સકર ગંડેરી જેવોજ રહી ગયો. ત્હમે ચાલો તો ખરા, સઉ થઇ રેહશે.

[ત્રણે જવા ચાહેછ, સપલ સામે આવી સલામ કરી ભીખ માગે છે.]

ફીરોજ—તુમ કોણ હય ? ક્યા મંગતા હય ?

[સપલ સલામ કર્યા કરેછ.]

ડોમુ--જાવ, બીચમે મત આવ. (ફીરોજ માકાને અલગસે] સંભાલજો, કોઇ ડીટેકટીવ નહિ હોય.

(સપલ પાછળ પાછળ જાય છે.)

ફીરોજ—ક્યું ! નહિ જાતા હય ?

[સપલ ખાવાનું માગેછ.] તુમારા નામ ક્યા ?

[સપલ ઇશારતથી મુગાપણું બતાવે છે]

માકો—મુગોછે, પણ મ્હારો વ્હાલો તો દેવ જેવો ફરએ છેહં ?
(સપલ બેહેરો થઈ ઉભો રહેછે.) અરે તુમી ગોવાંન્ચોરે ?

[માકો મસખરી કરેછ, સપલ અજાણ્યો થાયછ.]

ડોમુ—મુગો અને બેહેરોભી મુવોછ.

માકો—(ઇશારતથી) તુમ બેહરા હયકે ? (સ્વગત) ઉભા રહો એને અજમાવી જોઇએ.

[માકો સપલની પછવાડે પીસ્તોલ ફોડે છે, પણ સપલ કશું નહિ જાણતો હોય તેમ ઉભો રહેછ, અને સપલ સવાલનો જવાબ આપવાને બદલે ખાવાનીજ ઇશારત કરેછ.]

માકો—ખરેખર કેથો બેહેરો ને મુગો, બન્ને વાતે દુ:ખી છે. એને પુછીયે કે નોકરી કરશે ?.

ડોમુ—(ઇશારતથી) એઇ, તુમ નોકરી કરેગા ?

[સપલ પેટ બદલાવી ભૂખનો ઇશારો કરેછ.]

માકો—ફીરોજ, આપણને ગુફામાં સાફસુફ કરવા એક ભોટસોત માણસની જરૂર છે. આ બિચારો તદન મુગો ને બેહેરો મુવોછ. એ સાંભળશેભી નહિ, ને આપણો ભેદ કોઇને જઇને કેહેશેભી નહિ; માટે રાખિયે તો ઠીક.

ફીરોજ—(ઇશારતથી) તુમ નોકરી કરેગા ?

[સપલ ઇશારથી હા કહેછ.]

માકો—(ઇશારતથી) તમકો વાચતાં લખતાં આવડતા હય ?

[સપલ ના પાડેછ]

ફીરોજ—ત્યારે તો ઠીક છે, નવ્વાનું ટચનું માણસ મળ્યું.

કાસુ—પણ જોજો નવ્વાનુંના સત્તાણું નહિ થાય, ઘેરનો ગોધો આંખ નહિ ફોડે.

માકો—હાલ તો લઇ ચાલો, પછી અજમાવી જોઇશું.

[માકો ઇશારતથી સપલને પાછળ આવવા કહી સર્વે જાય છે. સપલ પોતાની મુરાદમાં ફાવતો જોઇ ખુશી થતો જાય છે.]

અંક ત્રીજો—પ્રવેશ બીજો.

વરંડા સાથનો બંગલો.

[વરંડાપર નેતરનુ કિમતી ફરનીચર, ફુલપાન કુંડા, બરણી, પિડસ્ટલ વગેરે ગોઠવેલું છે. પરીન કિમતી પોશાકમાં એમી અને ખુરશેદ સાથે બેઠી છે, ખુરશેદ ગાયછે.]

ગાયન

ખુરશેદ—સંસારમાં જે મોહીને પડવાનો, મન સુખી, હારેમન સુખીયા.
કોઇ મન દુઃખીયા છે, સંતોશી સુખિયા છે.
પલપલ દુઃખના, થલથલ રંજ રાએ, રંજ જાએ;
તનમન નિસદિન કોઇ સુખીયા.—સંસાર.
જુઠી જગત સારી, પામી અગત ભારી;
હર દિલના, મોહ બાનમાં કયદ થયો કર જોડી.--સંસાર.

[એમી તારિફ કરે છે, પરીન ચૂપ છે.]

ખુરશેદ—પરીન. આજે તું મ્હને વચન આપ, કે મહારાં લગનમાં તું જરૂર આવશે.

પરીન—બેહેન, ત્હમે જાણોછ તો ખરાં, કે બેહેસ્તીના બનાવ પછી બહાર આવવા જવાનું મેં માંડી વાળયુંછ.

ખુરશેદ—તે ગમે તે હોય, પણ મહારાં લગનમાં કોઇબી સુરતે ત્હને આવવુંજ પડશે.

એમી—(શકથી) પરીન, ગુસ્સો ના કરતી, અપમાન ના સમઝતી. હું એમ પુછું કે તારી હાલતમાં હાવો એકાએક ફેરફાર શી સુરતે થયો?

પરીન—હું તેનો ભેદ પોતેજ જાણુતી નથી. બજો સમ સોગન ખાઇને કેહેછ કે, તેનાં કોઇ સગાંનો તેને વારસો મળયોછ અને તેનું કોઇ ન હોવાથી તે મહને હાવાં સુખ ચેનમાં રાખેછ.

પરીન—કેમ એમી? કંઈ વિચારમાં પડયાંછ? ત્હમને શું શક છે? કોણપર શક છે?

એમી—બ્હેન, મહને શક છે, પણ શકપરથી ખાતરી કેમ થાય? કોઇની ખાતરી કેમ કરી શકાય? મહને ભય છે કે રખે તું ભોળી કોઇના ભમાવાથી ભોગ થઇ પડે.

પરીન—એમી, ત્હમે મહારી હુરમત અને નિતીપર શક લાવી મહને ઇનસલ્ટ કરોછ. ત્હમારા દિલનો શક મહને ખુલ્લી રીતે જણાવો, તો મેહેરબાની. ત્હમારા વ્હેમ ભર્યાં તાણાથી હું ઘણી દુઃખી થઇછ, મહને ઘણો કરોધ આવેછ.૦

ખુરશેદ—ખુદા, કોઇ કુંવારીને ધણી આપે તે ભલો આપજે, નહિ તે સદાની કુંવારી રાખજે.

એમી—પરીન, તું મહારા માટે મનમાં કંઇ બુરો વિચાર ના લાવતી. મહારી વાત પરથી, મહારા શકપરથી ત્હારૂં દિલ દુખાયુંછ તેથી હું ઘણી દિલગીર છું.

પરીન—બેહેન, મહારા મનમાં ત્હારે માટે કંઇ નથી.

ખુરશેદ—(પરીનને) બેહેન હવે હમે જઇએછ. ગમે તો તું પણ સાથે આવ. બે ઘડી બાહાર ફરીને દિલની આગ બુજાવ.

એમી—હા, ચાલ બેહેન.

[પરીન, એમી તથા ખુરશેદ જાય છે. બીજી તરફથી બાનુ જીનરીક્ષામાં બેસી કમપાઉન્ડમાં આવે છે. બજો સ્લેટ કોથળો લઇ પાછળથી દોડતો આવી બાઝટ ઉપર બેસી જાયછે. બાનું જીનરીક્ષામાંથી ઉતરે છે ને બજાબા પાસે આવે છે, બજો મજાખમાં ધમકાવે છે.]

બજો—કાહારની રીખ્ખામાં બેહીને મઝા કરે ને મને બુઢાને દોડાવી દોડાવી દોદરો બનાવે? (ગાલપર બે આંગલી મારે છે) હત લુચ્ચી!

બાનુ—મેં ત્હમુને સાથે સાથે કયારે દોડવા કહ્યું? ત્હમેબી મહારી સાથે કાંય નહિ બેઠા?

બજો—અરે મહારી મટુકલી! તું જયારે રાજ કરતી રાણીની પખે ગાડી ઘોડે બેહીને ફરવા જાએ તારે મને એવો તો હરખ ઉપજહે કે

તારો હિપાઇ હવાર થઇને હું ત્હારી હાથે દોડહ! (કીસ લઇ) મારી મા, તું તો રાજ કરતી રાંણી થશે, રાણી! [બન્ને એકમેકને ગલે લગાડે છે.] દીકરી, કંઇ મીઠા હલકથી મધુર ગાનુ ગા, મ્હને બહુ ગમે.

બાનુ—ત્હમને ગમેછ તો હું ગાઉંછ.

ગાયન.

આશા મ્હારી છે ખરી,
માન, માન, યજદાન તું ખરી—આશા.
દાદ મ્હારી લઈ દે યારી, હમપરનું દુઃખ દે ટાળી,
રંજ કાપી, ગંજ આપી, કર સુખી તું ઘર જરથી ભરી,
માગું હું કરગરી, માન, માન, યજદાન તું જરી.—આશા.

[ગાઇ રહેવા પછી બજો બાનૂને ગળે લગાડે છે, સપલ, જરીપુરાણાવાળાના વેશમાં આવી બન્નેને જોઇ સંતોષ પામે છે]

બજો—વાહ! મારા ગલગોટા વાહ! (સપલ નજદીક આવે છે, બજો હરખાય છે) તમે આયવા કે?

[બાનૂ સપલ પાસે દોડી જાય છે, સપલ કીસ લે છે.]

સપલ—મ્હારા ફરેશ્તા!

બાનુ—પેલી ગીની આપનાર ફરેશ્તા ત્હમેજ કેની?

સપલ—મ્હારાં કલેજાં, હુંજ તે.

બાનુ—ત્યારે મ્હારી મમાને કાંય નથી મલતા? ત્હમે મ્હને મળોછ, ને મ્હારી મમાને જોઇ ચાલી કાંય જાવોછ?

બજો—બાનૂમા, એ વણુતો જેમ ખદાયજી ફરમાવે તેમ ચાલનારા ફરેહતા છે. આપણાથી કાંઇ પુછાય કેહવાય નહિ જો મા.

બાનુ—હવે હું મમાને બધી વાત કેહવસ ત્હમે બજાબા સાથે વાત કરોછ, મળોછ ને મ્હારી મમાને કાંય નથી મળતા, ને વાત કરતા?

સપલ—મ્હારી મટુકલી, ત્હારી મમાને હું હવે જલદી મળીશ, વાત કરીશ (બજાને અલગ) બજા મ્હને ઘણી અગતની વાત કરવીછ.

બાનુ—ત્હમે બજાબાને હરસે શું કેહવોછ?

સપલ—દીકરી ત્હારા સારાંને માટે કહુંછ.

[સપલ બાજુપર જઇ, બજાને કાગજો આપે છે, બાનૂ ફરે છે, અને પરીનને આવતી જોઇ પુકારે છે.]

બાનુ—લેવો, મમા આવેછ. (સપલ ઘભરાયછ) હું તેવણને લાવી ત્હમુને ઓળખાઉંછ. [બાનૂ પરીન પાસે દોડી જાય છે. સપલ બજાની આડમાં છુપાય છે.]

સપલ—(બજાને અલગ) અરરરર ! બાનૂ મ્હને ખુલ્લો પાડી બાજી ઉંધી વાળશે. બજન મ્હને નાહાસવા દે, પણ સોલિસીટર મેહેરવાનજીને આ કાગજો જરૂર આપી તેમને મ્હોડે મોહડું કેહેજો કે આ કાગજો વાંચી પોલીસ કમીશનરને મળી બધો બંદોબસ્ત કરે.

[સપલ ઝડપમાં જાયછે, બાનૂ પરીન સાથે હરખાતી દોડી આવે છે, બજો અજાણો થઇ તપકીર સુંઘતો નજદીક આવે છે.]

બાનુ—મમા, પેલા ફરેસ્તા અહીં આયાછ. (આસપાસ જોઇ બજાને) હવડાં હતાંની ?

પરીન—દીકરી, અંહી તો કોઈ નથી (પરીનને એમીની વાત ઉપરથી વેહેમ જાયછ) બજાબા, ખરૂં બોલો, હમણાં અંહી કોણ આયું તું ?

બજો—(બાનુને) બાનૂમા, એ હું બકે ? બાઇ હું હમણાંજ બાનૂને ઇહકોલમાંથી ફરવા લઇ જઇ લાવેલો, ને જરા દમ ખાઉં તેટલાં તમે આયવાં. આવે કોણ ને જાય કોણ ?

બાનુ—મમા, એવણ જુઠું બોલેછ. તેવણ સાથે બજાબાએ વાત કીધી.

[પરીન વધુ વેહમાયછે, બજાપર શક લાવે છે.]

પરીન—બજાબા, એ શું ભેદ છે, મહને જણાવો ? ખુદા ખાતર ના સતાવો. હવે હું વધુ વખત આ ત્હમારી ચુપકીદીનો સંતાપ તામોશ નહિ કરશ, મહને સપલના કસમ છે કે જહાં સુધી ત્હમે ખરો ખુલાસો નહિ કરશો, તહાં સુધી હું આ ઘરની સીડીપર પગ મુકવાની નથી, કે મોહડામાં અન્ન પાણી લેવાની નથી.

બજો—બાઇ એમ હું કરો ? કંઇ ઘેલાં તો નહીં થએલાં ? તમે ભેદ પુછો પણ મેં હજાર વખત કીધેલું, કે મારી માહાના કાકાના હહરાનો વારહો મને મળેલો, બીજું હું કહું ?

પરીન—બજાબા, જેમ એક ન્હાના બચ્ચાંને કોઇ સમઝાવે તેમ ત્હમે મહને હર વખતે હેરફેર બોલી સમઝાવોછ, પણ હવે ખરૂં બોલો, ત્હમે કોઇ મુજીનું હથિયાર તો નથી થયાં! કોઇનાં પેચમાં તો નથી પડયા? કોઈની લાલચ ફરેબમાં તો નથી ફસ્યા?

બજો—(સ્વગત) અરરરર! એ બન્નેને હવે કેમ હમજાઉં? બાનૂમાએ તો કચુંબર કરી લાખેલી (પરીન તથા બાનુને) મારા ફરેસ્તાઓ, મારી પર વિહવાહ રાખો, વેહેમ ના લાવો હું વિહવાહ ઘાત કરૂં તેવું મણીખ નથી. (સ્વગત) હપલહાનું હું ભલું થહે? ગાબડાં થિંગડાં મારવા મ્હને રાખી ગીએલા, પણ કેમ ગાબડાં મારૂં તે મને તો આવડતું એ નથી, ખરી વાત કેમ જણાઉં? ને જણાઉંછ તો હેઠનો બધો ઘાન બગડેછ. નહિ? જે થાય તે ખરૂં, થોડા વખતનો હંતાપ, ને હદાનું હુખ. [બજાને ચુપ જોઇ પરીન સવાલ કરે છે.]

પરીન—બજાબા નહિજ બોલશો? જો જો! હું ઘરમાં પગ નહિ મુકસ! ભૂખી મરસ, પણ કસમ પાળસ. આ ઘરને મ્હારે હાથે આગ લગાડીશ ને હું બી બળી મરશ.

બજો—(જુડી ધાંધલ મચાવી) તારે તો પેહલાં હું કુવો પુરૂં, પછી તમારે ગમે તેમ કરજો.

[તુરત ફીરોજ આવે છે, માકો આવી ઝાડને ઓથે છુપાય છે, પરીન ફીરોજને જોઇ ભવાં ચઢાવી ગુસ્સા ને ઠસ્સામાં ઉભી રહે છે, ફીરોજ સલામ કરે છે.)

ફીરોજ—સાહેબજી. [પરીન ઠસ્સામાં બેસી "નોકોઠાં" કરેછ, ફીરોજ ફજેત પડેછ.]

બજો—(સ્વગત) વળી આ બંબગોળો કાંહથી આયવો? (ફીરોજને) શેઠ તમે એકલાજ આયવા કે કંઇ દારૂખાનું બી હાથે લાયવા છ?

ફીરોજ—(ચીરડાઇને સ્વગત) કેમ ડઠ! (પરીનને) બાઇ સાહેબ કંઈ ગુસ્સામાંજ છેવ? સાહેબજીનો બી જવાબ નહિ!

પરીન—ત્હારૂં હયાં શું કામ છે? મેં તને કહ્યું હતું, કે મ્હારા દરવાજા-પર આવસે તો પેહલાં ત્હારો જાન લેઇ પછી હું મ્હારો જાન ત્યાગ કરીશ, તે વચનો યાદ છે કે?

ફીરોજ—હા છે, પણ ઘણું નાજુક કામ પડવાથી ત્હમુને બે પળની તકલીફ આપવા માટે માફી ચાહુંછે.

બજો—(સ્વગત) બંબગોળો તો ઠંડોગાર થયલો દેખાય. હવ જોઇએ, બચ્ચા, તું ઉડેછ કે હમે ઉડીયેછ.

[બજો ખંખાર મારી ફીરોજને બનાવે છે.]

ફીરોજ—આ ત્હમારૂં માણુસ ઘણું બેઅદબ ને ગમાર છે.

બજો– વાજબી બોયલા, તમારા જેવાજ તમારા દીકરા.

પરીન—બોલો, ત્હમે શું કેહવા માગોછ?

ફીરોજ—બજા અને બુચીને જરા દુર થવા કેહશો?

બજો—(સ્વગત) હેં? જાણે એના બાપનું ઘર! (ફીરોજને) હેઠ તમે વાત કરો, હું બે મિનિટ બેહરો થવહ. (બને કાન ઢાંકે છે.)

પરીન—જેબી કંઇ કેહવું હોય તે બધાંની સામે કહો, હું તમારા જેવા સાથે ખાનગી વાત કરવા રાજી નથી.

ફીરોજ—(ચેષ્ટા કરીને) હાં; કેમ રાજી થાવ? આજ કાલ તો ખુબ છકકાં પડેછ, ત્યારે હમારા જેવાનો ભાવ કોણ પુછે?

પરીન—ફીરોજ, તું ત્હારા પલીદ ખીયાલોના વમળમાં ગોતું ખાયછ, એકાદ ચીજ બજારમાંથી ખરીદ કરવી જેટલી સેહેલ છે, તેટલોજ ઓરતોની ખુબસુરતીનો લાભ લેવો સહેલ છે– પણ સાફ દિલ અને પાક દામાન ઓરત ભાયગેજ મળી શકેછ.તેનો લાભ એકજ પુરૂશના નસીબમાં હોયછ.

બજો—વાજબી બોલી મારીમાં. જા, એ નખોદ ગીએલા, હીધો પાધરો પાછો ઘેર ફર, ન્હીતો ઘેરમાં હંધા વાટ જોતા બેહી રહે,

પરીન—બજાબા, ત્હમારી વાત કંઇ સમઝ પડતી નથી. પારકો ધણી ઘરમાં આવી તાન કરે ને ત્હમે પાણીનાં થંડા માટલાંની ફની તમાશો જુવો એમાં કંઇબી ભેદ છે. બસ ત્હમે બન્ને જણાની કંઇ મસલત છે

[પરીનને વેહેમાયલી જોઇ, ફીરાજ તેણીને વધારે વેહેમમા નાખવાની કોશેશ કરેછે.]

ફીરોજ—(સ્વગત) લાગ ઠીક છે, આગમાં તેલ નામી ભડકાવવાનો મોકો છે. (પરીનને) પરીન, હવે તું સમજી જા, અમથી ના મચકા, બજો અને હું બન્ને એકજ છૈયે, જુદા થૈને કયાં જૈયે?

બજો—(ભડકીને) હું બોયલો? તું મહને હું હમજેલો! જા, જા, બાઇની હરમ કરતો છું ન્હીતો ખાહડાં મારી બાહાર કાહાડતે.

[ફીરોજ વધુ ફરેબ કરેછે.]

ફીરોજ—બજા, હવે નાટક ઓછો કર. ભોપાળું ફુટવા પછી ધાંધલ ધરપચ શું કામની? પરીન તો સંધી વાત પામી ગયેલી જણાયછ, હવે આપણે સાથે મળી બધા ખલાસો કરીએ, કે પરીનની ખાતરી થાય (પરીનને) પરીન, તું અંહી જે અયશ આરામમાં રહેછ, તે-છે--તે [પરીન ફીરોજને અચકાતો જોઇ વધુ વેહમાઇ છેડાઇ પડેછ.]

પરીન—બજા, આખર તું દગલબાજ નીવડયો? અરે! તને મેં મહારા બાપના તોલનો ગણી, મહારી હુરમત ત્હારી નીઘેબાનીમાં સપુરદ કીધી, તેનો આ નતીજો? (ચીરડાઇને) હવે આ મકાન બળીને ખાખ થજો, આ સુંદર પોશાક જહનમનમાં જજો, હવે તમામ દુનિયાં મહને અકારી લાગેછ, મહારી જીંદગી મહને ભારી લાગેછ.

બજો—(ગુસ્સાથી) બાઇ તમે જુઠાં નાં અકલાવો, આ હેતાનનાં ફરેબમાં ના આવો (ચીરડાઇને આંગપર ધસેછ, ફીરોજ બચાવ કરેછ) હેતાનના જન્યા, તું મહારા દુખિયારાં ઘરમાં રોખણું જગાડવા માંગે, તો આવ આજે હું તારો જીવ લેઉં કે મારો જીવ આપું.

[બજો ગજવાંમાંથી છરી કાહાડી મારવા ધસે છે, ફીરોજ ઘભરાઇને નાહાસવા ચાહે છે.]

ફીરોજ—બચ્ચા નાહાસ! [ફીરોજ નહાસી જાય છે, પાછળ બજો દોડે છે, પરીન આ બનાવને બનાવટ સમજી વમાસન કરેછે.]

પરીન—આ દગાબાજીની કંઇ સમઝ પડતી નથી. બેટા, તું આયા સાથે રમ, હું હવડાં આઉંછ (સ્વગત) મહને હવે મરદની હિમતથી કામ લેવું પડશે, બન્ને બાજી ખેલી નાહાસી ગયાછ. પણ જોઉં કે કાંહાં ભરાઇને મસલહત કરેછ.

[બાનૂને પસવારી, શાલ ઓઢી પરીન જાયછે, બાનુ ગુઠણુપર પડી બંદગી કરે છે.]

ગાયન.

બાનુ—લઇ નામ ખુદા નામ સઉ ઠામ
છે ખરો જે યાવર યાર તેને નમીએ—લઇ નામ
તે વન માયા લાગે અકારી, તે વન સઉ નાકામ,
જગ માયામાં વસ જો થયો તો, તે છે સંકટ ધામ;
રામ નામ લે હર ધામ—
છે ખરો જે યાવર, તેને નમીએ.—લઈ નામ.

[બાનુંને એકલી જોઇ ઝાડ પાછળ છુપાયલો માકો બાહાર નિકળી આવી, બાનૂને લલચાવી ઉઠાવી લઇ જવાની પેરવી રચે છે.]

માકો—દીકરી બાનૂ, (ગજવાંમાંથી ડૉલી કહાડી બતાવેછ.) આ ડોલ તને ગમે છે?

બાનૂ—ત્હમુને હું ઓળખુંછ ત્હમે મ્હારી મમાને ગમતા નથી. ત્હમેજ અમુને રડાવ્યાંતા, ત્હમારી ડૉલી નથી ગમતી, હું ત્હમારી સાથે નથી બોલતી.

[બાનૂ રૂસાઇને ઉભી રહેછ માકો પતાવેછ.]

માકો—દીકરી, મમા ત્યાં ઝાડ તળે બાઝટપર બેસી બજા સાથે વાત કરેછ મમાએ તને તેડી લાવવા મ્હને મોકળયોછ, ચાલ મ્હારી સાથે આવ. [બાનૂ પેચમાં આવે છે.]

બાનૂ—મમા તેડેછ? ત્યારે તો હું આઉંછ.

[માકો ડૉલ આપેછ તે બાનૂ લે છે.]

માકો—ડાહી ડીકરી—(કોટી કરવાને બહાને ઉઠાવી જતાં જતાં-સ્વગત) આખરે લાંબા વખતની માંડેલી બાજીનો દાવ આજે પુરો થશે.

[એક તરફથી માકો બાનૂને ઉઠાવી જાય છે, બીજી તરફથી બજો દોડતો પાછો આવે છે.]

બજો—નાપાક હિચકારો બિલાડાની કાની ન્હાઠો (બાનૂને ન જોઇને) બાનૂ માં, કાંહ છે? (તપાસ કરી) ઘરમાં કોઇ નહિ મળે (પુકારેછ)

આયા? દોલા? બધાં કહાં ગીએલાં? (આયા દોડતી આવે છે) બાઇ ને બાનૂ કહાં ગીએલાં?

આયા—અમે બધા રાન્નીમાં છે. બાઇ અંહીજ ઉતાંની? કાં ગીઆ?

[બજો કોઇ આફતની આગાહીથી ફાર ખાઇ, છાતીપર હાથ મુકી દિલના ધપકારા દાબે છે.]

બજો—ઓ ખુદા? દુઃખની ખાઈમાંથી હુખના પહાડપર ચહડાવી, ફરી ઉંડી ખીણુમાં નાખે કે-કે-હું?

આયા—પણ થયું સુ? તે તો બોલો?

બજો—બધી મેહેનત ધૂળમાં મળી? મારીપર નાહક ગુહહો કરી બાઇ ને બાનૂ કેથે જતાં રયાં, દોડો કેથે હોધો; હું તો જીવતાં જીવત મરી ગેયલો રે મારા બાપ.

[બજો હેબતીને છાતી કુટેછ, આયા ધભરાય છે.]

અંક ત્રીજો—પ્રવેશ ત્રીજો.

મેરવાનજીનું મકાન.

નાજાં—ભઇ ફરામ હવડાંતો તું નાહાસવાનું માંડીવાળ, મામા તો ચાલમાં બારણું ઘેરીને બેઠાછ. તેઓ સુઇ જાય ત્યાં સુધી તો તું સંતાઈ રહે, પછી જે જોઇએ તે કરજે. (સામેથી ગુસ્તાદ આવતો જણાય છે.)

ફરામ—પેલો ગુસ્તાદ આવેચ જોઇએ, તે ચકરમ કંઇ નહસાડવાની યુકિત બતાવેછ?

નાજાં—એક તો તે અકક્લનો દુશમન, ને તેની અકકલે ચાલી ઉલટો ફસી જશે, મ્હારૂં માને તો હાલ આ ઓરડીમાંજ ભરાઈ બેસ.

[ગુસ્તાદ દાખલ થાય છે.]

ગુશતાદ—તેમ દોસ્ત? હધી તારી મતલબ પુરી નતી થઇ તે? બત્તાજી, તેં મામાનો બેન થીત લીધાત હં? પન જોધે તોઇને ફતાવતાં તું ફત્તો ના, ને ફતીને ફેત્તો ના તરતો.

ફરામ—બચ્ચાજી, જો તું કંઇ ધામટ કરીને ફસાવસસે તો હાડકાજ દોદરા કરીશ.

ગુસ્તાદ—તું? તું મારતે? હારતાં દોહરાં તરતે? વારૂ ધોઇ લેવત, [ગુસ્તાદ મુંછ મરડેછ, નાજાં મેરવાનજીને આવતાં જોઇ ફરામને અલગ લઇ જઇ બાજુની ઓરડીમાં છુપાવેછ.]

નાજાં—ભઇ હોશિયાર થા, મામાજી આવેછ. (નાજાં ગુસ્તાદને વાતમાં રોકેછ, ફરાંમ ઓરડીમાં છુપાય છે) ગુસ્તાદ કંઇ ઘોંટાળો ના કરતો હં! ફરામ તો ત્હારી સાથે મસ્કેરીમાં બોલ્યો હતો. [મેરવાનજી આવે છે, ગુસ્તાદ બે ખબર છે. નાજાં બનાવવા નીકસે છે.]

મેરવાનજી—(સ્વગત) હજી ધુસ ધુસ ચાલુ છે. એઓની મસલત પુરી નથી થઈ, અંહી કંઈ બાજી રમાયછ ખરી.

ગુસ્તાદ—નાધાં, તું મને ધમે તે તમધાવ, પન હું તમધવાનો નથી. મારાં હાડતાં દોદરાં તરતે નહિ? વારૂં ધોઇ લેવત.

મેરવાનજી—(ગરદનમાંથી પકડી) ત્હારાં હાડકાં કોણ દોદરાં કરેછ?

ગુસ્તાદ—(ફરામ સમઝીને) તું, તું વરી બીધું તોન ?

મેરવાનજી—હા હુંજ, ત્યારે હાડકાં દોદરાં કરૂં કે ?

ગુસ્તાદ—હવે એ ઢોંગ તોરી દે, તું ધમે તેવો તોંગ કરી ઘુવડ, ઘધેડા ધેત્રો મામો થને તેથી હું તું થેતરાવત તે ?

મેરવાનજી—હું ઘુવડ અને ઘધેડો હું ?

ગુસ્તાદ—બાપના તમ, હવે આબાદ નતલ કીધી, બત્તાજી, વેત તોડી દે.

મેરવાનજી—ગુસ્તાદ, ત્હારી સુધ ઠેકાણે છે કે નથી ? હવડાં તું મુગો મુગો તાહારે ઘરે જા, દારૂ ઉતરે ને સહવારે આવજે, નહિ તો સગાઇ ને ભાઇબંધી બધું ભુલી જશે.

ગુસ્તાદ—બાપના તમ, દમ તરેછ તે આબાદ તારા અધરઘચ્યા મામાના ધેવોત દેતાયછ હું ! (મોઢું બનાવી બતાવે છે) નતરૂં જાને થવારીનું થચ્ચર !

મેરવાનજી—હું ખચ્ચર ?

નાજાં—મામાજી, ત્હમેં એ છોકટાના બોલવાપર ધ્યાન ના આપો.

ગુસ્તાદ—નાધાં, હવે તમે એ નાદાનની તુધે ના તાશે, નહિ તે લેનાના દેવા થઇ પરતે. (મેરવાનજીને) બત્તાધી તારા મામાને આવવા દે, પતી તારી વાત !

[ગુસ્તાદ ગુસ્સામાં જાયછ, નાજાં વાત ઉડાવેછ.]

નાજાં—બલા જાનેરે આખ્ખા દાહાડાના ભુખા હશો, આવો, હું જમવાની તૈયારી કરૂં.

મેરવાનજી—મહને ખાવાપીવાનું કંઈ જોઇતું નથી. (કાવલાને છાકટ હાલતમાં આવતાં જોઇ નાજાં ને) પેલો કાવલો અંહી કેમ આવ્યોછ ?

[નાજાં, કાવલાને જોઈ મામાને ઉડાવેછ.]

નાજાં—(સ્વગત) મરેરે ! છબરડામાં છબરડો વધતોજ જાયછ. હવે તો છટકી જવામાંજ શોભા છે. [નાજાં નજર ચોરાવી સટી જાયછ, કાવલો છાકટ હાલતમાં ગાતો આવે છે, મેરવાનજીને ફરામ સમઝે છે.]

કાવલો—કેમ છો હેઠ! લાવો તાલી આપો.

[હાથ ખેંચીને તાલી માંગેછ, મેરવાનજી હાથને બચાવેછ, કાવલો જીધથી તાલી માંગેછ.]

મેરવાનજી—દૂર ઉભો રેહ. ત્હારૂં અંહી શું કામ છે?

કાવલો—મ્હારૂં કામ? એ હોહોહો! ઘણું મ્હોટું અને લાંબું લચ, તમે હંધુ ભુલી ગયલા કે? આપણી બાજી બાજી પાર ઉતરી કે?

મેરવાનજી—કેમ! સુધ ઠેકાણે નથી આવતી? આ ચાબકાથી મઝા કરાંઉ કે? સુધ ઠેકાણે લાઉં કે?

કાવલો—અરે વાહરે! તમારો દમ રાખો ખીહામાં, હું હું બચ્ચું છેઉં કે તમારા દમથી બીહ જવહ? તમે ગમે એવો વેહ લેવો, ગમે એવા ચાળા કરો, પણ બંદો તમુને અંધારામાંબી ઓળખી કાહડે. (મેરવાનજી ચીરડાઈને ભવાં ચઢાવેછ.) અરે વાહ! ગુહહાથી ભવાં કેવાં ચહડાયવાંછ? જાણે રામની કમાનને રૂહતમનું બાન. (ધ્યાનથી જોતાં ઓળખીને ચોંકે છે) હે અરે? તમે તો ખરેખરા મામા? મેરવાનજી હેઠ, માપ કરજો. (સ્વગત) અરરર કાવલા કાચ્ચું કાયપું. (સ્વગત) હાયરે મારા બાપ! કાવલા, આ શું ઘાણ બગાયડો? દારૂ પીને ફરામજી હેઠની બાજી ઉંધી મારી! હવે તો હંધી વાત કબુલ કરવી પડહે. (વમાસન કરે છે; ફરામ મેરવાનજીના વેશમાં ઓરડામાંથી બહાર નિકળે છે.)

ફરામ—અરે વાહરે નમકહલાલ! સંધુ ભોપાળું જાહેર કરશે? તું તો મ્હારૂં સારૂં અચાર કરતે.

[કાવલો ધ્યાનથી મોઢું જોઇ ફલી તરીકે ઓળખે છે.]

કાવલો—(અજાયબીથી) અરે! તમે તો, ફલી હેઠ! ત્યારે હમણાં અહીં બીજું કોણ હતું?

ફરામ—મામા, પણ હવડાં તુ મ્હને મામા સમજ્યોતો કે?

કાવલો—ને તેથીજ બીહીને હંધું ભોપાળું ફોડવાનો ઘોંટાળો કરતો હતો ખુદાએ ખેર કીધી કે તમે બચ્ચવા પાયમા. તમારા મામ। કાહારના ઘેરમાં આવેલા તે તમે જાયણું ખરૂં?

ફરામ—કાવલા તુંબી અંદર આવ. છુપાઇને તમાશો જોવા આપણને અ ઓરડી ઠીક મળીછ. હવે નવલ મામા સાથે કેમ વેંહેંચી લેછ. તે તમાશો જોઈએ.

[બન્ને ઓરડીમાં છુપાયછે, નવલ પોતાના બે નોકરો અને ટાંગાવાલા સાથે મસલત કરતો આવે છે.]

નવલ—ખબરદાર રેહેજો! બરાબર ચોકસાઇથી કામ કરજો. એ વેશ ધારીને મજબુત પકડજો, છોડતા ના. જેમ બને તેમ સમઝાવી, પટાવીને, નહિ તો પછી ઉઠાવીને ટાંગામાં બેસાડી, આપણા ઉતારાપર લઇ જજો, પછી હું છું ને એ છે; હીસાબ કરી લેશું.

ગાડીબાન—શેઠ, પોરીયાએ મેહેરવાનજી સોલાસીટરનો આબેહુબ સોંગ લીધો હતો, તે મેં ગાડી હાંકતાં ધ્યાનથી જોયું હતું.

નવલ—સોંગ લેવા દેવો, જોઇએ હવે શું થાયછે.

ગાડીબાન—(સામેથી મેરવાનજીને આવતાં જોઇ) જુઓ શેઠ, તેજ આવેછે, જોયું કે? (નવલ સામે જોયછે) મામાની આબાદ નકલ કીધીછે.

નવલ—હું જાણે હજી પચગની હોઉં તેમ તમે જણાવજો, (ફ્રામ ને કાવલો બારણામાંથી ડોકાં કાઢી હસે છે) હું એની નજરે પડવા ચાહતો નથી, તમને કહ્યુંછે તેમ કંઇબી કરીને આજની રાત તેને પકડીને પરહેજ રાખો, હું અહીં કેથે છુપાઉછે. (નવલ ઓરડીમાં છુપાવા જાયછે, ફ્રામ બારણું બંધ કરેછે) અરરર! બારણું તો બંધ છે. (આસપાસ જોઇ) હું જઇ બાગમાં સંતાઉછે તે તમુને ડરાવે તો ડરતા ના. હું જાઉંછે.

[નવલ બારીએથીં બગીચામાં કુદી પડે છે. મેરવાનજી ચાબકો લઇને આવે છે, ફ્રામ ને કાવલો બારણામાંથી જોઇને ખુશ થાયછે, મેરવાનજી વળી આ નવાં માણસોને જોઇ અજબ થાયછે.]

મેરવાનજી—કેમ, કોણુને પુછોછ?

નોકર—શેઠ, હવે સીધા પાધારા હમારી સાથે આવશો તો ઠીક.

મેરવાનજી—(સ્વગત) હેં? (જાહેર) નહિ તો શું કરશો?

ગાડીબાન—(મારવાના ચાળા કરીને) તે હવે હમે બતલાવશું?

૨) નોકર—નવલશાને મારીને નહાસી જનાર બદમાશ તમે કે?

૧) નોકર—ને શેઠની બૈરીને નહસાડી જનાર ચોર કોણુ? હમે કે કોઇ બીજો!

ગાડીબાન—વેશ બદલી વાંદરા જેવો ચેહરો કરનાર કોણ? ત્હમે કે ત્હમારો કાકો?

મેરવાનજી—(અજબ થઇ સ્વગત) એ વળી આય કોણ મુવોછ? (બન્નેને) ઓળખોછ કે? ત્હમે કોણુને કહોછ?

૧) **નોકર**—ઓળખ્યા, વેશધારી ઉઠાઉગીર [કાવલો બાહાર આવી બધાંને બેહકાવે છે.]

કાવલો—(સ્વગત) હવે મામાનો આટો પીહાઉં. (મેહેરવાનજીને ફસાવવા માટે) હો હો હો! તમે આખરે ફસ્યા ખરા?

મેરવાનજી—(સ્વગત) આ શું ધ્રોંટાળો? કંઇ સમઝ પડતી નથી.

[મેરવાનજી ફલીને પોતાના વેશમાં જોઇ ઓળખી અજબ થાય છે.] અરે એજ તે ચોર છે, એને પકડો. ખરો ચોર તો મ્હારી સામે મ્હારા વેશમાં ઉભોછ. તે ચંડાળને છોડી મ્હને શાના પકડોછ?

ફરામ—(નોકરોને) બાપુ, મેં તો હેની નાદાની માફ કીધીછ. હવે ત્હમે જેમ જોઇએ તેમ કરજો, ને જરા નરમીથી કામ લેજો (મેરવાનજીને) બચું નાદાન છે, ભુલમાં મ્હારી નકલ કીધીછ!

[નોકરો ચાલવા માંડેછ, મેરવાનજી ધભરાયછ સંધા જાય છે, ફરામ ચાબકો ઉઠાવી ખુશ થાય છે.]

ફરામ—હવડાં સુધી તો કામ ઠીક પાર પડયુંછ. હવે નવલ ને હું છું. મામાજી તો ખુલાસો કરી હવડાં પાછા આવશે, તેટલાં આ પોરીયાને બે હાથ બતાવી મ્હારૂં વેર લઉં (નવલ સામેથી આવેછ, ફરામ તેને અજાણો થઇ ચાબકે ચાબકે ફટકાવે છે) ચંડાલ! ચોર! બદમાશ! [નવલ મામા સમજીને ધભરાયછ.]

નવલ—સાહેબ, જરા મ્હારી વાત તો સાંભલો.

[ફરામ ઓળખીને અજાણો થાયછ.]

ફરામ—કોણ! નવલ? માફ કરજે બા, મ્હારો વિચાર તને મારવાનો નહિ હતો. પેલા નાપાક ફરામે મ્હારૂં ભેજું ચેરવી નાખ્યુંછ, તેથી ભુલમાં ત્હારીપર, હાથ ઉંચકાયો.

નવલ—કંઇ ફીકર નહિ. ત્હમે શાંત થાવો મામાજી

ફ્રરામ—(ગુસ્સામાં) પણ તું અહીં મોડી રાતે કયાંથી આવ્યો? શું કેહવુંછ તે કહીને રવાના થા, મ્હારૂં માથું ના ખા.

નવલ- (તાજુબ થઇ) મ્હારી ઉપર ખફા થવાનું કાંઇ કારણ? ત્હમે એક વખતે નહિ પણ અનેક વખતે મ્હને પીરોજાનો હાથ લગનના પેવંદથી જોડી આપવાની આશા આપી હતી, પણ તેટલાંમાં નહિ ધારેલી ફ્રરામ સાથે મ્હને મારામારી થવાથી તે વાત એમની એમ રહી ગઇ હતી, આજે મ્હને પક્કી ખબર મળીછ, કે, પીરોજા સાથે કંઇ ફ્રરામના લગનની ગોઠવણુ થાય છે, તેથી અરધી રાતે આવવાની મ્હને નાચારી ભરી ફરજ પડી છે.

ફ્રરામ—તે ખરી વાત, પણ મે તે વિચાર ફેરવ્યોછ. પીરોજા તો ફ્રરામ સાથેજ પણુશે, હવડાં તે ઘણો સુધરી ગયોછ, એવી મ્હારી ખાતરી થઇછ.

નવલ—સાહેબ તમારી ધારણામાં ત્હમે ગફ્લતી કીધીછ.

ફ્રરામ—બાપુ, જે છે તે એ. આ મ્હારૂં છેલ્લું જડજમેંટ છે.

નવલ—જો ત્હમારી મરજી એવી છે તો હું નાચાર છું ત્હમે જાણોછ કે, પીરોજા મ્હને ચાહતી હતી, તેને ફ્રરામ પણ ચાહતો હતો. આ કારણથી ફ્રરામે મ્હારીપર વેર રાખી, છેડતી શોધી; મ્હને માર માર્યો છે, ને હું હારપીટલમાં ગયો તે તક લઇને અંહી નહાસી આવ્યોછ; હું હુશિયાર થવા બાદ મ્હને ફ્રરામની હિલચાલની ખબર મળી, જેથી અહીં આવી તેને પકડી પાડયો અને મ્હારા ઉતારા પર મોકલી કેદ કરાવ્યોછ.

ફ્રરામ—(અજબ થઇ) શું? તેં છોકરાને કેદ કિધોછ?

નવલ—હા—હું ધારૂંછ કે મ્હારી એ ગોઠવણ ત્હમને પસંદ પડી હશે.

ફ્રરામ—નહિ, બિલકુલ નહિ.

નવલ—શું કહું મેરવાનજી શેઠ; એ ત્હમારા ફ્લીએ તદબીર તો ઘણી સરસ રચી હતી, પણ તકદીરથી હું બચ્યોછ. તે પીરોજાને નહસાડી લઈ જવા ચાહતો હતો, પણ જે માણસ બીજા માટે ખાડો ખોદેછ તેમાં તેજ પડે છે; તેમ થયુંછ.

ફ્રરામ—મ્હને શક છે, તે કોઇને ખાડામાં નાખે તેમ છે, પણ પડે તેવો નથી.

નવલ—નથી શું? પડી ચુકોછ.

ફ્રરામ—ખાતરી કરો કે પડયોછ કે સલામત છે ?

[દહાડી થેબીયા કહાડી નાખી પોતાને ઓળખાવેછ, નવલ ચોંકેછ] હવે બેવકુફ કોણ ?

નવલ—(અજાયબીથી) કોણ ! ફ્રરામ ? અરરર ! ત્યારે મેં શું મેરવાનજી સોલીસીટરને પકડાવી મોકલ્યા કે ?

ફ્રરામ—(ધુમ હસીને) તેમાં શું શક ? નવલ મ્હને હસવું આવે તેમાં કંઇ શક છે ? (હસે છે) જે ધણી બીજા માટે ખાડો ખોદેછ, તેમાં તે પોતેજ પડેછ નહિ ? (હસે છે)

નવલ—(ચિરડાઇને) ઠીક છે, મેરવાનજી સાથે જે મેં બેઅદબી કીધીછ તે માટે પગે પડીશ, માફી મેળવીશ પણ આ શરમિન્દગીનું વેર હું ત્હારીપર જરૂર લઇશ.

[નવલ ચિરડાઇને ફ્રરામને મારવા ધસે છે, ફ્રરામ બચાવ કરવા સામો થાય છે, પીછ પાછળથી આવી પીરોજા ફ્રરામને અને નાજાં નવલને અટકાવે છે.]

પીરોજ—ફ્રલી તને મ્હારા સમ છે.

નાજાં—નવલ (શરમાઇને) ફ્રરામ તો મ્હારો મા જન્યો ભાઈ છે, તેની સાથે લડોછ ?

નવલ—નાજાંને પકડી અજબ થઇ) પીરોજા તું શું ખરૂં કહેછ ? ફ્રરામ ત્હારો ભાઇ થાય ?

ફ્રરામ—(પીરોજાને પાસમાં લઇ) વલી મ્હારી પીરોજનું નામ લીધું ? તેતો મારાં પાંસાંમાં છે.

નવલ—(નાજાંને બતલાવી) અરે મ્હારી પીરોજ તો મ્હારી બાજુમાં છે, તે તું શું જોતો નથી ?

[નવલ નાજાંને પીરોજા સમજી તકરાર કરે છે, તે પરથી ફ્રરામ સઘળી પંચાતનો સબબ સમઝી ખુલાસો પામી જાયછ.]

ફ્રરામ—અરરર ! હવે સમઝ પડી. હવે ખુલાસો થયો. ભલા માણસ લાંબો વખત થયો તેં મહારી બેહેન નાજાંને પીરોજા તરીકે ઓળખી, તેથી મતફેરનો આ સંધો ઘોટાળો થયોછ. ભઈ નવલ, તે ભુલને

આધારે હું ભમાયો, ભમાવાથી બન્ને ભૂલને પાત્ર થયા, હવે કહે તને મહારો બેહેન નાજાં જોઇએછ કે કોઇ બીજું ?

[અંદરથી મેરવાનજીનો અવાજ આવે છે, બધાં ઘભરાયેછ.]

મેરવાનજી—કહાં છે? એ બન્ને બદમ શો કહાં મુવાછ ?

નાજા—ઓ માયરે! હમે બન્ને અંહીથી નાહાસો.

ફ્રરામ—હવે મહને નાસોગોસો રમવો નથી. નવલ સાથનો મતફેર દૂર થયોછ, હવે મામાજીને સમઝાવવાનું કામ સેહેલ છે.

નવલ—કેમ સમઝાવશે !

ફરામ—આપણે બન્ને જુઠા મરાઇશુ, ગરમ થઇશું એટલે જરૂર તેવણુ વચ્ચે આવશે, આપણુને સમઝાવશે, અને આપણુને થડા પાડતાં પોતે પણુ બરફ જેવા થડા થશે. (સામે જોઇને) આવેછ હં શરૂ કરો. (નવલપર ધસે છે) નાપાક ચોર ત્હારૂ માથું ભાંજી નાખુંછ,

નવલ—(સામો થતો) ને હું બચ્ચા ત્શારૂં નાક ભાંજીને નકટો કરૂં, તોજ નવલ. [બન્ને મરાય છે, વળગે છે, નાજાં પીરોજા જુઠો ઘભરાટ મચાવે છે. મેરવાનજી આવી અજબ થઇ વચમાં પડતાં ઠોકાયછે]

મેરવાનજી—ઓ હેરેમનો ! મહારા ઘરમાં શું રમખાણુ ? [મેરવાનજી ફ્રરામને રોકે છે.]

ફ્રરામ—મામાજી તમે વચ્ચે ના આવો, તહમારા અપમાનનો બદલો આજે હું એની પાસેથી લઇશ તોજ જીવતો ઘર જઇશ.

મેરવાનજી—પણ થયું શું તે તો કહે ?

ફ્રરામ—આ તમારા માનીતા નવલે તમુને અપમાન કરાવી, કેદ કીધા, ને હવે કેહેછ કે હું પીરોજા સાથે નથી પણુવાનો, તેથી હું એની પાસે આબરૂનો જવાબ માંગુંછ, નહિ તો સવાદ ચખાડુંછ.

મેરવાનજી—અપમાનનો ને આબરૂનો જવાબ લેવાનું મારૂં કામ છે, પણુ મહારા જેવો પોશાક પેહેરીને સંધો ઘોટાળા કરવાનો શું સબબ ?

ફ્રરામ—મામાજી, સબબ એજ કે નવલે પીરોજાના હાથની જે માગણી કીધી હતી, તે ખરૂં જોતાં મહારી બેન નાજાના હાથ માટે હતી. એ નાજાંને આજ સુધી પીરોજાના નામથી ઓળખતો હતો,

અને તે ઉપરથીજ હમને મારામારી થઈ હતી; અને અત્રે તમારા પોશાકમાં હેની શોધમાં આવવાનું કારણ પણ તેજ છે, આજે હમો વચ્ચે તકરાર થતાં ખુલાસો થવાથી, સંધી સફાઇ થઇ છે, હવે તમે મુરબ્બી આ ભુલ યા બેઅદબી સમઝી હમુને માફ કરો—

નવલ—ને તહમારા ભલા આશીરવાદ દઇ પીરોજા સાથે ફ્રરામનાં, ને નાજાં સાથે સેવકનો હાથ જોડી આપી હમુને જન્મ સુધીનાં હેસાનથી નવાજો. દુઆ દેવો, કે હમે પરણીને સુખી થૈએ,

ફ્રરામ, પીરોજા, નવલ, નાજા (ગુઠણ પર પડીને) મુરબ્બી, સંધું દરગુજર કરીને હમને સુખી કરો.

મેરવાનજી—બોત તહારી! હવે આ ભુલચુક માટે હસું કે રડું? ખયર નાદાન છો બચ્ચાં છો, દરગુજર કરૂંછ; મહારૂં અપમાન હું ભુલી જાઉંછ, (નવલ ફ્રરામને) તહમો વચ્ચેનો મિનાકેસો ટળ્યો તેથી ખુશી થાઉંછ, ચંદ રોજમાં તહમારાં લગન પવિત્ર ગાંઠથી બાંધી આપીશ, સુખી રહેજો.

[બધાં ઉઠી ઉભાં થાય છે, ને જતાં આમીન પુકારે છે].

બધાં—આમીન! આમીન! આમીન!

અંક ત્રીજો—પ્રવેશ ચોથો.

ગુફા.

[અંદરના ભાગમાંથી ઉપર આસમાનનો દેખાવ દેખાય છે. વચમાં પથ્થરની ટેબલ તથા બેઠકો છે. ખીણમાંથી ગુફામાં ઉપર આવવાનો છુપો રસ્તો છે. એક પથ્થરના ચોસલાપર સપલ પોતાના સંતાપમાં બેઠેલો જણાય છે. ટેબલપર પીસ્તોલો તથા હથીયારો છે. ગુફામાં ચોરોનાં ઓજાર, સીક્કા બનાવવાનાં હથીયાર વગેરે નજરે પડે છે.]

ગાયન.

સપલ—આપ બાપ આજ આપ, તું મ્હને ઝનુંન આપ,
હાય કીનો ! કીનો ! ચીરૂં સીનો ! સીનો !.—આપ.
કપટ ત્યારે જશે, વેરી મહારા મરશે જાનથી,
ભુલું હાય ન કીનાનો છાપ—આપ.
વેરી જલો બલો ને આગ લાગો તન મહીં
જશે રીપુનું ખાનદાન, જમ તું આવી ખ્વાર કર,
ઠાર કર, જાર કર, મુદ્દઇ દુશમનો,
જગથી જાય પાપ.

[તરેહવાર ખીયાલોમાં સપલનું ચીત્ત કિનાથી ચકીત થાય છે.]

સપલ—(સ્વગત) આફતાબ વાદળાંઓની અંદર પોતાનું મ્હોડું છુપાવી બેઠોછ. આસમાન ખોફનાક બની પોતાના પાપી બંદાઓ ભણી જોતો જણાયછ. આજે આટલાં બધાં વાદળાં શા માટે ઘેરાયાં હશે? પણ સપલ જે આસમાન ત્હારી તરફ ગુસ્સાથી જોતું જણાયછ, તેજ બીજી તરફ પણ કાયમ છે. ત્યારે ત્હારા દુશમનો અને તને સરખુંજ ભયંકર છે. આજે આય બદમાશોની ટોળીમાં કંઇ વધુ ગડબડ જણાયછ, માટે હુશીઆરીથી તૈયાર રેહવું જોઇએ. (વિચારમા પડી ચોંકે છે) હા! એક બીના હવે મ્હને ઉગતા આફતાબ

મીસાલ પ્રકાશતી જણાયચ્છ જ્યારે આ ટોળી બદમાશોની બનેલી છે, રેહેઠાણુ અને હથીયારોપરથી ખુનીઓનો ભાસ આપે છે, ત્યારે જમશેદના ખુનમાં આ ખુનીઓનો હાથ કાંય નહિ હોય ? જો જમશેદના ખુન સાથે એઓનો સંબંધ નહિ હતે, તો તેનું ઘડીયાળ છેડો, વીટી વગેરે તેની કિંમતી ચીજો એમની પાસે કેમ આવતે ! તેમજ મ્હારૂં ચોરાયલું ઘડીયાળ તથા છેડો ફીરોજ પાસે કયાંથી આવ્યો? કંઇ સમઝ પડતી નથી (એકાએક હથીયારપર નજર પડી યાદ આવેછ) પેહેલાં આ હથીયારોપર કાબુ કરૂં કે પ્રસંગપર ગફલતમાં ન રહું.

[સપલ પિસ્તોલમાંથી દારૂ તથા ગોળી કાહાડી લઈ તેમાં કાગલના ડુચા ભરે છે, બે ભરેલી રિવોલવર પોતાની પાસે રાખે છે, ખખરાટ થવાથી સપલ અંજાણો થઇ બેસે છે. ડોસુ આવે છે, સપલ નોકર મીસાલ અંજાણો થઈ બેસે છે, ડોસુ આવે છે, સપલ નોકર મીસાલ ઉઠી ઉભો રહે છે.]

ડોસુ—(સ્વગત) કોઇ મળે નહિ, હવે આ મુગા બેહેરા સાથે કેમ માથુ ફોડવું? (ડોસુ ઇશારતથી બીજાઓ માટે પુછે છે, સપલ નાનો જવાબ આપે છે.) ત્યારે હું એકલો શું કરૂં? ઘુણું? (વિચારીને સ્વગત) આજે આય અમારી ટોળી માટે કંઇ બુરી આગાહી થાયછ, કંઇ બુરો અવસર દેખાયચ, (ગુફો જોઇ) ભલું થાય 'પાંડવો'નું, અમારા જેવાઓના કાળાં ધોળાં કરવા આ ગુફો ઠીક બનાવી ગયાછ.

[ગુફાની ખીણમાંની પગથી ઉપરથી ફીરોજ પરીનને બેહોશ હાલતમાં ઉઠાવીને લાવેછ, ડોસુ હેરત થાયછ, સપલ દીઘમુઢ બનેછ; પણ હિમતથી દિલ સખત રાખી શું બનેછ તે જોયછ.)

ડોસુ—ફીરોજ! પરીનને અંહી લાવ્યો ?

[ફીરોજ ડોસુને ચુપ રેહવા ઇશારો કરી પરીનને તપાસેછ.]

સપલ—(સ્વગત) યા ખુદા! એ હું શું જોઉંછ? હવે ખરેખર તું હમોપર રૂઠોછ, આસમાનપર ઘેરાયલાં વાદળાં અને આફતાબનું છુપાવું એ આ માઠા બનાવની આગાહી હતી.

ફીરોજ—ડોસુ, ત્હારી સલાહ પ્રમાણે હું હેના ઘરમાં ગયો, અને હડપુદ થઇ બહાર પડયો; પણ હેની બદબખ્તીના સબબે, એ મ્હારીપર કંઇ શક રાખી જાસુસ થઈ મહારી પાછળ આવી, મેં ચુપ ચાપ આવવા દીધી; અને જયારે એકાંત રસ્તા સુધી આવેલી જોઇ, કે ઝટ ગળું દાબી કલોરોફોર્મથી બેસુધ કરી ઉડાવી લાગ્યો, આજે વાદળ ઘેરાયુંછ પણ મહારો સેતારો તેજ છે.

સપલ—(સ્વગત) ખુદા! આ જુલ્મ તું જોઇને કેમ શાંકી શકેછ?

ડોસુ—ફીરોજ મહને તો હેમાં ઘણું ભયંકર પરિણામ નજરે આવેછ. આપણે જમશેદનું ખુન કરી હેના સપલપર બોહતાન મેળી સેવટે હેના સંસારનું પણ ખુન કિધુંછ, હવે વધુ જુલમ બુરો અંજામ લાવશે [પરીન હોશીયારીમાં આવવા માંગેચ.]

ફીરોજ—ચુપ! ચુપ! એ જાગેછ. [સ્મેલીંગ સોલ્ટ સુંધાડેછ] ડોસુ, હવે થોડો દુર થા. એ તુમાખી સાથે મહને મહારો હીસાબ ચુકવવો છે.

ડોસુ—(ચીરડાઇને) તેમ નહિ બનશે. મહારૂં અંતકરણ ના કેહેછ! મહારો ખુદા ના કેહેછ? તું આ **પાકજાદ પરીન**ની પાક દાનતપર નીરલજ હુમલો કદી કરી શકનાર નથી. હું તને ખાસ કરીને કહુંછ કે જો પરીનના બાલને સેહેજભી અલવલ આવીછ, તો હું તેનો બદલો લઇશ,

ફીરોજ—વારૂં વારૂં? હાલતો તું દુર થા, પછી સહુ થઇ રેહશે, ને પેલ મુગાને બાજુ રાખજે, નહિ તો એ અનાડી કંઇ ડોહરૂં ડોવશે.

[ડોસુ નાચારીથી દુર થાય છે. ફીરોજ ફરીથી શીશી સુંધાડી પરીનને હોશાયારીમાં લાવે છે. સપલ ડોસુને નર્મદીલ જોઇ તેના કાનમાં ટુંક ઇશારો બોલે છે. ડોસુ સપલને બોલતો જોઇ ઓળખી તાજુબ થઇ ચોંકીને બાજુએ ખેંચી જાયછ.]

સપલ—(અલગ) ભાઇ એ બાઇને બચાવ

ડોસુ—શું? તું બોલેછ?

સપલ—ચુપ! અંદર આવ! મારૂં સાંભળ.

[ગુફાના બીજા ભાગમાં જાય છે પરીન હુશીયાર થઇ ઉઠી બેસે છે.]

પરીન—હું કહાં છું ? ઓ કમનસીબી ! તું મ્હારી પુઠ છોડતી નથી ? (ફીરોજને જોઇ ભવાં ચડાવી) ફીરોજ ? બદશાશ ! બદગુફતાર !

ફીરોજ—વ્હાલી ત્હારો ગમગુસાર.

પરીન—(કમકમી) ઓ નીર્દય બે રહેમ, ત્હારી કાળી સુરત ના બતાવ.

ફીરોજ—મીઠી મોહીની. ખુદા ખાતર એટલી ના તરસાવ.

પરીન—ઓ દેવેનામ દેવ આ દુનિયાંને દોજખી બનાવવામાં તે કંઇ બાકી રાખ્યું નહિ હશે. ઘાતકી હેવાનમાં પણ દયા હોયછ, પણ તું દયાહીણ છે.

ફીરોજ—અજબ જેવું છે કે ફરેસ્તાઓબી ગુસ્સે થાયછ. જબાન નહિ વર્ણન કરી શકે, એવી ખુબસુરતીની દેવી મ્હને મ્હારો પ્યાર જાહેર કરવા દે.

પરીન—મગજ નહિ કલ્પી શકે હેવા બદમાશ ! પ્યાર કરવા પેહેલાં ત્હારી કંગાલ જીન્દગીનો ત્હારા હાથેજ અંત લાવી પોતાને મરવા દે.

ફીરોજ—આપઘાત કરવાથી તો હું ખુદાનો ગુનાહગાર થઇશ.

પરીન—અનેક જીવોને ખુવાર અને પાયમાલ કિધા પછી તહારા કંગાલ જીવપર કજા વાજબી કીનો લેશે, તો ખુદા આગળ તું એક ભલું કાંમ લઇ જશે.

ફીરોજ—તહારા ધણીને મેં કંઇ ખુવાર કીધો નથી.

પરીન—તેંજ, ઓ નાબકાર, તેંજ તેને બુરે રસ્તે ઉતારી તેને તારાજ ને પાયમાલ કીધો.

ફીરોજ—ત્યારે તેના માટે તે દુનિયા શું ભલી નથી ?

પરીન—તે બેહેસ્તનશીન થયોછ, જયાં તું કદીપણ પગ મુકી શકવાનો નથી.

ફીરોજ—ત્યારે તો તે મરહુમે મહારો ઉપકાર માનવો જોઇએ, કેમકે મેંજ તેને ખુવારીનો રસ્તો બતાવી ભગાવ્યો, નહસાડયો ને બેહેસ્તમાં મોકલ્યો

પરીન—તે તો બેહેસ્તનેજ લાયક હતો, પણ તહારે માટે તો દોજખ શિવાય બીજી કોઇ જગા છેજ નહિ.

ફીરોજ—(ડારીને) પરીન, જો તું મ્હારૂં કહ્યું નહિ માનશે, ને મ્હારા કહ્યાસર નહિ ચાલશે તો:—

પરીન—તો તું કુતરો શું કરશે ?

ફીરોજ—ત્હને આ ગુફાના ભોંયરામાં હેવી તો પુરી રાખીશ કે સુરજની રોશની પણ જીવતાં જીવત જોઇ શકશે નહિ.

પરીન—જા, જા, નીચ ! કોણને ડરાવેચ ? નેકોનો સાથી તે પરવરદેગાર છે.

ફીરોજ—(હસીને) ત્હારો ગુસ્સો, ત્હારી ખુબસુરતી ને વધુ દીપાવી રહ્યોછ.

પરીન—મ્હારી ખુબસુરતીનો આતશ, મ્હને જોર બક્ષી, ત્હારૂં ખુન કરવા ઉશકેરી રહ્યોછ [પરીન ઝનુનમાં આવી, ટેબલપરની છ બારની પીસ્તોલ ઉઠાવી, ફીરોજપર ફોડે છે, મગર ગોળી વગરનો બાર થવાથી નીરાસ થાય છે, ફીરોજ બચી હરખાય છે.]

ફીરોજ—દગલબાજ ! જોયું ત્હારા ખોદાએ મ્હને કેવો બચાવ્યો ?

પરીન—નહિ, તું બચ્યો નથી, તું એથી નબેહતર મોત માટે જીવતો રહ્યોછ, એમ જાણજે. [ફીરોજ એકદમ ધસી પીસ્તોલ ઝુટવી ઉડાવી દે છે.]

ફીરોજ—ફરેબી નાગન ! ગદલતમાં નાખી ડસતી હતી ? હવે જવાબ યા તો કીનો ! ! !

પરીન—(બેદરકારીથી) ઓ જેહેરી કાળા નાગ, હવે હું ત્હારા ફુંફારાથી ડરવાની નથી.

ફીરોજ—શેર આગળ હરણનું જોર કેટલું ? (દિલપર ધસી, જમણા હાથે તેના બને હાથ સાથે બાથમાં લઈ) કેમ ? નાચીજ પંખેરાં, હવે પાંખો કાતરૂં કે ? ઉડની ? હવે કેમ ને કયાં ઉડશે ?

પરીન—(આજેજ થઇને) ઓ ખુદા !

[પરીન ચીસ પાડે છે, ડોસુ તથા સપલ દોડી આવે છે. તેવામાં માકો બાનુને ઉપાડી લાવે છે, ફીરોજ પરીનને છોડે છે. પરીન તથા બાનુ મળે છે. સપલ દીગ્રમુઢ બની હટી જાયછે, ડોસુ ઝનુની થાય છે.]

પરીન—મારી દીકરી ! મારા બચ્ચાં !

બાનૂ—મમા, મહારાં મમાં !

પરીન—(પાસામાં દાબી) મહારાં કલેજાં, તું અહિં કેમ આવી !

[મા દીકરી ભેટીને રડે છે. ફીરોજ માકો મસલત કરે છે.]

ડોસુ—(સપલને અલગ) હવેતો આ જુલાકી દોરનો અંત આવવોજ જોઇએ.

સપલ—(ગુસ્સામાં) ધરતીને હવે શરમ નથી, આકાશી ફરેશ્તાઓની આંખોમાં રહમ નથી. અય આસમાનના સિતારા તમો કમકમો! ત્હમારી આંખો હજી બંધ થઇ નથી. ત્હમે તમારી ઝલકાટમંદ આંખોથી નિંદમાં સુતેલી આલમની નીગાહબાની કરોછ, તો આ મ્હારાં વાહલાંઓના મુદઇઓપર ત્હમારો કેહેરનો આતશ કેમ નથી વરસાવતા? [પરીન, બાનુને પાસામાં લઇ ધ્રુજતી કાંપતી સવાલ કરેછ.]

પરીન—(ફીરોજ માકાને) ઓ ઘાતકી વરૂઓ તહમે શું કરવા માગોછ? મહને દુઃખોથી ચીરી ફાંસીને મારી નાખી, મહારા ધણીને નાબુદ કીધો, સંસારનું સત્યાનાશ વાળયું, હવે આ મહારાં ગાય ગુલાબ બચ્ચાંને શું કરવા માંગોછ?

ફીરોજ—હવે ત્હારૂં જીગર, યાને આ ત્હારાં બચ્ચાંનું સર.

પરીન—(ધ્રુજી ચીરડાઇને) ઓ, ખુદા! આ ઇન્સાન છે, કે ત્હારો કેહેર બતાવવા કોઇ શયતાંનને મોકલ્યોછ? [રડેછ, બાનુ પતાવેછ.]

બાનુ—મમા, ના રડો, ત્હમે ધ્રુજોછ કાંય? (ફગગીને) ઓ! હમને કેઇ બચાવો?

માકા—પરીન, હજી તું આફતોથી ધરાઇ નથી? હજી તું હમોને ઓળખતી નથી.

ફીરોજ—નથી ઓળખતી ત્યારે તો એટલી શેખી કરેછ. જાણેછ, કે હમે કોણ છૈયે?

પરીન—શયતાનના ગુલામ, લાનતી દોજખના દરબાન.

ફીરોજ—તહારા સપલને ખુની તરીકે ઠોકી બેસાડનાર હમે છૈયે, હવે સમજી?

માકા—તે હીચકારો ખુન શું કરતો હતો? એતો (છાતી ઠોકી) બંદા જેવા બહાદુરોનું કામ છે.

સપલ—(સ્વગત) ખુદા, તહારો ઇન્સાફ સાફ છે, તું શરીફ ઉલ અશ્રાફ છે.

કૈસુ—ફીરોજ, હાવા જુલમથી શયતાનઓ કચવાશે, બસ કરો તહમારા નાતરસ હુમલા, બસ કરો.

માકા—(તરડાઇને) ચાલ ચાલ, દુર થા, નહિતો તાહરો બી જમશેદ જેવોજ હાલ થશે.

ડોસુ—સંભાળો ? પસતાશો ! જુલમની બી હદ હોયચ.

પરીન—એક મહારી નહિ તો આ મહારાં ગાય ગોલાબ બચ્ચાંની તો દયા કરો ?

બાનુ—મમા, એઓ મહને શું કરવાના છે ?

ફીરોજ—પરીન સમઝ ! નહિ સમઝશે તો તારી દીકરીને તારી નજર સામે રહેંસી નાખશું.

પરીન—(ધભરાઇને) નહિ. નહિ, ના સીતમ વરસાવો, આ બચ્ચું તેને (ટેબલ ઉપરથી છરી ઉઠાવી બતાવછે) આ હમારી ધારદાર છરીથી જબેહ કરશું.

પરીન—(બાનુને પાસામાં દાબી) ઓ નાતરસો, ખુદાઇ રાહને ભુલનારા શયતાનો દયા કરો, જરા તો દયા કરો.

ફીરોજ—એ હયા ! હવે દયાની મયા તને કેવી ધ્રુજાવેછ ? મારી મોહબ-તપર તેં કદિ દયા કિધીછ કે હવે હું તારી પર દયા કરૂં ?

પરીન—એ વ્હાલું બચ્ચું મારી જીન્દગીનું સુખ છે, આંખોનું નૂર છે મારૂ જીવતર છે, હેને ના સતાવો, ના ધ્રુજાવો.

બાનૂ—મમા તમે કાંય રડોછ ? (ફીરોજ ને માકાને) મહારા મૌતથી મારાં મમા સુખી થતાં હોય તો તે મૌત મહને વાહલું છે, મને મરવા ગમેછ.

પરીન—દીકરી તું તો મારી જીન્દગીનું સુખ છે, તહારા વગરની જીંદગી અધકારમય અને આંધળી છે.

ફીરોજ—વાતમાં, વખત જાયછ. મારી માગણી કબુલ કર, યા તારા ફુલ બચ્ચાંને ધુળમાં મળેલું જોઇ આંખોથી આંધળી થઇ રીબીને મર.

પરીન—(હિંમતથી સાવધ થઇ) ઓ દામનના દુશમનો, જીન્દગીના જેહેરી નાગો, હવે તમારા ડંખોની અસર મહારા તન પર નથી થવાની, તહમે મહને ધ્રુજાવી રીબાવી દુખીજ કરવા ચાહોછ તો પેહેલાં મારો ભોગ લઇ પછી મારાં બચ્ચાને જબે કરો (હિંમતથી નજદીક જઇ) લેવો હું હાજર છું, બચ્ચું પાસે છે; રેહેંસો, કસાઇઓ તહમારી કાતિલ છરીથી ગરીબ ગાયને અને હમને દુઃખથી છોડવો.

[બન્ને ગુઠણુ પર પડી હાથ આસમાન તરફ ઉઠાવી ખુદાની મદદ માગે છે.]

ફીરોજ—(દિલપર ધસી) છોડ તારા ખુદાની મેહેર, ને જો હમારો કેહેર.

[ફીરોજ બાનુને પરીનના પાસામાંથી છીનવી, માકાના હાથમાં આપે છે, બાનુ ચીસ પાડે છે, સપલ અને ડોસુ ધસી આવે છે. સપલ બન્ને બદમાશોપર પીસ્તોલ તાંકે છે.]

બાનૂ—(ચીસ પાડે છે) મમા ! મમા !

પરીન—(બેહોશ થતાં) મારા બચ્ચાં !

[પરીન બેહોશ થઇ ડોસુનાં હાથમાં પડે છે. બાનુ માકાના હાથમાંથી છટકીને સપલને વળગી પડે છે.]

સપલ—શયતાનો સાંભળો.

ફીરોજ—(હેબતીને) કોણ? મુગો ?

માકો—(ચોંકીને) બેહેરો ? જાસુસ ! અરે સપલ !

ફીરોજ—(ડોલા ફાડીને) પણ અસલ છે કે નકલ ?

સપલ—અસલ ! શયતાનો, બરાબર પીછાનો, જાનો ને ખુદાને માનો, અસલ સપલ હજી જીવતો જાગતો તમારી પુઠે છે. ખુદા પોતાના બદ બખ્ત બંદાને જોતો નથી એમ સમજી. નાચાર નીરાધારનો કરાર લુટી રહ્યા હતા નહિ ? પોતાના ખુની કરતુકોથી મ્હને ભમાવી, ભોલવી નહસાડી મ્હારૂં બાકી રહેલું સુખ અને આરામ પણ લુટવા ચાહતા હતા નહિ ? પણ ચંડાલો, ખુદાનો ઈન્સાફ સાફ છે. તેણેજ ત્હમારેજ હાથે ઇન્સાફ અપાવ્યોછ. હવે અહીંથી સેહજબી સસડિયાછ તો (પીસ્તોલ બતાવે છે) આ છ છ બારની પીસ્તોલની બેજ ગોળીઓ તમારા શયતાન્યતથી ભરેલાં કરપીણ બદનને ખાકમાં લેટાડી બન્નેને સદાની અશાંત ઉંઘમાં સુવાડશે (હવામાં એક બાર ફોડી) આ પીસ્તોલ ભરેલી છે, ને ટેબલપરની ખાલી છે. ભઇ ડોસુ પરીનને બેફામીમાંજ ઉઠાવી ચાલ, બાનુ માહરાં હાથમાં સલામત છે. (ફીરોજ, માકાને) જાલીમો જોઇ ખુદાની કરામત ?

[ફીરોજ ને માકો પીસ્તોલના બારથી સ્થંભ થઇ ઉભા રહે છે. ડોસુ પરીનને અને સપલ બાનુને બગલમાં ઉઠાવી, બીજે હાથે પીસ્તોલ તાકેલી રાખી, પાછલે પગે બાહાર જાયછ. ગમ- ભીર સંગીત વાગે છે.]

અંક તીજો—પ્રવેશ પાંચમો.

રસ્તો.

[માકો, તથા ફીરોજ ધભરાતા ચોંકતા દાખલ થાય છે.]

ફીરોજ—હવે તો કંઇ ધરપકડ થાય તે આગમજ એ ભુત થઇ આવેલાને ધરપકડથી સપડાવો જોઇએ, પછી બીજી વાત.

માકો—અરે યાર, હવે માંડી વાળ; ચોર થઇને ચોંચી કરવામાં સાર શું? મહારૂં માને તો મુંગા મુંગા વંજો માપી જઇએ; નહિ તો ઝીલઇ જઇશું, તો પાપ ફુટતાં બીજા પાપોનાબી ઘડા ફુટશે.

ફીરોજ—હવે આપણને ઘણી સાવચેતીથી કામ લેવું પડશે. આપણને શું ખબર કે ડોસુ આપણાથી સંધુ છુપાવી એ ભુતને મળી જશે? ને મુવેલો સપલ જીવતો જાગતો સામે થશે?

માકો—કારસ્તાન મુંજી ડોસુંના છે, એજ દગલબાજે તેને નોકરીએ રખાવી આપણા ભેદ જણાવ્યા, આપણને ફસાવ્યા.

ફીરોજ—એને તો એવી રીતે ઠેકાણે લાવવો જોઇએ, કે જીન્દગી સુધી દગલબાજી ભુલી જાય.

માકો—હુંજ એને ઠેકાણે લાવીશ. તું હવડાં કયાં જાયછ? કયાં મલશે?

ફીરોજ—તું વારંટની તજવીજ કર, ને હું તેને ઘેર જઈ તેને ડરાવી ધભરાવી પાછો નહસાડવાની તજવીજ કરૂંછ, પછી ડોસુ સાથનો હીસાબ ચુકવી લેશું.

[મેહેરવાનજી, ડોસુ, સુબેદાર તથા સીપાઇઓ બેડી સાથે ધીમે કદમે આવે છે, ફીરોજના છેલ્લા બોલો ડોસુ સાંભળી ફીરોજને ગરદનમાંથી પકડે છે. સીપાહી માકોને પકડે છે.]

ડોસુ—હીસાબ ચુકવજે, પણ હવડાં તહારાં કરતુકોનો ચુકાદો થવો જોઇએ.

[ફીરોજ તથા માકો સુબેદારને બેડી સાથે જોઇ હકકા બકકા થાય છે.]

મેરવાનજી—ફીરોજ, માકો, તહમારે પાપનો ઘડો છલોછલા ભરાઇને છલકાયોછ. જમશેદના ખુની તરીકે હાલમાં તહમો બન્નેને પકડવાનું વારંટ છે. માટે તાબે થાવો.

શુબેદાર—फोजदार साहेब, आपण पूर्वी हेंच काम करीत होते. हल्ली तेंच काम आम्हाला तुमच्यावर बजावण्याची परवानगी मिळाली आहे, तर शरणयाल?

ફીરોજ—ડોસુ, દગલબાજ હીચકારા ? આ બધાં ત્હારાં કરતુક છે; પણ બચ્ચા હમને ફસાવી તું શું છટકવાનો છે કે ?

માકો—ડોસુ, દગલબાજીની કારસાજીમાં હમણા તું જીત્યોછ; પણ બચ્ચા તું ત્હારા હમશરીકોના હાથથી છુટો નથી, એ ખુબ જાણજે.

ડોશુ—જમશેદના ખુનમાં મેં હાથ બોળ્યા નથી, કે પરીનની સતાવણીમાં મંજુરિયાત આપી નથી.

ફીરોજ—ચુપ દગલબાજ, તે બધું પુરવાર કરવાનું કામ હમારૂં છે.

માકો—ને જમશેદનું ખૂન કોણે કીધું, તે બતાવવાનું કામ હમારૂં છે.

ડોશુ—માકા જમશેદનો ખૂની તો તું છે.

ફીરોજ—પણ હમારો હમશરાક તો તું હતો ?

ડોશુ—સેવક કિંગ્સ એવીડન્સ થઇને છુટોછ, ને ત્હમારા પાપનો ઘડો ફુટો!

માકો—પાપનો ઘડો ફુટો, તો લેવ નસીબને કુટો ને જીન્દગીથી છુટો.

[માકો અચાનક પિસ્તોલ કાઢી ડોસુપર ફોડે છે. ડોસુ સાવચેત હોવાથી નેમ ચુકવે છે, તે ગોળી સામે ઉભેલા ફીરોજને લાગે છે, માકો ગભરાઇ નાહસી જાય છે.]

માકો—હાસરે મારા બાપ.

શુબેદાર—धरा! त्याला धरा.

ફીરોજ—અરે! ઓહ! હું મુવો!!! મારી પાપી જીન્દગીનો—અંત: —મારાજ—દોસ્તને હાથે! ઓહ! હું મરૂંછ! મરતાં-મારી ફર્જને-ભૂલું-તો ખુદા—તું-મ્હને-ભૂલજે!. સુબેદાર સાહેબ, જમશેદનો ખુની હું નથી-પણ—મારો—ખુની- માકોજ-તેનો ખુની છે! સપલ એ ગુન્હાછે ખુદા! ખુદા! તું માફ-માફ-કરજે.

[મરણ પામે છે. અંદરથી પિસ્તોલનો અવાજ આવે છે. મેહેરવાનજીનું ધ્યાન ત્યાં જવાથી તેઓ ગભરાય છે.]

મેરવાનજી—(સુબેદારને,)ત્યાં કંઇ વધુ ખરાબી થાયછ. કોઇનો જીવ જાયછે.

[પેહેલો સિપાહી દોડતો આવેછ.]

સિપાઇ—रावसाहेब, गुन्हेगार पळत पळत ठोकर लागुन पडतांच मि त्याला पकडला, परंतु त्याने आपण होऊन स्वतावरच गोळी घालून घेतली, अजून तो मेला नाहीं, चलावे, त्याला ईस्पितालांत घेऊन गेलें पाहिजे.

મેરવાનજી પાપી પાપથી ઘેરાઇ; પસ્તાઇ પોતાનાજ હાથે મુવો એ બેહેતર થયું !

શુબેદાર—आतां ह फारोज फोजदारचें प्रेत ज्यरी हाउस मध्यें पाठविलें पाहिजें. तेथेंच ह्यांची व्यवस्था होईल, सर्व गोष्टींचा पुरावा तेथें घेण्यांत येईल.

અંક ત્રીજો—પ્રવેશ છઠ્ઠો.

પરીનના મકાનનું દીવાનખાનું.

[પરીન ટેબલ પર માથું નાખી બેઠી છે. બાનુ માને પસવારે છે, આયા પવન નાખે છે.]

બાનૂ—મમા, તહમે મુગાં રહો, શુ આપણે હંમેશાં રડતાંજ રહીશું ?

પરીન—દીકરી, તું હેબતી ના જા, આપણુને છેલ્લા દમ સુધી ખુદા પર વિશ્વાસ રાખી જીવવાની જરૂર છે. (સ્વગત વમાસન કરેછે,) અરે ખુદા ! બે કલાકમાં શું શું વિતંબના વિત્યાં ? હું કહાં હતી ? ગુફામાં શું શુ ખમ્યું ? અને ફરી પાછી જયાંની ત્યાં ! જાણે એક સ્વપનો જોવા સમાન ગજબ ગુજારીયોછ

[બજો હાંફતો હાંફતો દોડતો આવી મા બેટીને જોઇ અચરત થાય છે.

બજો—બાઇ તમે આયવાં કે ? કહાં ગીયેલ્રાં ? કયારે આયવાં ? તહમે તો મ્હને દોડાવી હેબતાવી મારી લાઇબો. તમને ગુહહો લાયગો પણ હું કરૂં ? મને માપ કરો.

પરીન—બજાબા, બે કલાકમાં હમો મા દીકરીપર કેવી કેવી આફત વરસીછ ; તે તમને શું કહુ ? બજાબા ! તહમેબી હમારાથી બદલાયા છ.

બજો—થોડે દરજજે હુ ગુન્હેગાર છુઉં ખરો; પણ નાચાર, બોલી નહિ શકતો, માપ કરો.

પરીન —(ચિરડાઇ) ત્યારે શું તહમેજ પેલા ચંડાલોને હાથે મ્હને સપડાવી, મ્હારી ઇજજત લુટાવવા મદદ આપી હતી કે ?

બજો—(ઉશ્કેરાઇ) મેં મદદ કિધી ? મેં ઇજજત લુટાવી ? તમે એમ જુઠું બોલો તેથી મારા બદનમાં આગ બળે. હા, મેં તમારાથી એક વાત છુપાવેલી, પણ કસું બુરૂં કયરૂં નથી,

પરીન—બોલો આ રૂપ્યા પૈસા તહમે કયાંથી લાવોછ ? ઘરને લગતી હરેક સગવડ કયાંથી પુરી પાડોછ ?

બજો—(કાનપર હાથ મુકી) તે ના પુછો, હું નહીં કેહવાનો મેં પેહલાં-થીજ માપ માગેલી.

[સપલ આવી પરીનને કમરમાંથી પકડે છે, બીજી તરફથી બાનૂ આવી વળગે છે, પરીન હરખથી હેરત થાય છે બંનેની આંખો હર્ષનાં આંસુથી ભરાય છે.]

સપલ—મહારા ફરેસ્તા ! મહારા કરાર ! [ગલે લગાડે છે.]

પરીન—કોણ મહારા સપલ ? હૈયાના હાર ? [ફરી ફરી ભેટે છે

[મેરવાનજી, ફરામ, નવલ, ડોસુ, જહાંગીર, નાજાં, પીરા ખુરશેદ સરવે મુબારકબાદી આપવા આવેછે, સપલ પરીન તેમનો આભાર માને છે. મેરવાનજી સરવે તરફથી મુબારકબાદી દુઅછે છે.]

મેરવાનજી—મી૦ સપલશાહ, તમને, ત્હમારાં નેક બાનુ અને બચ્ચાં સાથે હરખથી મળેલાં જોઇ હમે સરવે અંત:કરણથી અત્રે વગર પરવાનગીએ મુબારકબાદી આપવા આવ્યાંછ.

સર્વે—સદા સુખી રહો ને ઘણું સુખ જુવો.

પરીન, સપલ બાનૂ }તહમો સરવેની મેહેરબાની.

સપલ—મેરવાનજી શેઠ, પેલા ચંડાલોનું શું કીધું. ?

મેરવાનજી—તેમનો ઇન્સાફ ખુદ ખુદાના ગયબી ફટકાથી થઇ ચુકો !

ડોશુ—અને શીરીંજે મરતાં મરતાં જમશેદનું ખુન કોણે કીધું તે પોલીસનાં હજુરમાં જાહેર કીધું.

સપલ—મી૦ મેહેરવાનજી અને ડોસાભાઇ, હું મ્હારી સંતોષભરી સારી હાલત માટે તથા આજની ત્હમારી તસદી મેહેરબાની માટે ત્હમો બન્નેનો અંતઃકરણથી સદાનો આભારી થયોછ. આજની ખુશીમાં મ્હારી ત્રાન્સવૉલની કમાઇમાંથી હું સવા લાખ રૂપ્યા "ગરીબ જરથોસ્તીઓ માટે ચેહેલી બંધાવાનાં ફંડમાં" ભરવાની ખુશી જાહેર કરૂંછ.

મેરવાનજી—જગમાં જે છે આશિશ રૂડાં, તમને ફળજો.

બધાં—આમીન !

સમાપ્ત.